विक्रमोर्वशीय नाटक.

के. ह. ध्रुव, बी. ए.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૪	૫	નિશ્વાસ	નિઃશ્વાસ
૪૪	૧૬	સુખ	મુખ
૭૩	૫	રતિરગે	રતિરંગે
૮૨	૧	હીરાગરના	હીરાગર
		(શબ્દસંગ્રહ.)	
૧૭	૧૪	પ્રેમના ફગો	પ્રેમનો ફણગો
૨૦	૧૮	શતગુ	શતગુણ

ઉપરાંત પૃ. ૧૧૯ પં. ૧ અને પૃ. ૧૩૦ પં. ૫ ના આરંભે (રાજા) એમ વાંચવું અને શબ્દસંગ્રહ પૃ. ૨૪ પં. ૯ ના આરંભે હારી એમ ઉમેરવું.

વિક્રમોર્વશીય નાટક

કિંવા

પરાક્રમની પ્રસાદી.

મહાકવિ કાલિદાસના સંસ્કૃત મૂળ ઉપરથી

રચી પ્રસિદ્ધ કરનાર

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, બી. એ.,

અમદાવાદ.

આવૃત્તિ ૨, પ્રત ૫૦૦.

વિ.સં. ૧૯૬૮. ઇ.સ. ૧૯૧૨.

મૂલ્ય રૂ. ॥

છાપનાર

પટેલ મોતીલાલ કાળીદાસ,

શ્રી સત્યનારાયણ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદ.

સંબંધનો સ્વીકાર.

અનાથવત અળગું રાખેલું આ બાળક આજે એના ન્હાનકડા કુટુંબમાં ભળે છે. શા માટે એને પાંચ વર્ષ અજ્ઞાતચર્યામાં ગાળવાં પડ્યાં, તેનો ભેદ એને પાંખમાં લેનારે સારી રીતે જાળવ્યો છે; ને તે ખાતર હું તેમનો આભારી છું. એ ભેદ ખુલ્લો કરવાનો અવધિ હજી આવ્યો નથી, તેથી હું મૌન જ રહું તો વાંચનાર ક્ષમા કરશે.

આજકાલ મોટાઓ પણ ટોપી પહેરી ફરવાનું પસંદ કરે છે, તેથી હું પણ આ પાંચ વરસના બાળકને પાઘડી પહેરાવતો નથી. એને અત્યાર સુધી ઘરનાં લૂગડાંની બાધા રાખી ઉઘાડું પુઘાડું ફેરવ્યું છે, તેથી શરીર ઉપર કપડાં ખડકી એને ગૂંગળાવી નાખવાનું પણ હું વાજબી ધારતો નથી. એની ભભકી નીકળતી સુંદરતા જ મોહ ઉપજાવનારી છે, તેથી હું એને શણગારે સજાવતો નથી. એના પ્રસંગમાં આવનાર જોશે, કે એની વાણી તોતડી મટી એમાં મીઠાશ આવી છે; એના ઉદ્ગારમાં નવાં પ્રતિભાનાં કિરણો ઝળકે છે; એનું અંગ કુદરતની નજર ઠરે એવું ખીલ્યું છે; અને એની રગેરગમાં અજબ ચૈતન્ય ઊભરાયું છે. એ પહેલવહેલાં ઉમ્મર ઓળંગતાં પણ ઠોકર ખાઈ અખડાઈ પડ્યાનું જાણવામાં નથી; અને હવે તો ઠોકરનો સંભવ જ ઓછો છે. અચરા તો આટલેથી અટકું. નથી ને કોઇ કહે, કે सर्वं आत्मीयं कान्तं पश्यति ।

ખુલાસાના બે બોલ.

મહાકવિ કાલિદાસના નામથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. એ આશરે બે હજાર વરસ ઉપર માળવામાં થયો, એમ સાધારણ રીતે માનવું છે. પશ્ચિમના ઘણાક અને પૂર્વના કેટલાક વિદ્વાનો એને બસેં ચારસેં વરસે અર્વાચીન ઠરાવે છે. આની ચર્ચા આગળ ઉપર મુલતવી રાખી એટલું જ જણાવવા રજા લેઉં છું, કે એની સંસ્કૃત પ્રાકૃત ભાષાની બારીક તપાસ ઉપરથી, એનાં નાટકોના બંધારણ ઉપરથી, એનાં કાવ્ય નાટકમાં વાપરેલા છંદો ઉપરથી અને બીજી કેટલીક મળી આવતી માહીતી ઉપરથી લોકમતને પુષ્ટિ મળે છે; અને **बुद्धचारित**ના કર્તા અશ્વઘોષની પૂર્વે પણ **स्वप्नवासवदत्त**ના કર્તા ભાસની પછી એટલે ઈ. સ. પૂર્વે પહેલા સૈકામાં કાલિદાસ થયો એવું કહી શકાય છે.

બે હઝાર વરસના અંતરે કવિ થયો હોવાથી **विक्रमोर्वशीय** જેવા ન્હાના નાટકમાં પણ સો એક સ્થળે પાઠ ભ્રષ્ટ થયેલા જોવામાં આવે છે. એ પાઠ કાળજી અને ઝીણવટથી શોધી લેઈ મૂળનું ભાષાંતર આપ્યું છે અને

કલ્પિત પાઠનાં સ્થાન ફુદડીની નિશાનીથી બતાવ્યાં છે. સંસ્કૃત મૂળ ઇંગ્રેજી ટિપ્પણ સાથે છપાવવા વિચાર છે. તે જો અમલમાં મૂકાશે, તો એમાં જૂનાનવા પાઠની સંક્ષિપ્ત નોંધ લેવામાં આવશે.

विक्रमोर्वशीयના ચોથા અંકમાં આશરે આઠસેં નવસેં વરસ ઉપર ક્ષેપક ભાગ ભેળવેલો જણાય છે. તે પૂર્વ તરફની અપભ્રંશ ભાષામાં છે. એ ભાગ નાટ્યકળાના ઇતિહાસમાં મહત્ત્વનો છે. આ કારણથી ચોથો અંક એ ભાગના સમુદ્ધાર સાથે ફરીને પૂરવણીમાં છાપ્યો છે.

પુસ્તકને છેડે શબ્દસંગ્રહ આપ્યો છે, તેમાં સામાન્ય વાંચનારને જાણીતા શબ્દોના અર્થો પણ સમાવ્યા છે, જેને લીધે તેનું કદ વધી ગયું છે. પરંતુ અહીં જણાવવું જોઇએ કે આ આવૃત્તિ વડોદરાની શ્રીસયાજીરાવ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓના ઉપયોગ માટે તૈયાર કરી છે; એટલે આપેલો સંગ્રહ પણ ઇંગ્રેજી છઠ્ઠા સાતમા ધોરણના જુદી જુદી કોમના વિદ્યાર્થીને માટે જાણી બુઝીને વિસ્તારવાળો રાખ્યો છે.

ગરવી ગુર્જરી વાડીમાં
પૂંખેલી રૂંખ અગાડી આ,
તે ડાળે ડાળે ડાંખળીએ
પાને પાને કૂંપળીએ
પાંખે પાંખે નસે નસે
સજીવન અણુ અણુએ વિકસે;
ને ધીરું ધીરું કે ધસમસતું,
ઝાંખુંપાંખું કે ઝગઝગતું,
જેવું ને તેવું જ વહે રસઝરણું રમતું,
ગરવું ગાન ગુંજી રંજવતું;
વળી આ ધજ ધરણી
વિદ્યાધરની
જીવન નવું અર્પી સંજીવની
ખુબી અનેરી ખીલવે ઘણી.

આ જૂના પણ નવાસવા
રોપરૂખ પર વાયુ વાઈ હવાસવા
એ કંઈ કાળે
ફૂલે ફાલે
ભાવભરી ભરપૂર સંભાળે;
ને વૃંદાવનના પ્રસિદ્ધ વનમાળીએ
મંથનના નવનીતરૂપ તરુ ભાળીને
પારિજાત સુરવનથી આણીને
પમરાવી કાંચનપુરી,
ત્યમ આ વિદ્યારણ્યતણા વનમાળીની
રુચિર રસશાલિની
કુસુમ ગિર્વાણની
મોરી મોરી મંજરી નૂતન
બહલાવી બહલાવી મધુકણ
ફોરી ફોરી ફૂલનો પરાગ ઘન
મચવો અવ નવી મોહની !

પાત્ર.

પુરૂરવા	પ્રતિષ્ઠાનનો રાજા.
માણવક	તેનો ખાસ મિત્ર.
કાશીરાજપુત્રી	પુરૂરવાની રાણી.
નિપુણિકા	તેની વિશ્વાસુ દાસી.
ઉર્વશી	પુરૂરવામાં આસક્ત થનારી અપ્સરા.
ચિત્રલેખા	તેની પ્રિયસખી, એક અપ્સરા.
રંભા સહજન્યા મેનકા	બીજી અપ્સરાઓ, ઉર્વશીની અને ચિત્રલેખાની સખીઓ.
આયુ	પુરૂરવા અને ઉર્વશીનો પુત્ર.
ચિત્રરથ	ગંધર્વોનો રાજા.
નારદ	પ્રસિદ્ધ દેવમુનિ.
ગાલવ પૈલ	સ્વર્ગના નાટયાચાર્ય ભરત મુનિના શિષ્ય.
સત્યવતી	ચ્યવન મુનિના આશ્રમની તાપસી.

ઉપરાંત સૂત્રધાર, પારિપાર્શ્વિક, કંચુકી, વૈતાલિક, સારથિ, કિરાત–યવની આદિ રાજસેવક વગેરે.

સ્થળ.

અંક ૧માં હેમકૂટ, અંક ૨–૩માં પ્રતિષ્ઠાન, અંક ૪માં ગંધમાદન વન અને અંક ૫મ પ્રતિષ્ઠાન.

વિક્રમોર્વશીયં નાટક.

પ્રસ્તાવના.

(*સૂત્રધાર પ્રવેશ કરી)

[શાર્દૂલવિક્રીડિત.]

વિશ્વે વ્યાપક એક પુરુષ કરી વેદાંત જેને ભણે;
સંજ્ઞા ઈશ્વરની જથારથ ઘટે જેને જ, ના અન્યને;
રોધી પ્રાણ મુમુક્ષુ અંતર વિશે શોધે વળી જેહને;
શંભુ ભાવની ભક્તિએ સુલભ તે શંભુ જ હો સર્વને. ૧

(પડદા ભણી મુખથી) અરે વડા નટ!

(પારિપાર્શ્વિક પ્રવેશ કરી) જી, આવ્યો.

(સૂત્ર૦) સભાજનોને મેં પૂર્વે કવિઓના ખેલ પુષ્કળ ભજવી

---

૧. જેમાં ઉર્વશી પરાક્રમને લીધે પુરૂરવા પ્રતિ આકર્ષાઈ પરાક્રમના બદલારૂપે ઇંદ્રે પુત્રનું સુખ જોતાં સુધી પુરૂરવાને અપાઈ અને ભવિષ્યમાં પરાક્રમના લોભે જીવન પર્યંત સમર્પાઈ વર્ણવેલી છે તે.

બતાવ્યા છે. તે હું આજ એમના આગળ વિક્રમોર્વશીય નામે નવીન નાટક ભજવવા માગું છું. માટે સૌ ખેલાડીને કહો કે તે તે પાઠ્યમાં સાવધાન રહે. એટલું કામ કરો.

(પારિ૦) જી, તૈયાર. (જાય છે.)

(સૂત્ર૦)—હું પણ આ માંનવંત સભાજનોને વિનંતી કરું છું કે

[ગાથા.]

મ્હેરથી અરજ ઉપર મુજ, અથવા તો રસની લ્હેની લ્હેરજથી
કૃતિ કાલિદાસકેરી ધ્યાને ધરિયે જી ધીરજથી. ૨

(*પડદા પાછળ ચીસ સંભળાય છે.)

(સૂત્ર૦ ધ્યાન દેઈ) અરે! આ હું વિનંતી કરું છું ને એકાએક ટળવળતી ટીટોડીઓના સરખી કારમી ચીસ આકાશમાં શી? (વિચાર કરી) હાં, હાં, સમજ્યો.

[વસંતતિલકા.]

નારાયણે સરજી ઊરુથી ઉર્વશી જે,
આરાધી આજ અલકેશ વળી હતી તે;
એને બળે હરી જતાં વચમાં સુરારિ,
આ અપ્સરા ટળવળે કરી ચીચિયારી. ૩

(જાય છે.)

અંક ૧.

(આકાશમાર્ગે અપ્સરાઓ પ્રવેશ કરે છે.)

(અપ્સ૦) ધાઓ, રે કોઇ ધાઓ! જેને દેવ વ્હાલા હોય ને જેની આકાશમાં ગતિ હોય, તે અમારી વ્હારે ધાઓ!

(એત્રે સારથિ સહિત રથમાં બેઠેલો રાજા પુરૂરવા પ્રવેશ કરે છે.)

(રાજા) આક્રંદ માં કરો અને મને કહો કે કોના સામે વ્હારે ચડવાનું છે? હું પુરૂરવા છું ને સૂર્ય ભગવાનની વંદના કરી પાછો વળું છું.

(રંભા) વ્હેકી ગયેલા અસુરો સામે.

(રાજા) વ્હેકી ગયેલા અસુરોએ તમારા ઉપર શો જુલમ ગુજાર્યો છે?

(મેનકા) સાંભળિયે, મહારાજ! ઉગ્ર તપથી વ્હીતા રહેતા મહાન ઇંદ્રનું જે સુકુમાર અસ્ત્ર કહેવાય છે, રૂપના ગર્વે મત્ત લક્ષ્મીનું માન ઊતારનાર મૂર્તિ મનાય છે અને સ્વર્ગનો શણગાર ગણાય છે, તે ઉર્વશી તથા અમે બીજી અપ્સરાઓ કુબેર ભગવાનના ભવનથી પાછાં વળી આવતાં હતાં. તેવામાં એકાએક ક્યાંથી એ હિરંણ્યપુરનો વાસી

કેશિ દાનવ ચડી આવ્યો ને અમારી વ્હાલી સખી ઉર્વશીને ચિત્રલેખા સાથે અધવચથી ઊપાડી ચાલતો થયો.

(રાજા) જાણો છો કઈ દિશામાં એ દુષ્ટ ગયો તે?

(સહજન્યા) ઈશાન દિશામાં.

(રાજા) તો—તમે સંતાપ છાંડો—તમારી સખીને છોડાવી લાવવા હું આ ચાલ્યો.

(રંભા) ચંદ્ર ભગવાનના પૌત્રે[1] સંતાપ હરવો યુક્ત જ છે.

(રાજા) —પણ તમે મારી વાટ ક્યાં જોશો?

(અપ્સ૦) પેલા હેમકૂટના શિખરે.

(રાજા) સારથિ! ઈશાન દિશામાં ઘોડા મારી મૂકો.

(સાર૦) આજ્ઞા, આયુષ્માન!

(રાજા રથ પૂરપાટ જતો જોઈ) શાબાશ, શાબાશ! આ વેગે તો ગરુડ આગળ ગયો હોય તે પણ પકડી પડાય, તો પછી એ મહાન ઇંદ્રના અપરાધીના શા હીસાબ?

[શાર્દૂલવિક્રીડિત.]

આ જુઓ ઘનવૃંદ રેણુ સમ ઓ ઊડે વટાઈ જઈ!
આરા ઓર જ ચક્રના ભ્રમણથી વર્તાય આરા મહીં!

૧. ચંદ્રનો પુત્ર બુધ ને બુધનો પુરૂરવા.

ચિત્રે ચિત્રિતતુલ્ય લાંબી ચમરી છે અશ્વશીર્ષે સહી !
દંડાગ્રે અણી સૂધી સીધી જ ધજા વેગાનિલે છે રહી ! ૪

(સારથિ સહિત રાજા રથમાં રવાને થઈ જાય છે.)

(રંભા) સખીઓ ! ચાલો, આપણે નીમેલ સ્થાને જઈને બેસિયે.

(*સહ૦ ને મેન૦) હા, ચાલો.

(સર્વે હેમકૂટના શિખરે જઈને બેસે છે.)

(રંભા) સખીઓ ! એ રાજર્ષિ આપણા હૃદયનું શલ્ય હરશે ખરા ?

(મેન૦) સખી ! એ વાતનો તું લગારે સંશય રાખીશ નહિ. જંગ જાગે છે ત્યારે મહેંદ્ર પોતે વિજયનાં વાજાં વજડાવવા મધ્યમલોકથી સનમાન સાથે તેડાવી એમને જ સેનાપતિ નીમે છે.

(રંભા) પ્રભુ કરે ને આ ટાણે પણ એમનો સંપૂર્ણ વિજય થાય !

(સહ૦ એક ક્ષણ રહીને) હઇયું હાથ રાખ, બહેન ! જો, પણે આકાશમાં હરણની ધજા ફરકે, ને આ દેખાય એ રાજર્ષિનો સોમદત્ત રથ. કાર્ય કર્યા વિના એ પાછા ફરે નહિ.

(એમ ચિત્રલેખાએ ટકવેલી મૂર્છિત ઉર્વશીને લેઈને સારથિ સહિત રાજા રથમાં પ્રવેશ કરે છે.)

(ચિત્ર૦) સ્વસ્થ થા, બહેન, સ્વસ્થ થા.

(રાજા) સુંદરી !

[વંશસ્થ.]

ટળી ગઈ ભીતિ ભૂંડી સુરારિની,
તપે ત્રિલોકે પ્રભુતાઈ વજ્રીની;
નિશા શમંતાં, નલિની શી ભીરૂ હે,
વિશાળ નેત્રાંબુજ આ વિકાસિયે. ૫

(*ચિત્ર૦) અરે ! હજી પણ મૂર્છા વળતી નથી ! માત્ર શ્વાસોચ્છ્વાસથી સખી જીવતી છે એટલું એ જણાય છે.

(રાજા) એનાં મનમાં ભારે ચમક પેસી ગઈ છે. જુઓ ને,

[ગાથા.]

સુમન સમા મહિલાના કૂંમળા ઉરનો પ્રકંપ હજી હજી એ
કુચ બીચ હરિચંદનનાં કુસુમો ઊપસ્યા કરી સૂચવે[1]. ૬

૧. વાંચનાર ધ્યાનમાં લેશે, કે વર્ણરચના પોતે જ પ્રકંપના ધડકાવાળી છે.

(ચિત્ર૦) બહેન! હોશિયારી રાખ. આ તો તું અમરલોકની અપ્સરા મટીને મર્ત્યલોકની સ્ત્રી સરખી જણાય છે!

(ઉર્વશી શુદ્ધિમાં આવે છે.)

(રાજા) આવી—આવી—સખી શુદ્ધિમાં આવી. અહો! જુઓ, જુઓ.

[મંદાક્રાંતા.]

ઊગ્યે ઇંદુ તિમિર શમતાં રાત્રિ જેવી ઊજાસે,
અગ્નિજ્યોતી ધૂંમ વિરમતાં જેવી નેશી પ્રકાશે,
મિટ્ટી તૂટ્યા તટની ટળતાં જેવી ગંગા વિરાજે,
તેવી, મૂર્છા સબળ વળતાં, સુંદરી રૂડી રાજે! ૭

(ચિત્ર૦) બહેન! બહેન! સ્વસ્થ થા. દેવના દુશ્મન મુઆ દાનવોને મ્હાત કરી દીધા છે.

(ઉર્વ૦ શુદ્ધિમાં આવી) શું પ્રભાવથી દુર્દશા જાણી લેઈ મહેંદ્રે મારી વ્હાર કરી?

(ચિત્ર૦) મહેંદ્રે નહિ, મહેંદ્ર જેવા પ્રતાપી આ રાજેંદ્રે.

(ઉર્વ૦ આંખ ઊંચી કરી રાજાને જોઈ સ્વગત) અહા! ભૂંડા દાનવે ભલું કર્યું!

(*રાજા ઉર્વશીને પોતાની સાહજિક સ્થિતિમાં જોઈ સ્વગત) અહા,

મહર્ષિ નારાયણને છળવા આવેલી સૌ અપ્સરાઓ તેમણે ઊરુમાંથી ઉત્પન્ન કરેલી આ સુંદરીને જોઈ લજવાઈ ગઈ, તે ઘટે જ છે. પણ મારું મન તો એમ કહે છે કે એ તપસ્વીની સૃષ્ટિ જ ન હોય.

[શાર્દૂલવિક્રીડિત.]

એનો સર્જનહાર તો, લહું, હશે રૂપે રૂડો ચંદ્રમા,
કે પુષ્પો પ્રસવંત મ.સ, રસિયો શૃંગારનો કામ વા.
સર્જે શી વિધ અન્યથા વિષયથી નિર્મુખ ને વેદના
અભ્યાસે જડ[1] એ પુરાણ મુનિ આ મૂર્તિ મહા મોહના ? ૮

(ઉર્વ૦) અરે આપણી વ્હાલી સખીઓની શી દશા થઈ હશે?
(ચિત્ર૦) વ્હાર કરનાર મહારાજને ખબર.
(*રાજા) ભારે દોહલી જ.

[વંશસ્થ.]

તું એક વારે, અલબેલી, જેહને
ચડે અકસ્માત અમોઘ લોચને

૧. વેદના અભ્યાસે જડ=વેદના રટનમાં એકાગ્ર અનન્ય ચિત્તને લીધે બીજું કશું ન પ્રીછતા.

અશાંત તારા વિણુ તે ય હોય જો,
શીં વાત એ નેહભીની સખીની તો ? ૯

(*ઉર્વ૦ સ્વગત) અહા ! એમના બોલ કેવા મીઠા છે ! અથવા ચંદ્ર તે અમ્રત જ વર્ષે, એમાં શું આશ્ચર્ય? (પ્રગટ)–મારું હ્રદયું તેમને જોવાને અધીરું બની રહ્યું છે.

(*રાજા લાંબે હાથે બતાવતો)

[ગાથા.]

જો, જો, સખીઓ મુખ તત્ર આ શિખરે હેમકૂટના હરખે
ગ્રહણથકી મૂકાઈ ઝગહળતા ચંદ્ર શું નિરખે. ૧૦

(*ચિત્ર૦) જુઓ આ પેલાં દુઃખે દુઃખી ને સુખે સુખી સખીજન.

(રંભા હર્ષ દર્શાવતી) અહા ! આ આવે રાજર્ષિ ઉર્વશી અને ચિત્રલેખાને લેઈને. વિશાખાના સમાગમમાં ચંદ્ર ભગવાનના જેવા શોભે છે એ[1].

(મેન૦ ધારીને જોઈ) આપણું બેવડું પ્રિય થયું આ, સખી એ મળી અને મહારાજે અખોવન આવ્યા !

૧. કૃશ અંગવાળી ઉર્વશી ને ચિત્રલેખાનો વિશાખાની બે ચાંદરણી સાથે મુકાબલો છે અને રાજાનો ચંદ્ર સાથે.

(સહ૦) તારું કહેવું ખરું છે, બહેન! દાનવોને જીતવા તે તો બહુ વસમી વાત છે.

(રાજા) સારથિ! રથને નીચો વાળો. આ આવ્યું તે પર્વતનું શિખર.

(સાર૦) આજ્ઞા, આયુષ્માન! (રથ હેઠો ઊતારે છે.)

(રાજા પત્થર સાથે પૈડાના અથડાટથી હેલો લાગતાં) અહાહા! આ ડુંગરાઉ ઢાળાનું કોઈ અપૂર્વ ફળ મને મળ્યું! શાથી જે

[ગાથા.]

મમ આ સ્કંધ ફરકતો રાગાંકુરરૂપ[1] રોમ પાંગરતો
મહીંમાં રથ અથડાતાં લલનાના સ્કંધ શું અડક્યો[2]. ૧૧

(ઉર્વ૦ સંકોચાતી) બહેન! જરા ખસ તો.

(ચિત્ર૦) માગ નથી, બહેન, લાચાર છું.

૧. પ્રેમના અંકુર રૂપ. રોમાંચને અહીં 'પ્રેમના અંકુર ફુટવા' કહેલ છે. ૨. આ ગાથામાં આકાશમાર્ગની સુગમતા, ગિરિભૂમિની વિષમતા, રોમનો તરવરાટ, રથનો અથડાટ અને સ્કંધનું ક્ષણિક દબાણ વર્ણરચનાથી અનુક્રમે સૂચિત છે.

(રંભા) આવો, સખીઓ, આપણે રાજર્ષિને વધાવિયે.

(સર્વે સામી જાય છે.)

(રાજા) સારથિ! રથ રાખો, એટલે

[અનુષ્ટુભ.]

મધુલક્ષ્મી લતાઓને ભેટે, તે વિધ સુંદરી
અધીરી સખીઓને આ તન્વંગી મળે ફરી. ૧૨

(અપ્સ૦) મુબારક, મુબારક કે મહારાજ વિજય કરીને આવ્યા!

(રાજા)—અને તમે આ સખીઓને મળ્યાં!

(*ઉર્વ૦ ચિત્રના હાથના ટેકે રથમાંથી ઉતરતાં) બહેનો, આવો, આવો. મને આશા ન હતી કે હું તમને ફરીને જોઇશ.

(સર્વે એકબીજાને ભેટે છે.)

(રંભા) મહારાજનું રાજ્ય કલ્પના કલ્પ અચળ રહો!

(*સાર૦) આયુષ્માન! પૂર્વ દિશાની ધારમાં મહાન વેગે

[અનુષ્ટુભ.]

ઓ સોનાનાં કડાંવાળો નભથી નગના શિરે
વિદ્યુતે ઓપતા અભ્ર જેવો આ કોઇ ઉતરે! ૧૩

(અપ્સ૦) અહો ! ચિત્રરથ.

(**ચિત્રરથ** એકાએક પ્રવેશ કરી રાજા પ્રતિ) ધન્ય છે આ મહાન વિક્રમને, કે જેનાથી મહાન ઇંદ્ર પણ આભારના ભાર તળે દબાય છે!

(રાજા) અહો ગંધર્વરાજ ચિત્રરથ! (રથથી ઉતરતો) આવો, આવો, મારા વ્હાલા મિત્ર!

(પરસ્પર હાથ મેળવે છે.)

(*ચિત્રરથ) પ્રિયમિત્ર! ઉર્વશીને કેશિ દાનવ હરી ગયાનું નારદે જણાવ્યા ઉપરથી એને છોડાવી લાવવાની મહેંદ્રની આજ્ઞા અનુસાર નિકળતાં માર્ગમાં તમારા વિજયનાં ગાન કિંનર ચારણોને મુખે સાંભળી અમે અહીં તમારી પાસે આવ્યા છિયે. અમારી સાથે ઉચિત છે કે મિત્ર પોતે ઉર્વશીને લેઈ મહેંદ્ર હઝૂર પધારિયે. તમે મઘવાનું ખરેખર ભારે પ્રિય કર્યું છે.

[અનુષ્ટુભ.]

પૂર્વે નારાયણે અર્પી, સમર્પી ફરી આજ એ
પડાવી દૈત્ય પાસેથી સખાએ સુરરાજને. ૧૪

(રાજા) એમ નહિ, મિત્ર, એમ માં બોલો.

[માલ્યભારિણી.]

પ્રભુ વજ્રી-જ-નો પ્રતાપ તે છે,
અસુરોને સુરપક્ષના જીતે જે;
હરિનો પ્રતિશબ્દ ગહ્વરે જે
ગજનાં જૂથ જુઓ ભગાડી દે છે. ૧૫

(**ચિત્રરથ**) આપને એમ જ કહેવું ઘટે. વિનય વિક્રમનું ભૂષણ છે.

(**રાજા**) મહેંદ્રને મળવાનો આ સમય નથી. તમે જ, મિત્ર, સુંદરીને પ્રભુની હઝૂરમાં લેઈ જશો.

(**ચિત્રરથ**) અસ્તુ, મિત્ર તેમ યોગ્ય ધારતા હો, તો તેમ. ચાલો, સુંદરીઓ !

(**ઉર્વ૦** અલગ) બ્હેન ચિત્રલેખા ! ઉપકાર કરનાર રાજર્ષિની મારી વતી તું રજા માગ. મારી જીભ ઉપડતી નથી.

(****ચિત્ર૦**) સખી ઉર્વશી મહારાજને વિનંતી કરે છે, કે રજા હોય તો હું મહારાજની કીર્તિ મહેંદ્રલોક લેઈ જવા માગું છું.

(**રાજા**) સિધાવો, સિધાવો. વળી કોઇ વાર દર્શન દેજો.

(**ચિત્રરથ અને સર્વે અપ્સરાઓ આકાશમાર્ગે ચાલવા માંડે છે.**)

(ઉર્વ૦ જતાં અચકી પડી) અરે આ મારી વૈજયંતી માળા વેલની ડાળીમાં ભરાઈ! બહેન ચિત્રલેખા! છોડાવ તો.

(ચિત્ર૦-છેડો મલકાવતી) બહેન! સજડ ગાંઠ પડી છે. મુશ્કેલીથી છોડાવાય એમ લાગે છે.

(ચિત્ર૦ છોડવે છે. સખીઓ સાથે નિશ્વાસ મૂકતી ઉર્વ૦ ચિત્રરથ પૂંઠે વિદાય થાય છે.)

(રાજા સ્વગત) અહો પૃથ્વી પરની વેલી!

[માલ્યભારિણી]

કર્યું તેં પ્રિય સ્વર્ગસુંદરીને
અટકાવી ક્ષણ વિઘ્ન આચરીને!
અરધું મુખ પાછું વાળી મીઠી
તિરછી મીટથી જોતી જેથી દીઠી. ૧૬

(સાર૦) આયુષ્માન!

[ઉપજાતિ.]

સુરાપરાધી અસુરો સહુને,
વાતાસ્ત્ર ખારે દધી નાંખી દૈને,
દરે ગરી જેમ ભુજંગ જાયે,
જાયે ભરાયે ત્યમ આવી આ એ. ૧૭

(રાજા) ત્યારે રથ પાસે લાવો, એટલે હું બેસું.

(સારથિ રથ પાસે લાવે છે.)

(*રાજા રથમાં બેસી ઉર્વશીના માર્ગ ભણી જોતો) અહા આ અપ્સરા

[ઉપજાતિ.]

છેદાયલા નાલથીં હંસી જેમ,
ઊડે હરંતી જતીં તંતુ, તેમ
ભેદાયલા દેહથીં હૈયું હાવે
હરી લઈને સ્વરગે સિધાવે! ૧૯

કામે કેવો કહેવો? જેના સાંસા તેનો જ સોસ!

(સારથિ સાથે રથમાં વિદાય થાય છે.)

અંક ૨.

વિષ્કંભક.

(*માણ૦ પ્રવેશ કરી) ઓહહો! મારી વ્હાલી રાજાની છૂપી વાત તો 'ફૂદું, ફૂદું' કરે છે! ભેળો બંદાનો સભાવ છે ભરભડિયો; એટલે કોઈને દેખું છું કે તોબા! આ જીભડી સખની જ નથી રહેતી. માટે, ચાલ રામ, પ્રિય-મિત્ર ધર્માસનથી ઊઠે ત્યાં સૂધી ઓછી આવજાવાળા મહીવિમાન મહેલની ચાલમાં ભરાઈ બેસું. (તેમ કરે છે.)

(*નિપુણિકા પ્રવેશ કરી) મ્હારાણી કાશીરાજપુત્રીએ આગન્યા કરી છે કે 'અલી નિપુણકા! જા, જાણી લાવ તો, રાજાજી શાથી ચિંતાતુર રહે છે? એઓ વડીલની વંદના કરી આવ્યા છે ત્યારના કેમ જાણે સૂનકાર છે. એની ભાળ એમના ગોઠિયા માણવક મ્હારાજથી મળશે.' હવે એ બ્રામણભાઈ સાથે મારે શી રમત રમવી? અથવા ખટપટની જરૂર નથી. નઠરા તરણા ઉપર ઝાકળનું ટીપું ઝાઝું ટકવા પામતું નથી, તેમ એ વાત પણ ભટજીના પેટમાં ટકનાર નથી. એને ત્યારે સોધી કાઢું. (આમ

તેમ તપાસ કરી) અહો ! માણુકા ભટ તો આ ચોટયા, સૂનમૂન, જાણે ચિતરેલું માંકડું સ્તો ! મળું ભટજીને. (પાસે જઇ) નમસ્કાર, ભૂદેવજી !

(**માણ૦**) **कल्याणमस्तु** ! (સ્વગત) તોબા, તોબા ! પેલી રાજાજીની છૂપી વાત તો આ ચેટકીને દેખીને નીકળી જવાનું જ કરે છે ! (પ્રગટ) કેમ, નિપુણકાબાઈ ! સંગીતની મઝા મૂકી કયાં ચલાવ્યાં ?

(**નિપુ૦**) ભૂદેવજી ! બાસાહેબના તરફથી આપના જ પાસે આવી છું.

(**માણ૦**) રાણીસાહેબની શી આજ્ઞા છે ?

(**નિપુ૦**) બાસાહેબે કહાવ્યું છે કે ' સ્વપ્નમાં પણ મેં ન વેઠેલી એવી દૂભણનો હાલનો પ્રસંગ તો તમે જાણો છો. આ વિટમણામાં આર્ય મને સહાય થવાનું વીસરશો નહિ. તમે હમેશના મારી દાઝ જાણનારા છો. '

(**માણ૦** વિચારમાં પડી જઈ) મિત્રે એવું તે શું કર્યું, કે તેથી રાણીસાહેબનું મન દૂભાયું ?

(**નિપુ૦**) અરે ભૂદેવજી ! શું કહું ? પ્રભુ જેના માટે ઝૂર્યા

કરે છે, તે સુંદરીના નામથી તેમણે બાસાહેબને બોલાવ્યાં!

(માણ૦ સ્વગત) થયું! મહારાજે પોતે તો ભેદ ખોલી દીધો! ત્યારે મારે શા માટે મ્હોડે ડૂચો દેઈ દુઃખ વેઠવું? (પ્રગટ) અલી, શું ઉર્વશીના નામે રાણીસાહેબને બોલાવ્યાં કે? રાજાજી એ અપસરાના દરસનઘેલા બની રાણીસાહેબને સંતાપે છે એમ જ નથી; મને પણ ખાનપાન આદિ વિનોદ વીસારી દેઈ એ હેરાન હેરાન કરે છે.

(નિપુ૦ સ્વગત) હાશ, રાજાજીની છૂપી વાતનો ગઢ ભેદ્યો છે! ફિકર નહિ. (પ્રગટ) ત્યારે, ભૂદેવજી, આપના તરફથી બાસાહેબને શું કહું?

(માણ૦) રાણીસાહેબને વીનવજે કે 'હું દોઢીએ ચડીશ ક્યારે, કે જ્યારે આ ખારા પાટનાં ઝાંઝવાંથી મિત્રને પાછા વાળીશ.'

(નિપુ૦) ભૂદેવની આગન્યા. (જાય છે.)

(પડદા પાછળ વૈતાલિક) ઘણી ખમા રાજાધિરાજને.

[મંદાક્રાંતા.]

ખંતે મંડી રહીં જ સરખી સ્વાધિકારે સુરીતે

અંધારું સૌ ભુવનનું હરે ભાનુ ને ભૂપ પોતે.
મધ્યાહ્નને આ ક્ષણ ગગનની મધ્ય થંભે દિનેશે;
છઠ્ઠે ભાગે અવ દિવસના લે વીસામો નરેશે. ૧

(*માણ૦ કાન દેઈ) હાં, મિત્ર ધર્માસનથી ઊઠયા. હું એમને જઈ મળું. (જાય છે.)

(અસ્વસ્થ રાજા પુરૂરવા ને માણવક પ્રવેશ કરે છે.)

(રાજા) અહા!

[ગાથા.]

જોતાં વાંત જ હૃદયું વિષમશરે વીંધ્યોં લીધ વિષમ શરે;
તે જ પળે તે માર્ગે ઉર વસીં એ દિવ્ય ઉરવશીં એ. ૨

(માણ૦ સ્વગત) હાં, રાણીસાહેબને બિચારાંને મહા દુઃખ ઉપજાવ્યું તે એણે જ.

(રાજા) મિત્ર! થાપણ જાળવી તો છે ને?

(માણ૦ ખેદ સાથે સ્વગત) માર્યા તો! લુચ્ચી ચેટકીએ થાપ દીધી! નીકર મિત્ર આમ પૂછે નહિ.

(રાજા) કેમ તું બોલતો નથી ?

(માણ૦) તમને પણ, મિત્ર, સહસા ઉત્તર નથી દેવાતો—એવું મેં મ્હો સીવી રાખ્યું છે.

(રાજા) ઠીક. ત્યારે હવે કહે વારૂ, કયાં જાઉં તો મારી અસ્વસ્થતા દૂર થાય ?

(માણ૦) ચાલો પાકશાળામાં.

(રાજા) ત્યાં ગયે શું ફળ ?

(માણ૦) ત્યાં પાંચ પ્રકારની વાનીની તરેહ તરેહની સામગ્રી રંધાતી હશે તે જોઇશું ને અસ્વસ્થતા ભૂલી જઇશું.

(રાજા) ભાવતાં ભોજન સનમુખ જોઇ ત્યાં તારૂં તો મન રાચશે. પણ મારા મનની બેચેની શી રીતે ટળશે ? મારી તો ઇષ્ટવસ્તુ દુર્લ્લભ જ રહેવાની.

(માણ૦) પણ તે આપને ઉરવશીએ જોયા છે ને.

(રાજા) તેથી શું ?

(માણ૦) તેથી હું તો એમ માનું છું કે એ પોતે ઘર પૂછતી આવવી જોઇયે, દુર્લ્લભ ન હોય.

(રાજા) ખાતરીથી સમજજે, મિત્ર, કે તારી આ ગણત્રી વ્હાલઘેલી છે.

(માણ૦) આપના આ બોલથી મારા મનમાં ઓર કૌતક થાય છે. શું ત્યારે ઉરવશી એવી રૂપાળી છે, કે મારી પેઠે તેનો જોટો જ દુનિયામાં ન હોય ?

(રાજા) મિત્ર! તું સાચું કરી માનજે, કે એના પ્રત્યેક અંગનું વર્ણન કરવું તો અશક્ય જ છે. માટે ટૂંકામાં કહું છું. સાંભળ.

(માણ૦) કાન માંડીને સાંભળું છું.

(રાજા) [ગાથા.]

સઉ શણગારતણો ગણું શણગાર જ; ભૂષણ ભાણું ભૂષણનું;
ઉપમાનનું ઉપમાન જ નાણું તન તેહ તરુણીતણું. ૩

(માણ૦) હાંહાં, દિવ્ય રસના પ્યાસી બની મહારાજ બપૈયાનું વ્રત લેઈ બેઠા છો તે એથી જ; હવે હું સમજ્યો. વારૂ, ત્યારે, ક્યાં જશો ?

(રાજા) એકાંત સ્થળ સિવાય પ્રેમાતુર જનને જવાનું બીજું સ્થાન નથી. માટે મિત્ર! ચાલો પ્રમદવન જઇયે.

(માણ૦ સ્વગત) વશે કે કવશે, કંઇ ના કહેવાશે ? (પ્રગટ) પધારિયે મહારાજ. (જતાં જતાં) જુઓ, મહારાજ,

આ દક્ષિણ પવન પ્રમદવને પાઠવ્યો હોય તેમ આપને આવકાર આપવા સામો આવે.

(રાજા) મિત્ર! તેં વાયુને દક્ષિણ વિશેષણ લગાડ્યુ તે યોગ્ય છે. એ કુશળ કામી જનની પેઠે

[અનુષ્ટુભ.]

પનોતી પુષ્પસંતાને સ્નેહે સુહવી માધવી,
દીસે દાક્ષિણ્ય દાખંતો નૃત્તે માચી પ રીઝવી. ૪

(માણ૦) આપ જ્યાંત્યાં એવું જ જોઇ રહ્યા છો. (આગળ વધી) મિત્ર! આ આવ્યું પ્રમદવન. પધારિયે અંદર.

(રાજા પ્રવેશ કરી આગળ નજર નાંખી) મિત્ર! હું પ્રમદવન આવતાં શું આવ્યો, પણ તે ઠીક કર્યું નહિ.

[અનુષ્ટુભ.]

પેસું હું ટાળવા તાપ ઉદ્યાને આ ઉતાવળે,
તે તો તાણતણી સામે તરવા તુલ્ય નીવડે! ૫

(માણ૦) એમ કેમ?

(રાજા)

[માલિની.]

દુરલભ લલનાની ઝંખનામાં ઝલાયું
મન મનમથ બાણે મૂળમાં છે ધવાયું;

તહીં ખરી જઈ જૂનાં પાન, વાએ અનેરા
નવતર હરસે આ અંકુરો આમ્ર કેરા. ૬

(માણ૦) મિત્ર! સોચ માં કરો. ભગવાન કામદેવ જ કામના પૂર્ણ કરી તમને સુખ ઉપજાવશે.

(રાજા) બ્રાહ્મણનું વચન વધાવી લેઉં છું.

(બંને બાગમાં ફરે છે.)

(માણ૦) મહારાજ! જુઓ, જુઓ આ પ્રમદવનમાં તાજેતર વસંતની શોભા!

(રાજા૦) હું, જોઉં છું હું, વૃક્ષે વૃક્ષે જોઉં છું.

[શાર્દૂલવિક્રીડિત.]

રાતાં સ્ત્રીનખ શાં મુખે કુરવકો તે શ્યામ બે પાસ છે;
ઘેરા રંગભર્યા અશોક, ખીલવા તે વાટ જોતાં દીસે;
મોરી આમ્રની મંજરી પીળચટી આછા રજે તે ય છે;
રાજે જોબન ને કિશોરવયની મધ્યે મધુશ્રી સખે! ૭

(માણ૦) પેલો સ્ફટિકના આસનવાળો માધવીનો માંડવો રાજાજીના પધારવાની વાટ જુએ છે. મ્હાલામ્હાલ

કરતા ભમરા તાજાં પુષ્પ વેરી એની ભૂમિ શણગારી રહ્યા છે. એના ઉપર મિત્ર! અનુગ્રહ કરવો ઘટે છે.

(રાજા) ભલે, તું કહે છે તેમ કરિયે.

(બંને અંદર જઈ બેસે છે.)

(માણ૦) સુખે બિરાજો, મહારાજ, અહીં રળિયામણી વેલીઓના દરસને આંખ ઠરશે ને ઉરવશીની ઝંખના વીસારે પડશે.

(રાજા નીસાસો નાંખી)

(ગાથા.]

નિરખી નવલાં ફૂલડે સુહાતી લચકાતી, મિત્ર, વનવેલી,
આંખડી ન ઠરે સ્વર્ગની રમણીના દર્શને ઘેલી. ૮

માટે એવો કોઈ ઉપાય શોધી કાઢ, જેથી મારો અભિલાષ પૂર્ણ થાય.

(*માણ૦ હસતો) અહલ્યાના મોહથી જેમ મહેંદ્ર, તેમ ઉરવશીના મોહથી મહારાજ પણ ભાનસાન ભૂલ્યા દેખું!

(રાજા) એમ શું કહે છે, મિત્ર! મનુષ્યની સ્થૂળ દૃષ્ટિ દેખતી નથી તે સ્નેહની ઝીણી દૃષ્ટિ દેખે છે.

(માણ૦) સારૂં, હું વિચારું છું. જોજો વલોપાતથી મારી એકાગ્રતામાં ભંગાણ પાડતા. (વિચારમાં પડી જાય છે.)

(રાજા સારા શુકન વધાવતો સ્વગત) અહા

[દ્રુતવિલંબિત.]

શશિમુખી અતિ દુર્લભ છે અને
પ્રજળતું મન આ મદનાનળે
મુજ અચિંતિત શાંત બને કયમે,
સમિપ ઇચ્છિત હોય જ એ ક્રમે! ૯

(એવે આકાશમાર્ગે ઉર્વશી ને ચિત્રલેખા પ્રવેશ કરે છે.)

(ચિત્ર૦) તું કયાં જાય છે, કહે તો ખરી.

(*ઉર્વ૦) હેમકૂટના શિખરે વેલની ડાળીમાં વૈજયંતી ભરાઈ'તી ને હું ક્ષણભર રોકાઈ'તી તે વખતે, બહેન, તું મારા સામું જોઈ હસી'તી. તે છતાં અત્યારે તું મને શું પૂછે છે?

(ચિત્ર૦) હાં, ઠીક, પેલા રાજર્ષિ પુરૂરવા પાસે જાય છે-તું, કેમ, નહિ વારૂં?

(ઉર્વ૦) હા, બહેન, એ જ આદર્યું છે; લાજ કોરે મૂકી કહે કે ગમે તેમ.

(ચિત્ર૦) પણ ત્યારે આગળ કોને મોકલ્યું છે ?

(ઉર્વ૦) મારું હઇયું ગયું જ છે ને.

(*ચિત્ર૦) હવે મારે કંઈ કહેવાનું છે નહિ.

(ઉર્વ૦) તો, બહેન, તુ મને એવો માર્ગ બતાવે નહિ, જ્યાં વિઘ્ન આડાં આવે નહિ ?

(*ચિત્ર૦) મૂઝા માં, બહેન, **अपराजिता** વિદ્યા આગળ વિઘ્ન જખ મારે છે. એ વિદ્યા આપી ગુરુદેવ બૃહસ્પતિએ આપણને અસુરોના ઉપદ્રવથી મુક્ત કર્યાં છે.

(ઉર્વ૦) અહા એ તો હું ભૂલી જ ગઈ !

(ચિત્ર૦ સિદ્ધોના માર્ગમાં આવી પ્હોચતાં) જો, જો ભગવતી ભાગીરથી. તેમાં બીજી તરફથી આ જમુના આવીને મળે ! એ બેના એકત્ર અધિક પાવન પટમાં પ્રતિબિંબ જોતું આ પ્રતિષ્ઠાન જણાય. અને આ આવ્યો એના ચૂડામણિરૂપ રાજમહેલ.

(ઉર્વ૦) અહો ! સ્વર્ગ જ પૃથ્વી પર આવીને વસ્યું છે એમ કહેવું ઘટે છે. (વિચારમાં પડી) બહેન ! એ દૂખિયાની દયા ખાનાર ક્યાં હશે ?

(ચિત્રા૦) આ પ્રમદવનમાં આપણે ઊતરિયે એટલે જાણીશું. બહેન, જો તો ખરી, આ તે પ્રમદવન કે આપણા નંદનવનનો જ એક ખંડ કહેવો!

(બંને બાગમાં ઊતરે છે.)

(ચિત્રા૦ જોઈ હર્ષ સાથે) ઓહો, બહેન, પ્રથમ ઊગેલો ચંદ્ર ચાંદનીની વાટ જુએ તેમ એ તો આ તારી વાટ જોતા બેઠા.

(ઉર્વ૦ નજર ભરી નિહાળતી) અલી, પ્રથમના કરતાં મહારાજનું દર્શન આજે ઓર જ મધુરું લાગે છે!

(ચિત્રા૦) બરાબર કહે છે, બહેન. ચાલો, ત્યારે, એમને મળિયે.

(*ઉર્વ૦) રહો, અંધારપછેડીએ અગોપ રહી આપણે સાંભળિયે, કે એકાંતમાં મિત્ર સાથે એ શી વાત કરે છે?

(ચિત્રા૦) જેવી તારી મરજી, બહેન.

(માણ૦) મિત્ર! એ દુર્લભ વલ્લભાના સમાગમનો ઉપાય ખોળી કાઢચો.

(રાજા ઉર્વ૦ની ઝંખનામાં સાંભળતો નથી.)

(ઉર્વ૦) અહો આમને લ્હે લગાડી સૌભાગ્ય રળનારી સુંદરી કોણ હશે ?

(ચિત્ર૦) કાં, બહેન ! પામર મનુષ્ય શા માટે બને છે ?

(ઉર્વ૦) દૈવી શક્તિથી જાણી લેવા હઇયું કહ્યું કરતું નથી માટે.

(માણ૦) કહું છું, ખોળી કાઢ્યો સમાગમનો ઉપાય.

(રાજા જાગૃત થઈ) ત્યારે કહે ને, ભાઈ! બીજાું જોઇયે છે એ શું ?

(માણ૦) આપ નિદ્રાનું સેવન કરો, એટલે સ્વપ્નદરસન થશે. તેમ નહિ, તો ઉરવશીની છબી ચિતરો, એટલે ચિત્ર-દરસન થશે.

(ઉર્વ૦ હર્ષ સાથે સ્વગત) બાપુ હઇયા! નાહોશ મટી હોશિયાર થા.

(રાજા) અફસોસ, ભાઇ, એકે ઉપાય કામ લાગે એવો નથી.

[હરિણી.]

દરસન થવું સ્વપ્ને શાનું જ ? નીંદ નયોં હરે
વિષમશરનાં શલ્યો સાલી નિરંતર અંતરે.

છબી ચિતરવી વ્હાલીની, તેય દોરું ન દોરું ને
પૂરી જ કરવા ના દે આંસું દગે ઊભરાઈ ને. ૧૦

(**ચિત્ર૦**) બ્હેન ! સાંભળ્યું ને ?

(**ઉર્વ૦**) સાંભળ્યું. પણ હૃદયું ધરાતું નથી.

(**માણ૦**) મારી તો ત્યારે ગતિ એટલી જ છે.

(**રાજા** નીસાસો નાંખી)

[પૃથ્વી.]

મહા વિષમ વેદના મનની ના જ મારી લહે,
પ્રભાવથકી કે લહી ય રતિ તુચ્છકારે જ એ !
વૃથા યુવતિ તેવીના મિલનનો લૂખો વાંઝિયો
મનોરથ જગાડી માર નિજ કોડ પૂરા કરો ! ૧૧

(**ચિત્ર૦**) લે, સાંભળ્યું હવે !

(***ઉર્વ૦**) મને અરેરે એ આવી ધારે છે ! અને સામે મ્હોએ ઉત્તર દેવા મારા પગ ઊપડતા નથી ! ત્યારે એમ કરું કે પત્ર જ લખીને નાંખું.

(**ચિત્ર૦**) મને પણ એ વાત ગમી, બ્હેન.

(***ચિત્ર૦ ભોજપત્ર વગેરે સાધન પ્રભાવથી ઊપજાવી પૂરાં**

પાડે છે, તેણે ઉર્વ૦ લેખ લખીને નાંખે છે.)

(માણ૦ જોઈને) ઓ બાપ રે! આ શું સાપની કાંચળી જેવું મ્હો આગળ આવીને પડયું?

(રાજા ધારીને જોઈને) અરે એ તો ભોજપત્ર છે. જો ને, એમાં અક્ષરો લખેલા છે.

(માણ૦) હાં હાં, એ તો મહારાજનો બળાપો સાંભળી ઉરવશીએ અગોપ રહી લખીને નાંખેલો લેખ હશે.

(*ઉર્વ૦) શાબાશ! ચતુર તો ખરો.

(રાજા) મનોરથના ઘોડા કયાં ન જાય દોડ્યા? (હાથમાં લેઈ મનમાં વાંચી જઈ) મિત્ર! તારો તર્ક તો અહો ખરો દેખું.

(માણ૦) ત્યારે હવે, મહારાજ કૃપા કરો, તો એમાં શું લખ્યું છે તે હું સાંભળવા ઇચ્છું છું.

(રાજા) જો, સાંભળ. (વાંચે છે.)

[ઉદાહરણ.]

જેવોં અજાણપણામાં મનથોં લહો છો મુજને
તેવોં જ જો હું હોઉં નાથ નેહીં પ્રતિ નથીં ને,

તો શું મુજને શયને નવલાં પારિજાતના
નંદનવનના વા એ હોયે કે જૉન્હા જૉન્હા? ૧૨

(ઉર્વ૦) હું બહેન! એ હવે શું કહેશે?

(ચિત્ર૦) એમનાં અંગ જ કહી આપે છે. હવે શું કહેવું બાકી છે? જો ને, એ કેવાં કમળનાળ ઉપરના કૂમળા કાંટાના જેવા હર્ષના રોમાંકુરે છવાયાં છે!

(માણ૦) ભૂખ્યોડાંહ્ હું ને અત્યારે મને સ્વસ્તિવાયન મળે, તેમ સારા ભાગ્યે મહારાજને આ ધારણ દેનારું પત્ર મળ્યું.

(રાજા) આને તું ધારણ દેનારું પત્ર જ કેમ કહે છે?

[વસંતતિલકા.]

રાગે સમાન ઊભરાઈ જતું અનેરે
ભાવે ભર્યું કવન આ મધુરે ઘણેરે,
તે તો મીંટે મીંટ મળ્યું મૃગલોચનાનું
મારા અધીર મુખ શું મુખ એમ માનું. ૧૩

(ઉર્વ૦) આપણી પ્રીતિ સરખે સરખી છે.

(રાજા) આ પ્રિયાનો હસ્તલેખ, મિત્ર, તારી પાસે રાખ.

મારી આંગળીના પરસેવાથી વખતે લખેલું ચેરાઈ જાય.

(**માણ૦** હાથમાં લેઈ) મહારાજ! આપના મનોરથ રૂપી વૃક્ષને ફૂલાવી કરી દિવ્ય ઉર્વશી શા લેખે હવે ફળાવવામાં ફરતી હશે?

(**ઉર્વ૦**) મારું પોચું હઇયું એમની પાસે જતાં ફડક ફડક થાય છે. તેને હું જરા સધીરું કરું છું. તેટલામાં બહેન, તું એમને જઈને મળ તો. મારા તરફથી જે કહેવું ઘટે તે તું કહેજે.

(**ચિત્ર૦**) બહુ સારું. (અંધારપછેડી દૂર કરી પાસે જઈ) જય જય, મહારાજ!

(**રાજા** હેઠાં હેઠાં આદરભેર) ભલે પધાર્યાં. (પડખે નજર નાંખી) પણ સુંદરી!

[અનુષ્ટુભ.]

તુથી સખી વિના મારું માને ના મન સર્વથા
ભેળી ભાળ્યા પછી, ગંગા વિના કાલિંદીથી જથા. ૧૪

(**ચિત્ર૦**) મહારાજ! ઘનઘટા હોય આગળ, ને વીજળી હોય પાછળ.

(માણ૦ આડું જોઈ) હેં! આ ત્યારે ઉર્વશી નહિ પણ તેની બહેનપણી જ છે!

(ચિત્ર૦) મહારાજના ચરણે મસ્તક મેલી ઉર્વશીએ કહાવ્યું છે,

(રાજા) શું ફરમાવ્યું છે?

(ચિત્ર૦) કે મહારાજ મારી દયા ખાશો. આપને જોયા ત્યારથી કામદેવ મને બહુ સંતાપે છે. કેશિ દાનવે ત્રાસ ગુજાર્યો હતો, ત્યારે મહારાજે જ મારી વ્હાર કરી હતી.

(*રાજા)

[વસંતતિલકા.]

તે સુંદરી તલસતી મુખથી કહે તું,
ઝૂરંત આ પુરૂરવા નવ તે લહે શું?
અન્યોન્યને ઉભય ઝંખી રહ્યાં જ છૈયે.
તો તપ્ત લોહવત જોડી તું જોડી દૈયે! ૧૫

(ચિત્ર૦ ઉર્વ૦ પાસે જઈ) ચાલ,બહેન, ચાલ, તારા પ્રિયતમની દશા તો તારાથી એ દોહલી દેખી હું તો તેમની દૂતી થઈ આવી છું.

(ઉર્વ૦ અંધારપછેડી દૂર કરતી) વાહવા રે! તેં મને પલકમાં જ તજી દીધી કે?

(ચિત્ર૦) ચાલ હવે, બ્હેન, મહારાજને વિનય કર. કોણ કોને તજી દે છે તે તો અમ્મરી જાણીશું.

(ઉર્વ૦ પાસે જઈ શરમાતી **)** જય, જય, મહારાજ!

(રાજા હર્ષ પામતો **)** અહા, સુંદરી,

[અનુષ્ટુભ.]

વધાવેલ ન જે શબ્દે મહેંદ્ર વિણ અન્ય, તે
જયશબ્દે વધાવે તું; જય એ જ અનન્ય છે! ૧૯

(માણ૦) અરે મને તો નમસ્કાર જ નહિ કે?—હું—હું મહારાજનો માનીતો, અને તે પણ બ્રાહ્મણ!

(ઉર્વ૦ મ્હો મલકાવતી નમસ્કાર કરે છે.)

(માણ૦) कल्याणमस्तु ।

(પડદા પાછળ) અરે ચિત્રલેખા! ઉર્વશીને લેઈ વ્હેલી આવ. ભગવાન ભરત મુનિએ

[માલ્યભારિણી.]

તમને પૂરવે પ્રયોગ પેલો
રસ આઠે રમણીય શાખવેલો

મૃદુ નાટ્યથી લોકપાળ સાથે
પ્રભુ ઇચ્છે ભજવ્યો વિલોકવા તે. ૧૭

(સૌ કાન દે છે. સાંભળીને ઉર્વ૦ ઉદાસ બની જાય છે.)

(**ચિત્ર૦**) મહારાજની રજા લેઈ લે, બહેન. સાંભળ્યું તેં દેવદૂતનું વચન.

(**ઉર્વ૦**) મારી વાચા જ જાણે બંધ થઈ ગઈ છે!

(**ચિત્ર૦**) અમે, મહારાજ, પરાધીન છિયે. તમારી રજા હોય, તો એટલું જ ઇચ્છિયે છિયે કે મહેંદ્ર પ્રભુનાં અપરાધી ન થઇયે.

(**રાજા** મહા મહેનતે સ્વરભંગ રોકી) હું પ્રભુની આજ્ઞા આડો આવવા માગતો નથી. સુખે સિધાવો. પણ અમને વીસારશો નહિ.

(મહા દુઃખે છૂટી પડી ઉર્વ૦ સખી સાથે સ્વર્ગે સિધાવે છે.

(**રાજા** નીસાસો નાંખી) મિત્ર! પરવાર્યું નેત્રનું નિરખવાનું.

(**માણ૦** પત્ર બતાવવાનું કરતો) અરે આ—(વાક્ય અધૂરું મૂકી સ્વગત) માર્યાં તો! ભોજપત્ર તો હાથમાં હતું ને

પડી ગયું, ને મેં બાવરાએ જાણ્યું પણ નહિ! પેલી અપસરાએ મારું ભાન ભૂલાવ્યું!

(રાજા) તું શું કહેવા માગે છે?

(*માણ૦) કહું છું કે 'અરે આપ આમ હોશકોશ હારી ન બેસો. ઉરવશીનું ચિત્ત આપનામાં ચોટયું છે. એટલે એ વ્હાલ ઊતારી શકશે નહિ.

(રાજા) મારું મને એમ જ કહે છે. એણે જતાં જતાં પણ

[અનુષ્ટુભ.]

કંપતે ઉર નિઃશ્વાસો મૂક્યા, તે ભેગું પારકી
કાયા હોવાથી, પોતાનુ મન અર્પ્યું મને નકી. ૧૮

(માણ૦ સ્વગત) મારું હઇયું પીપળાના પાનની પેઠે કંપે છે. મહારાજ અત્તરડી એ ભોજપત્રનું નામ લેવાના.

(રાજા)—પણ હવે દૃષ્ટિ શાણે રમાડવી? (સાંભરી આવતાં) હાં, મિત્ર, પેલું ભોજપત્ર લાવ તો.

(માણ૦ ખેદ સાથે) અરે! એ તો કહીં એ દેખાતું નથી! ઉરવશી ગઈ તેની પાછળ ભોજપત્રે ગયું કે શું?

(રાજા૦) શોધ, શોધ હવે. કોઈ વાતમાં મૂર્ખાનું કાળજું ચોક ન મળે!

(આણ૦ જાત) અહીં હશે એ, પણે હશે એ. (શોધે છે.)

(એવે દાસી નિપુણિકા સાથે મહારાણી કાશીરાજપુત્રી આવે છે.)

(રાણી) અલી નિપુણિકા! તું કહેતી હતી કે ભટજી અને રાજાજી માધવીના માંડવામાં પેઠા ને મેં નજરોનજર જોયા. ખરું કે?

(નિપુ૦) મેં બાસાહેબ આગળ કદી એ ખોટું કહ્યું છે?

(રાણી) ત્યારે એ આપ્ત મિત્ર સાથે અહીં એકાંતમાં મોકળે મને શી વાતચિત કરે છે, તે પેલી માધવી વેલના ઓઠે રહી સાંભળીશ.

(નિપુ૦) બાસાહેબની મરજી.

(રાણી વેલને ઓઠે લપાતાં) અલી, પેલું પરોળાની ચીંદરડી જેવું દક્ષિણ પવનમાં આપણા ભણી શું આવે છે?

(નિપુ૦ ધારીને જોઈ) છે તો ભોજપત્ર, બાસાહેબ. આ સવળું ફર્યું એ. અહો! કંઈક અક્ષરો લખેલા જણાય

છે ! અરે ! આ તો બાસાહેબના જ નેવરના મોગરે આવીને અટક્યું ! (હાથમાં લઈ) વાંચું, બાસાહેબ ?

(રાણી) તારી મેળે એક વાર વાંચી જો, સાંભળવા જેવું છે ? હશે તો સાંભળીશ.

(*નિપુ૦ નજર ફેરવી જઈ) આ તો, બાસાહેબ, પેલી જ વાતનો ફણગો છે. મને લાગે છે કે આ રાજાજી ઉપર ઉરવશીએ લખેલો કાગળ છે. ભટજીના રોલાપણાને લીધે એ કવિતા આપણે હાથે ચડી છે.

(રાણી) એ વાંચ ત્યારે. જોઉં, શું લખ્યું છે ?

(નિપુણિકા વાંચી સંભળાવે છે.)

(રાણી) ચાલો, આ જ ભેટ લેઈ એ અપ્સરાના રસિયાને મળિયે.

(રાણી અને દાસી માંડવામાં દાખલ થાય છે.)

(માણ૦) ઓ જાય, ઓ જાય એ; પવનની ઝપટમાં પ્હોચ્યુ ક્રીડાપર્વતે.

(*રાજા આસનથી ઊઠતો) અરે વાયું !

[શાર્દૂલવિક્રીડિત.]

સાંચેલો મધુએ પરાગ ફૂલનો લે વાસ સારું ભલે.
કાં હસ્તાક્ષર બ્હાનના વ્યરથ આ વ્હાલીતણા તું હરે?
જીવે કામી વિનોદનાં કંઈ કંઈ આવાં જ વાનાં વડે.
શું તે વાતથી અંજનાની રતિનો રાગી અજાણ્યો તું એ? ૧૮

(નિપુ૦) બાસાહેબ, બાસાહેબ, આની જ ખોળાખોળ ચાલે છે.

(*રાણી) હું જોઉં છું.

(*માણ૦) અરે, આપણે છેતરાયા. આ તો ચીમળાયલું ઝાંખું અંત્રાડીનું પાંદડું છે.

(રાજા) કેવું દુર્ભાગ્ય!

(રાણી ઓચિંતી પાસે આવી) અફસોસ માં કરો, મહારાજ. આ રહ્યું એ ભોજપત્ર.

(રાજા ગભરાટથી) અરે! દેવી! પધારો, પધારો, દેવી. સારું થયું તમે આવ્યાં.

(માણ૦ આડું જોઈ) ખોટું થયું આ ટાણે આવ્યાં.

(રાજા અલગ) મિત્ર! હવે શી ગત કરવી?

(માણ૦ અલગ) માલ સાથે પકડાયલા ચોરની, જો કરવી હોય તો.

(રાજા) એ ન હોય, દેવી. ભોળિયે છિયે તે પત્ર તો બીજું.

(રાણી) પોતાનું સૌભાગ્ય છૂપાવવું યોગ્ય જ છે.

(*માણ૦) ચાલો, મહારાજ, કંઈક મીઠું ભોજન કરાવિયે એમને માટે, જેથી શાંતિ થાય[1].

(*રાણી) બ્રાહ્મણભાઈએ મિત્રને જુક્તિ તો ઠીક બતાવી !

(*માણ૦)—આ દેખીને એમનું પિત્ત ઊછળી આવ્યું છે.

(રાજા) જા, રે, જા, મૂર્ખા ! મને પરાણે અપરાધી બનાવે છે !

(રાણી) આપનો શાનો, અપરાધ તો મારો જ કહેવાય કે કવેળાની આવી હું ખાલી અકારી બની ઊભી રહું.

(ગુસ્સામાં ચાલવા માંડે છે.)

(*રાજા પૂંઠે જતો)

[આર્યા.]

કરિયે ક્ષમા; હું, માનિની, અપરાધી છું જ; રોષ પરિહરિયે.
ક્યાંથી જ સેવ્ય રૂઠતાં હોય નિરપરાધી સેવક તે ? ૨૦

---

૧. કફ તીક્ષ્ણ પદાર્થથી, વાત સ્નિગ્ધ પદાર્થથી અને પિત્ત મધુર પદાર્થથી શમે છે.

(પગે પડે છે.)

(રાણી સ્વગત) ધૂતકારીને ચાલી જાઉં છું. પણ મને ભય રહે છે કે મારું મન મને પાછળથી સંતાપશે. બાકી મનામણાંનું તો ઠીક છે; હું કંઈ એવી તુચ્છ હૃદયની ન હોઉં, કે તેથી ફૂલાઈ જઉં. (દાસી સાથે ચાલી જાય છે.)

(માણ૦) ઊઠો, મહારાજ, ઊઠો. રાણી સાહેબ તો રોસ ભર્યાં ગયાં વર્ષાકાળની નદીની પેઠે.

(રાજા બેઠા થતા) એમ જ હોય.

[અપરવક્ત્ર]

મનથી ઉપરનાં જ મીઠડાં
વણરસ જે કરિયે મનામણાં,
ન ચતુર ઉર તે હરી શકે;
જ્યમ મણિ કૃત્રિમ રાગના, સખે ! ૨૧

(માણ૦) આપને તો ફાવતું થયું. આંખો દૂખતા આવી હોય, તેનાથી દીવાની જ્યોત સનમુખ નથી ખમાતી.

(રાજા) મિત્ર! એમ માં બોલ. ઉર્વશીમાં મારું મન રમી રહ્યું છે ખરું, પણ દેવી ઉપર મારો ભાવ તેનો તે જ

છે. પરંતુ તેં દીઠું કે હું પગે પડ્યો છતાં તેમણે કંઈ લેખવ્યું જ નહિ. એટલે હવે મારે અકડાઈ રાખવી પડશે.

(માણ૦) રહેવા દો આપની અકડાઈ ને ફકડાઈ,
ને ઊગારો ભૂખ્યા બ્રાહ્મણનો જીવ.
મહારાજ! જુઓ છો? ભોજનનો સમો થયો છે.

(રાજા ઊંચું જોઈ) અહો! મધ્યાહ્ન થયા.

[શાર્દૂલવિક્રીડિત.]

પેસે ઘામથી ગાભરો મયૂર જૈ થાળે શીળે વૃક્ષના;
ભેદી ભૃંગ કરેણુકેરી કલિકા પોઢે સુખે કુક્ષિમાં;
વર્જી તીરનું તપ્ત નીર, નલિની સેવે જ કારંડવે;
'પાણી! પાણી!' જપે વિલાસભવને પ્યાસી શુકે પંજરે.૨૨

(બંને જાય છે.)

અંક ૩.

વિષ્કંભક.

(ગાલવ અને પૈલ પ્રવેશ કરે છે.)

(ગાલવ) ભાઈ પૈલ ! ઇંદ્રભવને જતાં ગુરુજીએ તને આસન લેવાનું કહી જોડે લીધો; અને મને અગ્નિ સાચવવાનું સોંપી ઘેર રાખ્યો. તેથી તને પૂછું છું, કે ગુરુજીના પ્રયોગથી દિવ્ય સભાજન પ્રસન્ન તો થયા ને ?

(*પૈલ) ભાઈ ગાલવ ! પરસન તો શુ, એ સારદા દેવી કત લખમીસયંવરના ખેલમાં તે તે રસમે પરસંગોમાં, મારા સમજવા પરમાણે, સૌ એકવાર થઈ રયા તા. પણ

(ગાલવ) તું એમ કહેવા માગે છે, કે કંઈ ચૂક પડી ?

(*પૈલ) એમ જ. એકામીમાં આખનુ ચોડ વેતરાઈ ગયુ !

(ગાલવ) એટલે ?

(પૈલ) લખમીવેસધારી ઉરવશીને વારુણીવેસધારી મેનકાએ પૂછ્યુ, કે 'બેન ! આ તરણે લોકના સત્તાધીસ

લોકપાળ એકઠા મળ્યા છે, તેમાં તારુ મન કોનામાં રમે છે?

(ગાલવ) પછી પછી?

(પૈલ) તારે કેવાનુ હશે 'પરસોતમમાં,' પણ બોલી જવાયુ 'પરૂરવામાં'.

(ગાલવ) બાવી આગળ આપણી ઈંદ્રિયો પણ આપણી થતી નથી! ગુરુજી ત્યારે તો એના ઉપર કોપાયમાન થયા હશે?

(પૈલ) હા રે હા. શરાપ દીધો,

(ગાલવ) હેં!

(*પૈલ)–કે 'મારુ શીખવ્યુ તેં વગોવ્યુ, માટે પડીશ પરથવીમાં!' પછી જારે ખેદ થઈ રયો, તારે શરમની મારી નીચુ જોતી ઉરવશીને મહિંદ્રે કયુ, કે 'જેમાં તારુ ચિત લાગી રયુ છે, તે રાજરખી પરૂરવા મારા રણ-સહાય છે. હું આમે એમનુ પ્રિય કરવા માગુ છુ. માટે, જા, તારાથી એ સંતાનનુ સુખ જુએ, તાં સુધી તુ એમની જ સાથે રહે અને મનકામના પૂરણ કર.'

(ગાલવ) જનના મનના જાણનાર ઇંદ્ર ભગવાનને એ જ ઘટે.

(પૈલ ઊંચું જોઈ) અરે! વાતમાં ને વાતમાં આપણે ગુરુજીનો અસનાનનો સમો તો ચૂકી જગયા! ચાલો, ચાલો, હજી એ જઈ પોચિયે.

(બંને જાય છે.)

(કંચુકી લાતવ્ય પ્રવેશ કરે છે.)

(*કંચુ૦) હા!

(મંદાક્રાંતા.)

બીજા પૂંજી પૂરવવયના જોમમાં જોડી ખંતે
વીસામો લે સુતશિર બધો ભાર નાંખી નચિંતે;
બુઢ્ઢાપામાં દિન દિન વધુ મંદ દેહે જ ત્યારે
સેવાવારો પરમ વસમો સ્ત્રીજને આ અમારે! ૧

(બે ડગલાં ભરી) મહારાણી કાશીરાજપુત્રીએ વ્રત કર્યું છે, તે આજ ઊજવવાનું છે; એ બાબત મારે મહારાજને મળવાનું છે. એઓ હવે સંધ્યા કરી મંત્ર જપી પરવાર્યા હશે. એમને રાણીસાહેબે માનનો પરિત્યાગ કરી વિનંતી

તો કરી મૂકી છે. નિપુણિકા પોતે જ રાણીસાહેબના વતી મહારાજને કહેવા ગઈ હતી. જાઉં ત્યારે હજૂરમાં. (થોડું આગળ વધી) અહા! સાયંકાળનો દરબારગઢનો દેખાવ કેવો રળિયામણો લાગે છે!

[શાર્દૂલવિક્રીડિત.]

સ્તંભે ધારણમાં ઢળેલ મયૂરો કોર્યાં જ જાણે દીસે।
ધૂમે ધુપતણા અને કબૂતરે ભમાય દષ્ટિ છજે।
બાઈ ન્હાઈ પવિત્ર વસ્ત્ર સજીને અંતઃપુરે સ્થાનકે
પૂજાપુષ્પ સમેત મંગળ વળી દીપંત દીવા મૂકે! ૨

(પડદા બાગ્યા અજવાળું જોઈ) ઓહો! મહારાજ આ દિશામાં જ આવે છે.

[પુષ્પિતાગ્રા.]

મૃદુ કર મહીં દીપિકા ધરીને
વિચરતી દો દિશ દાસીઓ કરીને
ફૂલભરી–કર્ણિયેરી–ઘેરી પાંખે
પરવરતા ગિરિરૂપ ભૂપ ભાસે. ૩

(એવે પરિજન સમેત રાજા અને માણવક પ્રવેશ કરે છે.)

(રાજા સ્વગત) અહા મેં

[ગાથા.]

*દિન તો વીતવ્યો પીડા પ્રવૃત્તિમાં ઝુકરી અલ્પ આયાસે;
અબ વણુ વિનોદ લાંબી નીકળવી યામિની આ શે[1] ? ૪

(*કંચુ૦ પાસે આવી) જય જય મહારાજ ! રાણીસાહેબ વિજ્ઞાપના કરે છે કે 'રૂડું જેમનું દર્શન છે એવા ચંદ્ર ભગવાનનો રોહિણી સાથે સંયોગ થતા પૂરતા આપના સંનિધાનની જરૂર છે; માટે મણિમહેલની અગાશીએ પધારશો.'

(રાજા) આર્ય લાતવ્ય ! દેવીને નિવેદન કરો કે 'તમારી ઇચ્છા પ્રમાણે કરવા તૈયાર છું.'

(કંચુ૦) આજ્ઞા, મહારાજ. (જાય છે.)

(રાજા) મિત્ર ! દેવી આ પ્રકરણ શું ખરેખાત વ્રત નિમિત્ત જ લેઈ બેઠાં હશે ?

(માણુ૦) હું તો એમ ધારું છું, કે આપ મનાવવા પગે પડ્યા હતા ત્યારે ધૂતકારી ચાલ્યાં ગયાં હતાં, તે બાબત

---

૧. ગૂઢ ઉત્તર નીકળે છે કે 'આશે--મળવાની આશાએ ત્રણ પહોરની રાત ગાળવી.'

રાણીસાહેબ મનમાં હવે પસ્તાય છે ને કોઈ પ્રકારે દોષ ધોઈ નાંખવા ઇચ્છે છે. વ્રતનું તો નામ છે.

(રાજા) મિત્ર! તું બરાબર કહે છે.

[ગાથા.]

પ્રીતમતણી પ્રણિપતની અવગણના કરી મનસ્વિની મનથી
લજવાયે નિજ રોષથી પશ્ચાત્તાપે પડી પછીથી. ૫

ત્યારે ચાલો મણિમહેલની અગાશીએ.

(માણ૦) પધારિયે મહારાજ. આ સંધ્યાકાળે શોભી રહેલો મણિમહેલ. ગંગાજીના તરંગ સરખાં શીતળ સ્ફટિકનાં પગથિયે ગચ્છીએ ચડિયે.

(સર્વે મહેલની અગાશીએ ચડે છે.)

(માણ૦ નજર નાંખી) ઓહો! આ ઘડી ચંદ્રમા ઊગ્યા કે ઊગશે. શાથી જે અંધકાર ટળી જાય છે ને પૂર્વદિશાનું મુખ ઝગઝગાર થાય છે.

(રાજા) ખરું કહ્યું, મિત્ર.

(દ્રુતવિલંબિત.)

અણુછતા શશિનાં ઉદયાચળે
પસરતાં કિરણે તમ સૌ ટળે

લટ છૂટી હોકઠાક શકે થવે
મધુર પૂર્વદિશા મુખ મોહવે. ૬

(માણુ૦) ઊગ્યો ઊગ્યો કડકોકાર ભાગેલા મોતૈયા લાડુ સરખો વિપ્રોનો રાજા ચંદ્ર !

(રાજા સ્મિત સાથે) ખાઉધરને જ્યાં ત્યાં ખાવાની જ વાત! (હાથ જોડી) ભગવાન નક્ષત્રનાથ !

[માલ્યભારિણી.]

અમૃતે સુર પિત્રૉને તું પોખે.
વિચરે સૂર્ય શું યાગના જ મોખે.
રજની તિમિરે હરે સમસ્તે.
હરચૂડામણિ હે ! નમો નમસ્તે ! ૭

(માણુ૦) મહારાજ ! પિતામહ ચંદ્ર ભગવાન આ વિપ્રના મુખે રજા આપે છે. આપ આસને બિરાજિયે. એટલે હું પણ સુખે બેસું.

(*રાજા) ભલે. (આસને બેસી) ચંદની ઝગઝગ પ્રકાશે છે

તેમાં આ વધારે પડતી મશાલો શું કામ જોઇયે? લેઈ જાઓ એ અહીંથી.

(પરિજન) હુકમ, પ્રથીનાથ! (જાય છે.)

(રાજા) મિત્ર! આપણે હવે એકલા પડ્યા છિયે ને દેવી આવવાની બે ઘડી વાર છે. તેનો લાભ લઈ હું મારી દશા કહું. સાંભળ.

(માણ૦) એ તો શરીર જ કહી આપે છે, મહારાજ. પરંતુ ઉરવશીના ગાઢ પ્રેમની પ્રતીતિ થયા પછી તો આશાને આશરે રહી શકાય ખરું.

(રાજા) મિત્ર, તું સત્ય કહે છે. પણ મારા મનની આતુરતા ભારે વધી પડી છે.

[ગાથા.]

પ્રૌઢી ટેકી શિલાએ ફેંધાઈ વધંત ઘોધવત વાધે
મનમથ મમ મન મથતો શતધા સંયોગના વાંધે[1]. ૮

(માણ૦) અંગો સોસાઈ ગયા છતાં પણ મહારાજ અધિક

૧. રોધનો ખ્યાલ આપવાને રચના જાણીજોઇને ભારે અને કઠોર રાખી છે.

શોભો છો, તે ઉપરથી કહું છું કે પ્રિયતમાનો સમાગમ આ થયો જાણો.

(**રાજા** જમણો હાથ ફરકતાં) અહો !

[અનુષ્ટુભ.]

આજ્ઞા આપંત શુકને સખા! આ પાણિ દક્ષિણ
દુ:ખ દારુણમાં તારી તુલ્ય ધારણ દે મને. ૫

(**માણ૦**) બ્રાહ્મણનું બોલ્યું મિથ્યા થાય નહિ.

(રાજા આશાભર્યો બેઠા છે. તેવામાં આકાશમાર્ગે અભિસારિકાના વેષે ઉર્વશી ચિત્રલેખા સાથે પ્રવેશ કરે છે.)

(**ઉર્વ૦** પોતાનો વેષ નિહાળી) બહેન ચિત્રલેખા! આછાં આછાં આભૂષણ અને ઘેરી શ્યામ સાડીનો આ મારો અભિસારિકાનો સોહાગ તને ગમ્યો કે ?

(**ચિત્ર૦**) બહેન શું કહું ? વખાણના શબ્દ જ જડતા નથી. મનમાં એમ થાય છે, કે હું જ પુરૂરવા હોત તો કેવું સારૂં!

(***ઉર્વ૦**) એ સુહાગી પ્રીતમને અવાસે વ્હેલી વ્હેલી મને લેઈ જા ને બહેન! પ્રભુ કામદેવની પોતાની મને આજ્ઞા છે.

(**ચિત્ર૦**) આ આવ્યાં આપણે તારા પ્રીતમના અવાસે. કેવો એ, જાણે કોરી કાઢેલો કૈલાસ હોય, એવો દીપે છે?

(*ઉર્વ૦) ત્યારે જોઈ મને કહે તો, મારા ચિત્તના ચોર ક્યાં છે ને શું કરે છે ?

(ચિત્ર૦ સ્વગત) જરા ટોળ કરું. (પ્રગટ) બ્હેન ! એ મનથી માન્યા પ્રિયજનના સમાગમની મઝામાં આ બેઠા એકાંત ભોગવિલાસના સ્થાનમાં.

(સાંભળી ઉર્વશીનું મ્હો એકદમ ઉતરી જાય છે.)

(*ચિત્ર૦) ઘેલી રે ઘેલી ! પ્રીતમની વ્હાલી તારા વિના તે કઈ ?

(ઉર્વ૦ નીચા શ્વાસ મૂકી) આ આ હીણું હઇડું—એ બળ્યું વ્હેમાય છે !

(ચિત્ર૦) જો, આ રાજર્ષિ તો મણિમહેલની અગાશીમાં બેઠા. મિત્ર માણવક સિવાય બીજું કોઇ અહીં છે નહિ. આવ, આપણે એમની પાસે જઇયે.

(બને ઉતરે છે.)

(રાજા) મિત્ર ! રાત્રિ વધે છે, તે સાથે કામજ્વર પણ વધે છે.

(*ઉર્વ૦) આવા મભમ બોલથી મારા મનમાં સંશયનો સંશય રહે છે. માટે, રહો, વ્હેમ મટતા સુધી અંધારપછેડીએ

અગોપ રહીને સાંભળિયે, કે મિત્ર સાથે મોકળે મને એ થી વાત કરે છે?

(ચિત્ર૦) ભલે, જેમ તારી મરજી, બહેન.

(માણ૦) ત્યારે, મહારાજ, આ અમ્રતમય ચંદ્રકિરણ સેવો ને.

(રાજા) મિત્ર! એવાં એવા ઉપાયોને આ રોગ પત કરે એવો નથી. જો, ભાઈ,

[હરિણી.]

નવ કમળની સેજે રહેજે, ન ચંદ્રતણા કરે,
નવ મલયજે, ના માળાએ, ન મોતીસરે સરે;
મનમથતણો વ્યાધિ આ તો પ્રિયા મમ સંહરે,
ઉરવશીની કે એકાંતે કું કથા જ વ્યથા હરે.

(ઉર્વ૦ સ્વગત) બાપુ હઇડા! મને તજી એમનામાં ભરાયાનું આજ તને ફળ મળ્યું.

(*માણ૦ સ્વગત) હા રે હા, હું પણ શિખરિણી વગર સુકાઈ જાઉં છું. ત્યારે એનું નામ લેઈ લેઈ મન રમાડું છું.

(*ચિત્ર૦) અલી, ધરાતી નથી તે સાંભળ, સાંભળ.

(*રાજા) મિત્ર! હું એમ માનું છું, કે

[અનુષ્ટુભ.]

એના સ્કંધે રથક્ષોભે ચંપાયો સ્કંધ ધન્ય જે,
સારરૂપ જ એ અંગે: ભૂભાર બાગ અન્ય છે[1]. ૧૧

(ચિત્ર૦) હવે શું કરવા વખત બાગે છે, બહેન ?

(ઉર્વ૦ રાજા પાસે જઈ) અલી બહેન! જો ને, હું મ્હોડા-મ્હોડ ઊભી છું, છતાં મહારાજ તો જાણે લેખવતા એ નથી!

(ચિત્ર૦ મ્હો મલકાવી) અરે ધાઇઘેલી! રઘવાટમાં તેં અંધાર-પછેડી ક્યાં કાઢી છે ?

(પડદા પાછળ) પધારિયે, બાસાહેબ, ઘણી ખમા.

(સૌ કાન દે છે. ઉર્વ૦ સાંભળી સોસમાં બૂડી જાય છે.)

(માણ૦) અરે! અરે! રાણીસાહેબ પધાર્યાં. હવે મુનિવ્રત ધારણ કરો, હો.

(રાજા) મિત્ર! તું પણ ઠાવકો થઈને બેસ.

---

૧. પહેલા બે ચરણમાં સંયોગને લીધે વ્યંજનોનો પરસ્પર ભારે અથડાટ રથના આઘાતની નકલ કરે છે. ત્રીજા ચોથા ચરણની ફોરી અને ભારે રચના તે તે ગાત્રના વ્હાલા અળખામણાને અનુસરે છે.

(ઉર્વ૦) આપણે હવે શું કરીશું?

(*ચિત્ર૦) બહેન! ગભરા માં, અંધારપછેડીને લીધે આપણે અગોપ છિયે.

(પછી હાથમાં પૂજાની સામગ્રી સમેત પરિજન સાથે મહારાણી

પ્રવેશ કરે છે.)

(રાણી) અલી નિપુણિકા! જો, જો, ભગવાન મૃગલાંછન આ રોહિણીના સમાગમમાં શા મઝાના શોભે છે!

(નિપુ૦) બા સાહેબના સમાગમમાં મહારાજ પણ તેવા જ શોભે છે.

(માણ૦ રાણીને નિહાળી) આહા! ગમે તો મને સ્વસ્તિવાયન આપવાનાં છે તેથી, અથવા તો વ્રતને લીધે રીસનો ત્યાગ કર્યો છે તેથી, રાણીસાહેબ મારી નજરે પ્રસન્ન જણાય છે.

(રાજા મ્હો મલકાવી) બંને સંભવિત છે. પરંતુ પાછળથી કહ્યું તે જ મારી નજરમાં તો આવે છે. જો ને, દેવી

[વંશસ્થ.]

પવિત્ર દૂર્વામય અંકુરે શિરે,
સુહાગનાં આભરણે, સિતાંબરે,

રૂડા નિમિત્તે વ્રતના સુવૃત્તિએ,
પ્રસન્ન સોહે મુજ શું જ મૂર્તિએ. ૧૨

(રાણી પાસે આવી પહોચતાં) જય જય આર્યપુત્ર!

(પરિજન) ઘણી ખમા, પ્રથીનાથ.

(માણ૦) અખંડ કલ્યાણ, રાણી સાહેબ!

(રાજા) દેવી! પધારો, પધારો. (આસને ઊભા થાય છે)

(ઉર્વ૦) દેવી શબ્દે એમને જે બોલાવે છે તે, બહેન, યોગ્ય જ છે. ઇંદ્રાણીથી રાણી લેશમાત્રે કાંતિમાં ઊતરે એમ નથી.

(ચિત્ર૦) વાહ, બહેન, ઇર્ષ્યા રહિત ખરેખરું કહ્યું!

(રાણી) આર્યપુત્રના સંનિધાનમાં કંઇક વ્રત ઊજવવાનું છે. તેને લીધે બે ઘડી આપ ઉપરોધ વેઠશો જી.

(રાજા) અંહાં, ઉપરોધ નહિ, અનુગ્રહ જ આ માનું છું.

(માણ૦) આવો ઉપરોધ સદા એ હજો ને સ્વસ્તિવાયન સદા એ મળજો.

(રાજા) દેવીના આ વ્રતનું નામ શું?

(રાણી નિપુ૦ સામું જુએ છે.)

(નિપુ૦) પ્રિયપરસાદન, પ્રજાનીનાથ!

(રાજા રાણી પ્રતિ) એમ હોય, તો તો

[વંશસ્થ]

ચમેલી શી આ સુકુમાર દેહડી
તમે વ્રતે વ્યર્થ દમો જ વ્હાલીડી!
થઈ અધીરો તમ રીઝ જે ચહે,
રીઝાવવો હોય તમે શું દાસ તે? ૧૩

(ઉર્વ૦) કેટલાં બધાં માન?

(ચિત્ર૦) અલી ઘેલી! ચતુર નર તો
અન્યમાં મો'ય, ત્યમ વધુ મીઠા હોય.

(રાણી ર્‌હો મલકાવી) આર્યપુત્રના મુખમાંથી આવાં વચન નીકળવાં તે વ્રતનો જ પ્રતાપ. કર્યું તેવું જ ફળ્યું!

(માણ૦) મહારાજ! ધર્મકાર્યમાં અંતરાય કરવો ન ઘટે.

(રાણી) છોકરીઓ! પૂજાની સામગ્રી લાવો. મણિમહેલના મસ્તકે વિરાજતા ચંદ્રભગવાનનાં કિરણનું હું પૂજન કરું.

(પરિજન) આ ફૂલ ચંદન વગેરે સામગ્રી.

(રાણી ચંદ્રકિરણની પૂજા કરી) નિપુણિકા, આ નૈવેદ્યના મોદક આર્ય માણવકને આપ.

(નિપુ૰) આગન્યા, બાસાહેબ. (માણ૰ને થાળ આપતાં)

લીજિયે લાડુ—ભટ્ટજી !

(માણ૰) સ્વસ્તિ, સ્વસ્તિ, સ્વસ્તિ !

એકગણું દાન, અનંતગણું લ્હાણુ !

(રાણી) અહીં આવો, આર્યપુત્ર !

(રાજા) આવ્યો.

(*રાણી હાથ જોડી) અહો દિવ્ય દંપતી ભગવાન ચંદ્ર અને રોહિણી દેવી ! આપના સમક્ષ આ હું આર્યપુત્રની પ્રસન્નતા જાચું છું. હવે જેને એ ઝંખે છે, તેને સમર્પ્યા આર્યપુત્ર. આજથી એ આર્યપુત્રને માટે ઝૂરતી સુંદરીએ મારી આડખીલ ન લેખવી.

(ઉર્વ૰) હાશ, મારો જીવ હેઠો બેઠો અને હૃદયું ટાઢુંહિમ થયું, જોકે એમનું કહેવું કેવા ભાવમાં છે તે હું સમજી નહિ.

(ચિત્ર૰) બહેન, મોટા મનવાળાં રાણીની હા થઈ, એટલે હવે પ્રીતમના મેળની મુશ્કેલી મટી ગઈ.

(*માણ૦ આડું જોઈ) ઠીક, ઠીક, મચ્છ હાથમાંથી છટકી જાય છે ને માછી ત્યાગી વૈરાગી બની પુકારે છે-'ઝા, બા, ઝા, મને ધર્મ થાહે'! (પ્ર૦) ત્યારે રાણીસાહેબને મહારાજ આટલા જ વ્હાલા કે ?

(રાણી) અરે ભલા ભૂદેવ! તોલ તો કરો કે હું મારું સુખ ખોઈ આર્યપુત્રનું સુખ ઇચ્છું છું, તે તે આર્યપુત્ર વ્હાલા છે તેથી કે અમથાં ?

(*રાજા) અહો શંકાશીળ સુંદરી !

[ગાથા.]

સમરથ છો; દઈ દો આ દાસ અવરને, નિજ કરી કે રાખો.
પણ હું નથી નથી તેવો, જેવો વ્હેમની દગે દેખો. ૧૪

(*રાણી) થયું; વિધિ પ્રમાણે વ્રત ઊજવ્યું. હવે ચાલો, છોકરીઓ. (જવા માંડે છે.)

(રાજા) વ્હાલી! આમ મને તજીને ચાલ્યાં જાઓ, એ તે પ્રસન્ન કર્યો ?

(*રાણી) ક્ષમા કરો, આર્યપુત્ર, વ્રતના નિયમનો ભંગ થાય નહિ. (પરિજન સહિત જાય છે.)

(ઉર્વ૦) બ્હેન! રાજર્ષિનો રાણી પ્રત્યે આટલો બધો પ્રેમ જોઉં છું, છતાં મારું મન હું પાછું વાળી શકતી નથી!

(ચિત્ર૦) પાછું શા માટે વાળવું? જા, રે, જા! આવી નિરાશામાં બૂડી જનારી ક્યાંથી?

(રાજા પાછા આસને બેસી) દેવી વેગળાં ગયાં હશે, નહિ વારુ?

(માણ૦) અસાધ્ય જાણી રોગીને જેમ વૈદ્ય તજી દે, તેમ તેઓ પણ આપોઆપ મહારાજને તજીને ચાલ્યાં ગયાં. હવે કહેવું હોય તે સુખે કહો.

(રાજા) અહા! હવે ઉર્વશી

(ઉર્વ૦) મનનું માગ્યું પામી કૃતાર્થ થાય!

(રાજા)

[શાર્દૂલવિક્રીડિત.]

ભોમે ઊતરી કર્ણ રમ્ય અરપે નૂપુરની ઝેણ; ને
આવી પાછળ છાય અંગુલિદળે ધીરે રહી નેન એ;
ને પંચાઈ રહંતી ભીરુ હૃદયે ધીમે કમે સન્મુખે
રાણી બ્હેનપણીનાઁ આણી ડગલાં દેઈ પધારે સખે! ૧૫

(ચિત્ર૦) જાણ્યો, બહેન, નાથનો આ મનોરથ? ચાલ, પૂરિયે એ.

(બંને અંધારપછેડી કાઢી છૂપાતી છૂપાતી જાય છે. ઉર્વ૦ રાજાનાં નેત્ર દાબે છે. ચિત્ર૦ માણ૦ને સાન કરી વારી રાખે છે.)

(રાજા) મિત્ર, કહો ન કહો પણ નારાયણે ઊરુથી પ્રગટાવેલી સુંદરી જ છે આ!

(માણ૦) કેમ જાણ્યું?

(રાજા) એમાં શું જાણવું'તું?

[ગાથા]

કામે કરમાયલું આ વપુ પરસી અવર ના પ્રફુલ્લ કરે;
પોયણું ખીલે વીંઝાયલું ચંદ્રકિરણથી જ, ન ભાનુ કરે. ૧૬

(ઉર્વ૦ હાથ ઉઠાવી લેઈ સન્મુખ જઈ) જય જય મહારાજ!

(રાજા) પધારિયે સુંદરી. (પોતાની જોડે એક જ આસને બેસારે છે.)

(ચિત્ર૦) મિત્ર! સુખી તો ખરા?

(રાજા) હા, હવે સુખી થયો ખરો.

(ઉર્વ૦) બહેન! રખે તું મને આગળ પડનારી ગણતી. હું તો દેવીએ દેઈ દીધાથી, મહારાજે માની છું માટે, અર્ધું આસન દબાવી અડોઅડ બેઠી છું.

(*માણ૦) અહો, સૂરજ આથમ્યો ત્યારનાં આ તો અહીં દેખું!

(રાજા) પ્રિયે !

[ગાથા]

દેવીએ દેવાથી તન આજે નિજ કરી લીધ, ઠીક જ તેં;
પણ કોની અનુમતિથી પૂર્વે હરી લીધ મન મુજ તેં ? ૧૭

(ચિત્ર૦) મિત્ર ! તમે તો એ બિચારીને મૃગી બનાવી દીધી. હવે સાંભળિયે મારી એક વિનંતી.

(રાજા કાન માંડી) શું કહેવું છે ?

(ચિત્ર) વસંત ઋતુ ઊતરતાં ગ્રીષ્મમાં હું સૂર્ય ભગવાનની સેવામાં રોકાઈશ. તે વારે પ્રિયસખી સ્વર્ગને સંભારી ઝૂરે નહિ, એમ મિત્ર કરશો.

(*માણ૦) ઓહો સ્વર્ગમાં એવું છે શું ? નથી ખાવાનું, નથી પીવાનું ! ઊલટું અણમીંચી આંખે માછલાં પેઠે છે રહેવાનું !

(રાજા) સખી !

[અનુષ્ટુભ:]

દિવ્ય સૌખ્યે ભર્યું સ્વર્ગ વીસરે શે ? તથાપિ આ
અન્યને દાખલો, દાસ થઈ રે'શે પુરૂરવા. ૧૮

(ચિત્ર૦) મિત્રનો મોટો અનુગ્રહ. બહેન ઉર્વશી! કંકણ થઈ હવે મને જવાની રજા આપ.

(ઉર્વ૦ ચિત્ર૦ને ભેટી) બહેન, મને વીસારતી માં.

(ચિત્ર૦ મ્હો મલકાવી) તને જ મારે એવું વીનવવું હોય, બહેન, શાથી જે મહારાજના સમાગમના સુખમાં તુ મને ભૂલી જાય ખરી.

(ચિત્ર૦ રાજાને પ્રણામ કરી જાય છે.)

(માણ૦) અહોભાગ્ય, મહારાજ! આપના મનોરથ પૂરણ થયા!

(રાજા) હા, મિત્ર, હું આ અહોભાગ્ય જ માનું છું.

[વસંતતિલકા.]

ભૂપાલમૌલિમણિએ મહીં હોય ચિત્ર
એવી અખંડ પ્રભુતાથી ય એકછત્ર
ના હું કૃતારથ પૂરો લહું ઉર તેવો,
છું આ પ્રિયાચરણ કિંકર હોઉં જેવો. ૧૯

(ઉર્વ૦) વ્હાલના વચનની હદ વળી! હવે વધારે શું કહેવું?

(રાજા) પ્રિયે! ઇચ્છિત વસ્તુ મળતાં કેવું સૌ અવળાનું સવળું થઈ સુખરૂપ નીવડે છે!

[વસંતતિલકા.]

તે ચંદ્રના જ કર શૈત્ય તને સ્ફુરે છે.
તે કામના જ શર મોદ ઉરે ભરે છે.
જે જે હતું વિરહમાં પ્રતિકૂળ પૂર્વે,
તે સંગમે અત્ર બને અનુકૂળ સર્વે. ૨૦

(ઉર્વ૦) વાર કરતાં શું કરી અરે હું મહારાજની અપરાધી બની!

(રાજા) નહિ નહિ, પ્રિયે!

[અનુષ્ટુભ]

દુઃખ જે સુખ આવ્યું તે લાગે છે વધુ મીઠડું;
હોય શીળું વડું તાપે તમને વડઝૂથડું. ૨૧

(માણ૦) મિત્ર! પહેલી રાતની મીઠી ચાંદનીમાં બહુ બેઠાં. હવે અગાશીમાંથી મેડીમાં પધારવાનો સમો થયો છે.

(રાજા) ત્યારે આગળ થા ને આ તારી સખીને માર્ગ બતાવ.

(માણ૦) પધારિયે, દિવ્ય સુંદરી!

(સૌ મેડીમાં જાય છે.)

(રાજા) જતાં જતાં) પ્રિયે! અત્યારે મારી લાલસા એટલી જ છે,

(ઉર્વ૦) શી વારૂં, વ્હાલા !

(રાજા) કે

[પુષ્પિતાગ્રા.]

અપૂરણ મનકામના છતાં જે
શતગુણ દીસતી દીર્ઘ, તે જ આજે
રજનિ તુજ સમાગમે ય તેવી
નીવડી વડી હું કૃતાર્થ થાઉં સેવી. ૨૨

(સૌ જાય છે.)

અંક ૪.

વિષ્કંભક.

(ચિંતાતુર ચિત્રલેખા ને તેની સાથે સહજન્યા પ્રવેશ કરે છે.)

(સહ૦) સખી! હું જોઉં છું, કે તારા મનમાં કંઈ ભારે સંતાપ છે. કેમકે તારૂં મ્હો વ્હીલાયું છે; ને કરમાયલા કમળ જેવું દેખાય છે. એ તારો સંતાપ તું મને કહે, બહેન, જેથી હું તારા દુઃખની ભાગિયણ થાઉં.

(*ચિત્ર૦) કંઈ નહિ; એ તો, બહેન, અપ્સરાઓની વારી પ્રમાણે સૂર્ય ભગવાનની સેવા ભરવા દરમ્યાન મને ઉર્વશી સાંભરી આવી;

(સહ૦) તમારાં સહીપણાં જાણું છું.

(ચિત્ર૦) ને મારા મનમાં એમ થયું, કે જોઉં વારૂ આજ-કાલ શા સમાચાર છે? પછી મેં ધ્યાન ધરીને જોયું, તો મહાન અનર્થ દીઠો.

(સહ૦) હેં! શો તે?

(*ચિત્ર૦) અમાત્યોને રાજકાજ સોંપી વિલાસને ઇચ્છતા રાજર્ષિને લેઈ ઉર્વશી ગંધમાદન વને સિધાવી હતી.

(સહ૦) એવી ભૂમિમાં વિહાર, તે તે વિહાર.

(ચિત્ર૦) ત્યાં મંદાકિનીના કોરા રેતાળ પટમાં ઉદયવતી નામે વિદ્યાધરકુમારિકા ખેલ કરતી હતી, તે રાજર્ષિ જોવા રહ્યા; એટલે ઉર્વશી રીસાઈ.

(સહ૦) એમ જ હોય. 'વ્હાલઘેલું વચકાય વ્હેલું.'

(*ચિત્ર૦) તેને મહારાજે ઘણાં ઘણાં વાનાં કર્યાં, પણ તેણે કંઈ કાને જ ન ધર્યું; ને રોષમાં ને રોષમાં, આપણે તજવા જોગ જે કુમારવન, તેમાં ઝંપ લેઈને પેઠી. ત્યાં સરહદ ઉપર જેવો તેણે પગ મૂક્યો, તેવી જ તે બદલાઈને વેલ બની ગઈ!

(સહ૦) દૈવ સારાને કે નરસાને એકને મૂકતું નથી. તોબા તોબા! એ નેહ ને આ છેહ! વારૂ, બિચારા રાજર્ષિના શા હાલ છે?

(*ચિત્ર૦) વનમાં એ વ્હાલીને સારો દિવસ શોધ શોધ્યા કરે છે. તેમાં આ મેઘ ચડી આવ્યા છે, એટલે તો એ બિચારાના કેવા એ ભૂંડા હાલ થશે! સુખિયા સંજોગી જીવને પણ મેઘ વ્યાકુળ કરે છે.

(*સહ૦) સખી! એવા ભવ્ય પુરુષો પીડાયા કરવાને નિર્મ્યા નથી. માટે તેમના ફરી મેળાપનો જોગ કોઇ પણ ઘડી રાખ્યો હશે. (પૂર્વ ભણી પ્રકાશથી નજર ખેંચાતાં) ચાલ, ચાલ, બહેન, સૂર્ય ભગવાનની સેવામાં હાજર થઇયે. એ આ આવ્યા, હો.

(બંને જાય છે.)

(ઉન્મત્ત દશામાં રાજા પ્રવેશ કરે છે.)

(રાજા) અરે ઓ લુચ્ચા રાક્ષસ! ઊભો રહે. મારી વ્હાલીને લઈને ક્યાં જાય છે? તું પર્વતના શિખર ઉપરથી ગગને ચડી ધનુષ ખેંચી મારા ઉપર બાણનો વરસાદ વરસાવે છે! (ફોરાં શરીરે અડતાં) અરે રે! હું તો ભૂલ્યો.

[હરિણી.]

નવલ ઘન આ ગાજે, ન્હોયે નિશાચર પાપ એ;
સુરધનુષ આ ખેંચેલું છે, નથી રિપુચાપ એ;
જળની વરસે ધારા આ તો, ન બાણની પંક્તિ એ;
વીજ કનકની રેખા શી આ, ન જોબનવંતી એ. ૧

(વિચારમાં પડી જઈ) ત્યારે ક્યાં ગઈ હશે એ?

[શાર્દૂલવિક્રીડિત.]

રૂડી અંતરધ્યાન હોય થઈ એ; ના રોપ તે તો ટકે.
હોયે સ્વર્ગ ગઈ; પરંતુ મુજમાં એનું રમે ચિત્ત છે.
દૈત્યોએ હરી હોય; તે ય ન બને ઊભેલ હું આ છતે.
ગોરી ગૂમ થઈ ગઈ કહીંક એ. કેવું કહું કર્મ તે! ૨

(ઊંચે જોઈ નીસાસો મૂકી) અફસોસ! ભાગ્યની પડતી, ત્યાં નડતીમાં નડતી!

[માલ્યભારિણી.]

દયિતાથકી આ અચિંતવ્યો ને
સહવો સાંપ્ર વિયોગ ઉદ્ભવ્યો; ને
નવલી વળી વાદળીથી શીળા
દિન ઉન્માદક આવિયા રસીલા! ૩

*શા માટે ત્યારે આ વર્ષાકાળને જ દેશવટો ના દેવો? દુઃખનો વધારો ખમી રહેવાનું કારણ નથી. એ ખરું, પણ દેશવટો તો નહિ દેઉં. આ બધો વર્ષાનો અસબાબ છે, તો મારો રાજવૈભવ બન્યો રહે છે. શી રીતે? તો કે

[મંદાક્રાંતા.]

*રાજે વીજે ગગન ગરવું ચંદવો હેમનો આ.
ઢાળે ઊભાં નિચુલ તરુઓ મંજરી ચામરો આ.
ગાયે સુરે મધુર મધુરે મોર બંદિજનો આ.
ધારા મોતીસર સમરપે અબ્દ સોદાગરો આ. ૪

પણ એ વૈભવની ભૂંગળ વગાડચે વળ્યું શું? ગૂમ થયેલી ગોરીને જ શોધું ને. એ આ વનમાં પેઠી હતી. (બે ડગલાં ભરી) હહા! મનથી કરેલા ઠરાવમાં જાણે કંઈ ઉશ્કેરણી બાકી હોય, તેમ

[ગાથા.]

જળકણભીના અરુણા કદળીના દોડલા રમરાવે આ
આંસુએ ઊભરાતાં રોષે રાતાં નયન એનાં! ૫

હવે મારે શી રીતે જાણવું, કે અમુક માર્ગે જ વ્હાલી ગઈ હશે? હાં, હાં,

[વસંતતિલકા.]

આ વૃષ્ટિએ રચીપચી વનભૂમિમાં જ્યાં
એ અંગના ગઈ હશે ડગલાં દઈ, ત્યાં

પ્રૌઢા નિતંબથી પૂઠે ઢળતાં ઢળેલાં
રાતાં હશે જ અળતે પગલાં પડેલાં[1]. ૬

(આગળ જતાં નજર નાંખી હર્ષ સાથે) આહા! એ આ-કળી અલબેલીનો પત્તો લાગ્યો. એ દેખાય એનું એંધાણ.

[વંશસ્થ.]

રીસે ભરી સુંદરી વેગમાં જતાં
પડ્યો પછેડો શુક તુલ્ય નીલ આ;
જહીં લઈ ઓઠની લાલી આંસુડાં
રડ્યાથી રેલા પડિયા રતૂમડા. ૭

(*ધારીને જોતાં) અરે રે! એ તો રાતી ગોકુળગાયવાળો નવી હરિયાળીથી છવાયલો જમીનનો ટુકડો છે! હરિ-હરિ! આ ઉજ્જડ વનમાં વ્હાલીની ભાળ મેળવવી પણ ક્યાંથી? (થોડેક છેટે મોરને જોઈ) અહા! પણ ચોગાનમાં છાટ ઉપર કળા કરી મોર ઊભો છે. એ

૧. ઉત્તરાર્ધના ભારે વર્ણથી પૂંઠનો ભાર અને કોમળ વર્ણથી વનભૂમિનું નરમપણું સાથે સાથે સૂચવ્યું છે.

છાટના શિઞ્જિતની જ વાસ આ વરસાદના છાંટા પડવાથી ફેરે છે. એ મોર કેવો

[ગાથા.]

કરી ડોક ઊંચી ટહુકે ફૂલાવી ગળું વિકાસી લોચન, ને
સનમુખ પવનથી થનથન થાતાં પીંછે જુએ ઘનને[1] । ૮

એને પૂછી જોઉં. (જરા પાસે જઈ)

[અનુષ્ટુભ.]

વનમાં વનિતા ઊંચા કંઠની, નીલકંઠ હે
નૃત્તે શૂરા, પૂરી નૃત્તે તે જોવા જેવી જોઈ તેં? ૯

વાહવા રે! આ તો ઉત્તર આપવાનું મૂકી નાચવા મંડી ગયો! શાથી એ આટલો બધો હરખાતો હશે? (વિચાર કરી) ઠીક, ઠીક, સમજ્યો.

૧. સર્પાકારે વાંક લેઈ ઊંચી થતી ડોકનું સૂચક વર્ણચિત્ર બીજું જગણાત્મક ચતુષ્કળ છે; વધારે વધારે ફૂલતા સાંકડા ગળાનું વર્ણચિત્ર તે પછી લાગલાગટ ત્રણ ગુરુએ આળેખ્યું છે; અને પીંછાંનો થનથનાટ લઘુવર્ણની વર્ણસગાઈથી જણાવ્યો છે.

[માલિની.]

*મયુરિયું મકલાયે ગૂમ ગોરી થયાથી
ધન નવલ કળાની હોડનું ના રહ્યાથી.
પણ શું કરત એ, જો હોત ફૂલે ભરેલી
યુવતિની રતિરંગે વેણી ઢીલી પડેલી[1] ? ૧૦

બસ, એ પરદુઃખે સુખિયાનું મ્હો ન જોવું. (આગળ જતાં કોયલનો ટહુકો સાંભળી) અહો ! કોયલ. વર્ષા બેસતાં કેવી એ મદે ભરી જાંબૂડાના ડાળે ટહુકે છે ! પંખીઓમાં ચતુર છે એ. માટે એને વીનવું. અહો મીઠી બોલી બોલનારી !

[વસંતતિલકા.]

કામી જનોતણી તું કામની દૂતિ દીઠી.
તું માનમોડણ અમોઘ જ અસ્ત્ર, મીઠી !
તો તે શું લેઈ જઈ મેળવ વ્હેલી વ્હેલી,
કે તેડી લાવ તતખેવ તું તે રૂઠેલી. ૧૧

1. ક્ષુદ્ર હર્ષ 'મકલા' ક્રિયાપદથી, તિરસ્કાર લઘુતાવાચક પ્રત્યયથી અને તુચ્છતા નાન્યતર જાતિથી દર્શાવેલ છે.

*તું પૂછીશ કે આટલો પ્રેમ છતાં કેમ એ તજી ગઈ? તો હું કહું. સાંભળ.

[સુંદરી.]

નથી કારણ કોપનું કંઈ.
વણુવાંકે વચકાઈ એ ગઈ,
ધણિયાણી ધણીની એ ધણી;
વદવી વાત તહીં શી વાંકની? ૧૨

અરે! આ તો મારી કર્મકથા પડતી મૂકી પોતાને કામે લાગી! અથવા ઠીક જ કહ્યું છે, કે

[માલિની.]

સરવ પરની પીડા તાતી એ શીળી પેખે;
અરજ હું દૂખિયાની કેમકે લે ન લેખે,
અધર જ્યમ મદાંધા કો પીએ, તેમ હાવાં
મચી પડી મધુરું એ રાયજાંબૂ જ પીવા. ૧૩

* ભલે, એમ છે, તોયે એની બોલી મારી વ્હાલીના જેવી મીઠી છે, તેથી એને મારા કોપનો સ્વાદ ચખાડવો ઘટતો નથી. જોઉં આ માર્ગે. (કંઇક આગળ વધી કાન

માંડી) ઓહો! દક્ષિણમાં ઝાંઝરનો રણકો થાય છે! વ્હાલીના જ પગલાંની એ વધામણી હોવી જોઈયે. જઈ પ્હોચું ત્યાં. (જઈ હંસ જોઈ) અરે અરે!

[અનુષ્ટુભ.]

ઘનઘોર દિશા દેખી જવા માન સરોવરે
અધીરા રાજહંસોનો સ્વર, ઝાંઝરનો ન એ. ૧૪

*હશે. એ જળાશયમાંથી ઊડી જાય, તે પહેલાં એમની પાસેથી પ્રિયાની ભાળ મેળવી લેઉં. (પાસે જઈ મુખ્ય હંસ પ્રતિ) અહો જળચર પક્ષીઓના રાજા!

[વસંતતિલકા.]

ઊભો રહે પલક, પથ પછી તું જાજે;
ભાથું મુખેથી મૂક, એ બિસ પૂંઠ લેજે.
દૈ ભાળ વ્હાલીની વ્યથા હરી લે ઊંડેરી.
છે સ્વાર્થથી અધિક આરત આર્તકેરી. ૧૫

*એ બોલતો નથી, પણ ઊંચું મ્હો કરી જુએ છે; તેથી શું એમ કહેવા માગે છે, કે માનસરોવર જવાના રઘવાટમાં મારા જોવામાં આવી નથી? ઠીક જ તો! પણ અલ્યા! આ સરોવરના

[માલ્યભારિણી.]

તટના પટમાં અટંતી જો એ
દયિતા દિવ્ય ન દીઠી હંસ! હોયે,
મદથી મલપંતી તો તું તેની
હરી લાવ્યો ગતિ ક્યાંથી? ચોર! કહે ની. ૧૬

માટે

[અનુષ્ટુભ]

દઈ દે દયિતા મારી; ચોરી છે ચારુ ચાલ તેં.
ઝલાતાં માલ, મુદ્દો એ આરોપી આપવો પડે. ૧૭

(મોટથી હસતો) હાહહા!

ભાગ્યો ભાગ્યો ચોરને દંડનાર
રાજા જાણી બાવરો બામટો એ!

(આગળ વધી) કોણ આ સજોડે રહેનાર? ચક્રવાક? પૂછું એને.

[અનુષ્ટુભ.]

ચક્ર શી પૂંઠવાળીથી વિખૂટો, ચક્રવાક હે,
ચિંતાચક્રે ચડેલો આ ચક્રવર્તી પૂછે તને, ૧૮

*શું ? 'કો ? કો ? કો ? કો ?' એમ પૂછે છે[1] ? અરે તેં મને ન ઓળખ્યો ?–

[અનુષ્ટુભ.]

આજા સૂર્ય અને દાદા ચંદ્ર જેના પ્રસિદ્ધ છે,
જે વળી ઉર્વશીએ ને ઉર્વીએ વરી લીધ છે. ૧૯

કેમ ? એણે મ્હો બીડી દીધું ? જરા ખખડાવું ત્યારે.

[હરિણી.]

કમળદળના ઓઠે મીઠી ન જોઉં સરોવરે
નિકટ ચકવી છેટે ટેવી અધીર ઉરે ઝૂરે,
અલગ પડતાં નેહે વ્રેહે તું એમ ડરી મરે;
વિધુર જન શું મ્હો એ માંડે ન આમ; અલ્યા શું એ ? ૨૦

અફસોસ ! મારું દુર્દૈવ જ પૂણે છે એ; બીજું શું ? ચાલ, રામ, બીજે જાઉં. (ડગલું ભરી એકાએક ઊભો રહી) સબુર, સબુર.

---

૧. 'કો કો કો કો' એ ચકવાકની સ્વાભાવિક બોલી છે, જેને લીધે એને કોક પણ કહે છે.

[અનુષ્ટુભ.]

દંતદંશે ગગણતું વામાવદન, તે મને
સ્મરાવી અબ્જ રોકે આ ભર્યું ભ્રમરના સ્વને[1]. ૨૧

લાવ, ત્યારે, આ કમળમાં બેઠેલા મધુપને પણ અરજ કરી લેઉં, જેથી અહીંથી ગયા પછી મનમાં વસવસો ન રહે.

[માલિની.]

મધુપ! મધુરનેની ક્યાં ગઈ એ? કહે ની.
નથી થઈ અથવા તો તુજને ઝાંખી એની.
મુખની સુમુખીના જો હોય તેં વાસ સેવી,
તવ થઈ લવલેશે પંકજે પ્રીતિ કેવી? ૨૨

હવે બીજે જોઉં. (કેટલાંક ડગલાં જઈ) હાં, પેલો કદંબના થડને અઢેલીને હાથણી સાથે હાથી ઊભો. એ મને

1. પૂર્વાર્ધમાં અનુસ્વારના યોગમાં ગળામાંના ધ્વનિનું સૂચન છે. ઉત્તરાર્ધમાં કઠોર જોડાક્ષરથી એકદમ લક્ષ ખેંચાવું અને ભકારની વૃત્તિથી ભરપૂરપણું પણ વર્ણચિત્રદ્વારા સૂચવ્યું છે.

પ્રિયાની ભાળ આપે ખરો. (જરા પાસે જઈ ધારીને જોઈ) સબુર, ઊતાવળ કરવા જેવું નથી. શાથી જે એ

[ગાથા.]

*સ્રવતી સુરસ સુરા સમ નવપલ્લવવાળી ડાળી વેલતણી
આરોગે છે મુખમાં મૂકેલી માનીતી હાથણીની[1]. ૨૩

(થોડીવાર રહી) હા, હવે એ પરવાર્યો, માટે પૂછું. અહો મદ ગળતા ગજરાજ !

[ગાથા.]

ગૂંથી જૂઈથી જેની વેણી, તે નિત્યયૌવના મીઠી
તવ કર સરીખી ઊરુની દૂર દગે સુંદરી દીઠી[2] ? ૨૪

(ખુશ થતો) અહા ! આ તારા ભર્યા મીઠા સ્વરથી પ્રિયાના સમાગમની આશા આપી તું મને કેવો ધીરજ આપે છે ! એ કારણથી, અને વળી તારા મારામાં સમાનતા છે તેથી, તારા પર મારો પ્રેમ ઢળે છે.

---

૧. આરંભની વર્ણસગાઈ સરસર દ્રાવના પડધારૂપ છે.

૨. અક્ષરની ગૂંથણી ફૂલની ગૂંથણીનું ભાન કરાવનારી જણાશે.

[શાર્દૂલવિક્રીડિત.]

તું રાજા ગજરાજનો, અવનિમાં હું ભૂપનો ભૂપ છું;
તું દે દાન ઉદાર અર્થી તરપે, તર્પું છું તેવો જ હું.
યૂથે હસ્તિનીમાં તું, ઉરવશીમાં અંતઃપુરે લુબ્ધ હું;
તું હું તુલ્યઃ—અરે વ્યથા વિરહની હું શી ન વેઠીશ તું. ૨૫

*સદા સુખી રહે તું! ચાલ, રામ. (જતાં પડખે નજર નાંખી) અરે હા! પેલો પર્વત જણાય, તે તો સુરભિકંદર. એ બહુ રમણીય હોઈ અપ્સરાઓને પ્રિય છે. ઉર્વશી એના ઉપલાણમાં તો ન હોય? (જતાં જતાં) ક્યાં કર્મની વાત? વીજળી પણ ઝબકતી બંધ પડી ગઈ! ગમે તેમ હોય, પણ આ ગિરિરાજને પૂછ્યા વિના તો ન જ જવાય. (સામો ઊભો રહી) અરે ઓ બહોળા ઢોળાવવાળા ગિરિરાજ!

[દ્રુતવિલંબિત.]

કટિતટે તવ કાનન દિવ્ય છે.
ભુવન ભૂપ મનોજનું ભવ્ય જે.
તહીં વડા કુચભારથી કોઈ તેં
લચી લચી જુવતી જતી જોઈ કે? ૨૬

કેમ બોલતો નથી? છેટું બહુ છે, તેથી એનાથી સંભળાતું નહિ હોય. હશે, પાસે જઈ ફરી પૂછું. (આગળ વધી

[ગાથા.]

*ભૂપરના ભૂધરના ભૂપતિ હે! ભમતી ભવ્ય વન માંહી
સર્વ અંગે સુંદર રામા મેં ખોઈ તેં જોઈ? ૨૭

(કાન માંડી હર્ષ સાથે) વાહ! તું પણ અક્ષરે અક્ષર મારા જ બોલોમાં 'જોઈ' કહે છે! તો હવે સાંભળ બીજો પ્રશ્ન.

[અનુષ્ટુભ.]

એ મારી માનિની ક્યાં છે?–

(એના એ શબ્દો પડઘામાં સાંભળી) અરેરે! આ તો ડુંગરની બખોલમાંથી મારા જ બોલનો પડઘો સંભળાય છે! (છેક નંખાઈ જઈ) ઓ રે! પગ પાકા ગૂમડા જેવા થઈ ગયા છે. થોડી વાર આ પહાડી નદીના તીરે બેસું, એટલે પાણી ઉપર થઈને પવનની લહેરો આવે છે તેથી થાક ઊતરી જશે. (બેસીને) નવું પાણી આવ્યું

છે ને વહેણુ ડોળાયું છે, તે છતાં એ આ નદીને જોઈ મારું મન રીઝે છે.

[શિખરિણી.]

*તરંગો ભ્રૂ શા છે; કટિની રસના, કાં ખગ, રસે;
પ્રકોપે વીંખાતું પટ જ પથરાતું ફીણ હસે;
અરે આ તો વાંકિ કંઈક મમ વંકાતી અતિશે
નદીરૂપે ચંડી અપટ પલટાઈ ગઈ હશે[1]. ૨૮

ત્યારે આ મારી વ્હાલીને હું વીનવું. (હાથ જોડી)

[દ્રુતવિલંબિત.]

વચનથી, મનથી, ત્યમ કર્મથી
રહું રટી, લટી, રીઝવવા મથી.
તદપિ દોષ જુએ મુજ શો પ્રિયે!
પરહરી તુજ દાસ જ જાય કે? ૨૯

(વિચારી જોઈ) ના ના, આ તો સાચે સાચી નદી જ છે. ઉર્વશી કોઇ કાળે પુરૂરવાને છોડીને સમુદ્રને સેવે

૧. સાદૃશ્ય, તુલ્યકોટિક સંશય, અધ્યારોપ અને નિશ્ચય રાજાના મનનું રૂપાંતર જણાવે છે.

નહિ. ખેર, હવે પાછો, જ્યાં તે સુદર્શના અદૃશ્ય થઇ, ત્યાં એકવાર જાઉં. એ તો

જે નિરાશ ન થઈ મચ્યો રહે,
તે જ ઇષ્ટ સુખની ઘડી જુએ.

(પાછા વળી રાતું કદંબ છેટેથી જોઈ) હાં, હવે તો પત્તો લાગ્યો જ.

[ગાથા.]

રાતું કદંબ આ તે, આછા રેસાનું જેનું અદ ઊઘડ્યું
વર્ષાસૂચક સુહવ્યું એણે અંબોડલે ફૂલડું. ૩૦

એના પડખે કાળિયાર છે. વાહ રે વાહ !

[અનુષ્ટુભ.]

કાળિયાર ઊભો એ, તે વર્ષાશોભા વિલોકતે
વનદેવીતણો માનું ઠર્યો મૂર્ત કટાક્ષ છે ! ૩૧

એને હું વ્હાલીની ભાળ આપવા વીનવું. અરે કેમ એ મારી અવગણના કરતો હોય તેમ મ્હો ફેરવે છે? (ધારીને જોઈ) હાં, હાં, સમજ્યો.

[ગાથા]

મૃગલી આવતી વચમાં અચકી પય મૃગલિયું પીવા વળગ્યે;
મૃગ ડોક વાંકી વાળી આ એને જોય એકટશે[1]. ૩૨

(અધીરાઈથી) અરે ઓ હરણના ટોળાના સરદાર !

[મંજુભાષિણી.]

વનિતા વિલોકી કહીં એ વને ઘને ?
તું કહી શકીશ લહીં આ જ લક્ષણે:
તવ વ્હાલીડી મૃગલી શાં વિશાળ ને
અતિ એહનાં નયનિયાં રસાળ છે.[2] ૩૩

ફટ રે ભૂંડા ! મારું કહેવું કાન તળે કાઢી જાય છે હરિણી ભણી ! એમ જ હોય.

૧. નરના મુકાબલામાં માદાનું નાજુકપણું 'મૃગ' 'મૃગલી'ના પ્રયોગથી અને બચ્ચાનું પ્રિયપણું 'મૃગલિયું'ના પ્રયોગથી દર્શાવ્યું છે. દૂધ પીવા બચ્ચું માથું મારે છે તે પૂર્વાર્ધના જગણથી અને મૃગ વાંકી ડોક કરી જુએ છે તે ઉત્તરાર્ધના જગણથી નિરૂપિત છે.

૨. 'રસાળ' વિશેષણે ઉપલક્ષિત નયનગત કોમળપણું 'નયનિયાં'ના પ્રયોગથી બતાવ્યું છે.

અવદશા અપમાન ખમવાને જ છે.

ચાલ, રામ. (આગળ જતાં કંઈક ચળકતું જોઈ) અહો ! પેલું પથરા ભેગું શું દેખાય છે ?

[શિખરિણી.]

ઝગે, તેથી સિંહે હત ન ગજનો માંસલવ એ;
પડે વૃષ્ટિ, તેથી કણ અનલકેરો ય નવ એ;
હહાં, આ તો જાસૂ સમ અરુણ મોંઘો મણિ જ છે,
લઈ લેવા જેને નિજ કર વધારે રવિ શકે! ૩૪

શો મનોહર છે ! લેઉં, લેઉં. ના, ના, નહિ લેઉં. શું કરવો છે ?

[ઇંદ્રવજ્રા.]

આ અર્પવો જેહનોં વેણ્યોં માંહી
મંદારની મ્હેકથીં મોહદાયી,
તે તો પ્રિયા દુર્મિળ છે જ હાવે;
કાં એ કરું દૂષિત આંસુડાંએ ? ૩૫

(પડદા પાછળથી) લેઈ લે, વત્સ, લેઈ લે એ.

[ગાથા.]

પરમેશ્વરીના પગનો જાવક ઝર્મી જાર્મી જેહ ઊપજેલો,
સંગમનીય મણિ જ એ; વ્હાલાંને મેળવે વ્હેલો. ૩૬

(*રાજા કાન દેઈ) અરે કોણ મને આ ચેતાવે છે ? (પડદા તરફ જોઈ) અહો ! ગજચર્મધારી શંકર ભગવાન પોતે જ છે. મહારાજ ! મોટો અનુગ્રહ કર્યો કે આપે મને ચેતાવ્યો. (મણિ લઈને) અહો સંગમનીય !

[વંશસ્થ.]

મહેશ જેવો શશીને શિરે ધરે
તને હું તેવો ધરું શીશ આદરે,
મૃગેંદ્ર જેવી કટિવાળી જો ફરી
તું મેળવે દુર્મિળ દિવ્ય સુંદરી. ૩૭

(આગળ જતા એક વેલ જોઈ) અહા, આ વેલને એક પણ ફૂલ નથી, તોપણ મને એ કેમ પ્રિય લાગતી હશે ? હાં હાં, જાણ્યું. એમાં મારું મન રમે એ યોગ્ય જ છે.

[શાર્દૂલવિક્રીડિત.]

ટીશી આ જળબીનીં, શું અધર એ ધોવાયલો આંસુએ?
હૂલી ફૂલ ગયે સૂની શીં, અડવી આભૂષણોએ શું એ ?
વાગ્યે ભૃંગની ગુંજ શાંત દીસતી, ચિંતાથી શું મૌન એ ?
ઝાંખી પાંખી શી તર્જી વર્જી મુજને ચંડી લહું ખિન્ન એ[1]. ૩૮

આ મારી પ્રિયાની નકલ કરનારી વેલને ભેટવાને મારું મન આકર્ષાય છે.

(રાજા આલિંગન દે છે. તે જ ક્ષણે વેલ બદલાઈ ઉર્વશી બની જાય છે.)

(રાજા મીંચેલાં નેત્રે સ્પર્શસુખ અનુભવતો) અહાહા, કેવી ટાઢક વળે છે! મારું શરીર જાણે ઉર્વશીનાં જ ગાત્રનો સ્પર્શ અનુભવે છે, પણ મારું અવિશ્વાસિયું મન માનવા ના પાડે છે. ખરે જ

[વંશસ્થ.]

પ્રિયા વિશે પૂર્વ કરું વિતર્ક જે,
ખચીત ખોટા નીવડે ક્ષણે બીજે;

---

૧. ભેલા ચરણની કઠોરતા તર્જન વર્જનમાં રહેતી કઠોરતાના પ્રતિધ્વનિરૂપ છે.

ન તો ઉઘાડું સહસા હું લોચનો.
સજું ભજું આમ જ સ્પર્શ એહનો. ૩૯

(રહેતે રહેતે આંખો ઉઘાડી) સાચે જ આ તો પ્રિયતમા છે!

(ઉર્વ૦ પોતાનાં આંસુ લૂછી નાંખી) જય જય, મહારાજ.

(રાજા) અહા

[અનુષ્ટુપ.]

ડૂબી તિમિરમાં તન્વી! વિજોગે ઘડી ધન્ય, કે
ઘબી ઝોખે લહે શુદ્ધિ, પામિયો તેમ હું તને! ૪૦

(*ઉર્વ૦) માફ કરજો, મહારાજ, હું કોપને વશ થઈ ને તેને લીધે આપના આવા હાલ થયા. એનો રોસ ઊતરી જાય અને મહારાજનું મન પ્રસન્ન થાય, એમ હું ઇચ્છું છું.

(*રાજા) પ્રિયે ! તારા દર્શનથી જ મારાં ઈંદ્રિયો અંતઃકરણ અને અંતરાત્મા સૌ પ્રસન્ન થયાં છે. પણ કહે વારું, તું મારા વિના આટલો બધો વખત શું કરતી 'તી?

(*ઉર્વ૦) સાંભળો, મહારાજ. પૂર્વે કુમાર ભગવાન જાથુનું

કુમારવ્રત ધારણ કરી ગંધમાદન વનના આ પવિત્ર ભાગમાં આવીને રહ્યા હતા. તે સમયે તેમણે મર્યાદા બાંધી હતી,

(રાજા) શી?

(*ઉર્વ૦) કે 'આ ભાગમાં જે સ્ત્રી પગ મૂકશે, તે બદલાઈને વેલ બની જશે; ને તે માજીના પગના અળતાના બનેલા સંગમનીય મણિ વિના એ સ્થિતિમાંથી છૂટવા પામશે નહિ.' એ દૈવી મર્યાદા વીસરી જઈ આ કુમારવનમાં પેસતાં જ હું તો બદલાઈને વાસંતી વેલ બની ગઈ હતી.

(રાજા) બરાબર, બરાબર. બાકી તો

[ગાથા.]

રતિરમઝટના શ્રમમાં નયન ઢળી જતાં જ સોડમાં ય લહે
સો ગાઉ દૂર મુજને, તે તું શે દીર્ઘ વિરહ સહે? ૪૧

પ્રિયે! તેં જે ફરી મેળાપનું નિમિત્ત કહ્યું તે આ મણિ. (બતાવે છે.) એનો પ્રતાપ અબઘડી જોયો.

(*ઉર્વ૦) હાં, હાં, મહારાજે આલિંગન દીધું ને હું હતી તેવી થઈ તે એમાં. (મણિ લેઈ માથે ચઢાવે છે.)

(રાજા) એક ક્ષણભર, સુંદરી, એ મણિ માથે ધરી રાખ.

[ગાથા.]

મુખ તવ નિલવટ પરના મણિના અરુણા પ્રકાશથી છવાયું
ઊગતા રવિનાં કિરણે રાતા કમળથી લહે સવાયું. ૪૨

(ઉર્વ૦ મણિ પાછો સમર્પતી) મારા મધુર વચનના નાથ ! આપણે હવે પાછાં વળિયે. પ્રતિષ્ઠાન છોડયે આપણને બહુ કાળ થયો છે. હું પ્રજાની આંખમાં આવીશ.

(રાજા) જેવી દિવ્ય વ્હાલીની આજ્ઞા.

(ઉર્વ૦) મહારાજ શી રીતે પધારવા માગો છો ?

(રાજા) સુંદરી !

[મંજુભાષિણી.]

ચપળાની ચારુ ફરુકે ધજા અને
સુરચાપનું નવલું તોરણે બને;
વિધ એ વિચિત્ર ઘનના વિમાનમાં
નિજ રાજધાની જ સિધાવિયે હવાં. ૪૩

(બંને મેઘના વિમાનમાં સિધાવે છે.)

અંક ૫.

વિષ્કુંભક.

(ખુશ થતો માણવક પ્રવેશ કરે છે.)

(*માણ૦) સરવના રૂડા ભાગ્યે પ્રિયમિત્ર ઘણે વર્ષે પ્રતિષ્ઠાન પાછા આવ્યા. એઓ દેવી ઉર્વશીના સમાગમમાં કંઈ કંઈ દેવતાઈ વનમાં વિહાર કરી આવી હવે રાજવટથી રાજ કરે છે. પ્રજા પણ તેમનાથી ખુશ ખુશ છે. એ રીતે એમને એક સંતાન વિના કશી વાતની ઊણમ નથી. એઓ આજે પુણ્ય પર્વ હોવાથી પવિત્ર ગંગાયમુનાના સંગમમાં સ્નાન કરવા પધાર્યા છે. અહા, એ રાણીઓ સાથે ન્હાઈ કરી તંબુએ પધારે છે. હવે એઓ ફૂલના હાર કેસર ચંદન વગેરે ધારણ કરશે. ત્યારે હું પણ પળ સાધી વ્હેલો વ્હેલો જઉં અને પરસાદી પ્હેલો પ્હેલો લઉં. (રાજાના તંબુ ભણી જવા માંડે છે.)

(*પડદા પાછળ) હાય રે ! મહારાજના શેણુગારની મણિ મ્હારા મૂંડાનો શકરો બાજ ઝોંટી ગયો! એ હું આ તાડ-

સાની અડારીમેં ધોરાં હીરાગરના અંગૂસા પર મૂંચી લઈ જાતો તો ને મુએ માંહનું બટકું સે કરી ઝડપ મારા (*માણ૦ સાંભળી) ભૂંડું થયું! એ તો મિત્રનો પ્રાણથી વ્હાલો સંગમનીય. એ બેઠા હતા ત્યાંથી ઊઠી અધૂરા શણગારે આ આવતા હશે તે એના માટે જ. મગું એમને. (જાય છે.)

(પરિજન સાથે રાજા અને માણવક પ્રવેશ કરે છે.)

(રાજા) અરે

[અનુષ્ટુભ.]

ક્યાં છે એ મોત માગંતો સીચાણો ચોર ? જેહણે
સઉ મોર કરી ચોરી મંદિરે જ મહીપને ! ૧

(કિરાત) પેણુ મૂંડામેં હોનાની હેરે મણી લઈ ચકર ચકર આભમેં ભમે સે ને રમચીનાં કૂંડારાં કૂંડારાં કરે સે એ.

(રાજા) દીઠો, દીઠો.

[ઉપજાતિ.]

સુવર્ણસૂત્રે મણિ ચાંચ માંહે
ભરી, લઈ ચક્કર વેગમાં એ

ઊડંત, અંગારક શું અનેરું
દોરે ફેંકું વર્તુલ તેજકેરું. ૨

શું કરવું હવે? એને તે જવા દેવો કે દંડ દેવો?

(**માણ૦**) ચોરને દંડ દેવો. એ તો એ જ. એના ઉપર દયા કેવી!

(**રાજા**) મિત્ર, તું ખરું કહે છે. લાવો રે મારું ધનુષ.

(**યવની**) આ લાઈ, મહરાજ. (ધનુષ લેવા દોડે છે.)

(**રાજા**) મિત્ર, પક્ષી તો ગયો, દેખાતો નથી.

(**માણ૦**) આમ આમ દક્ષિણમાં દેખાય એ મડદાલ માંસનો ખાનાર શિક્ષાપાત્ર ગીધડો.

(**રાજા** દક્ષિણ તરફ ફરી) હા, દીઠો હવે.

[અનુષ્ટુભ.]

કિરણે કરી મોટેરા મણિરૂપે દિશામુખે
અશોકગુચ્છનું છોગું ગીધ એ સુહવે શકે! ૩

(*યવની પ્રવેશ કરી) આ કામઠું, મહરાજ.

(રાજા) હવે શા કામનું? એ કાચા માસનો ખાનાર ક્યાં એ બાણુની ચોટની બહાર નીકળી ગયો છે. હવે તો.

[ગાથા.]

રાજે રેણુ અરુણો મંગળ કાળા ઘન નિકટે જેવો,
મણિ એ ખગના મુખમાં ઓપે આઘે પણ તેવો. ૪

(કંચુકીના સામું જોઇ) આર્ય લાતવ્ય! મારા નામથી કોટવાળીએ ખબર કરો, કે સાંજ પડતાં રહેઠાણુના ઝાડ પર જઈને બેસે, ત્યાં એ ચોરટા પક્ષીને પગેરું કાઢી પકડવો.

(કંચુ૦) જેવી મહારાજની આજ્ઞા. (જાય છે.)

(માણ૦) આપ હવે બિરાજો. એ જઈ જઈને મણિ ચોરી આપના શાસનમાંથી ક્યાં છટકી જવાનો છે?

(રાજા બેસે છે, એટલે માણવક પણ બેસે છે.)

(રાજા) મિત્ર!

[ગાથા.]

હું એ સંગમનીયે પામ્યો સંગમ પ્રિયાતણો ફરીને;
તેણે કરીને મણિ એ મુજને પ્રિય છે, ન મણિ કરીને. ૫

એથી જ હું આટલો અધીરો બન્યો છું.

(•માણ૦) મારું અજાણ્યું નથી. આપે મને એ મણિની હકીકત પૂર્વે કહી હતી.

(એટલામાં મણિ અને તીર લેઈ કંચુકી પ્રવેશ કરે છે.)

(કંચુ૦) જય જય, મહારાજ.

[ઉપજાતિ.]

એ વધ્ય આ બાણમિષેજ આપે
હણ્યો પૃથ્વીપતિના પ્રતાપે
સજા ગુન્હાની ભરીપૂરી પામી
મુઓ પડી ભૂ પર રત્ન વામી. ૬

(સર્વે વિસ્મય પામે છે.)

(*કંચુ૦) આ મણિ. ગંગાજળે ધોયો છે એ.

(રાજા) એને ધુપશુદ્ધ કરી, જા કિરાત, જામદારખાનામાં મૂકાવ.

(કિરાત) આ જ્યો, મહરાજ. (મણિ લેઇને જાય છે.)

(રાજા) આર્ય લાતવ્ય ! જણાય છે એ બાણ કોનું છે તે?

(કંચુ૦) નામના અક્ષરો તો છે, પણ મારી આંખે બેસતા નથી.

(રાજા) લાવો ત્યારે એ મારી પાસે. હું જોઉં.

(કંચુકી તેમ કરે છે. રાજા મનમાં વાંચે છે, તો પોતાને પુત્રવાન જુએ છે.)

(કંચુ૦) હું રજા લેઉં છું, મારે કામે જવા. (જાય છે.)

(માણ૦) મિત્ર, તમે કંઇ વિચારમાં પડયા છો, એવું શું છે?

(*રાજા) સાંભળ મારનારનું નામ. (વાંચે છે) 'ઉર્વશી-ઐલના આયુનું.'

(માણ૦ રાજી રાજી થતો) અહોભાગ્ય, મહારાજ ! કુંવરે કુળ અજવાળ્યું.

(રાજા) મિત્ર ! કુંવરનો જન્મ જ કેવો ? દૈવી ઋતુદર્શન સિવાય હું ઉર્વશીથી અળગો થયો નથી ને મેં ગર્ભ જેવું પણ કંઈ જોયું નથી. માત્ર તે ઋતુદર્શનના સમયમાં

[ગાથા.]

સામળી પડી'તી કુચની ડીંટડી; ને આંખડી જતી'તી ઢળી;
લવલીફળ થી મુખની પીળચટી બની'તી કાંતિ વળી, ૭

(માણ૦) દૈવી સ્ત્રીઓમાં બધા એ માનુષી સ્ત્રીઓના ધર્મ આપ જોવા માગો માં. એઓ તો દેવતાઈ શક્તિથી ઘણું ઘણું છાનું રાખી શકે.

(*રાજા) તું કહે છે તે ખરું. પણ પુત્રજન્મ એને શા માટે છાનો રાખવો પડે?

(માણ૦) દેવતાઓનાં ઢાંક્યાં મનુષ્યે શે ઊઘાડ્યાં જાય?

(કંચુ૦ પ્રવેશ કરી) જય જય, મહારાજ. મહર્ષિ ચ્યવનના આશ્રમથી કુમારને લેઈ તાપસી આવેલ છે, તે મહારાજને મળવા ઇચ્છે છે.

(રાજા) બેઉને વગરવિલંબે અંદર તેડી લાવો.

(કંચુ૦) આજ્ઞા, મહારાજ. (જઈ, જેના હાથમાં ધનુષ છે એવા કુમારને અને તાપસીને લેઈ પાછો પ્રવેશ કરતાં) પધારો, માજી. (આગળ વધે છે.)

(*માણ૦ નજર માંડી) કહો ન કહો, પણ પેલા બાજને વીંધી નાંખનાર અર્ધનારાચ ઉપર જેનું નામ છે, તે પ્રતાપી રાજકુમાર આ જ હોવો જોઈયે. એ આપને બહુ મળતો આવે છે.

(રાજા) એમ હોય. એને

[વસંતતિલકા.]

જોતાં ઠરે હૃદય; લોચનિયાં ભીંજાયે;
વાત્સલ્ય ભાવ ઉરમાં વળી ઊભરાયે;
ને ધૈર્ય ખોઈ બચડી ભુજજુગ્મ માંહે
આલિંગવા જ ચળવિચળ અંગ થાયે. ૯

(કંચુ૦ કુમાર અને તાપસીને) આમ ઊભો.

(કુમાર ને તાપસી બતાવ્યા પ્રમાણે ઊભે છે.)

(રાજા) નમો નમઃ , ભગવતી !

(*તાપસી) મહારાજ ! તમારી વંશવાડી વધો ! (સ્વગત) અહો ! આ આયુનો ઔરસ સંબંધ તો રાજર્ષિ જાણી ગયા જણાય છે ! કહેવું એ નથી પડ્યું ! (પ્રગટ) બેટા, આ તારા પિતાજીને હાથ જોડી પગે લાગ.

(આયુ બાણ સાથે હાથ જોડી પ્રણામ કરે છે.)

(રાજા) વત્સ ! ચિરં જીવ.

(આયુ સ્વગત) અહો !

[ગાથા.]

એહ પિતા ને સુત હું લહતાં ઊભરાય ભાવ જો આવો,
તો અંક ઊછર્યાનો નેહ વડીલ શું હરી કેવો ? ૧૦

(રાજા) ભગવતી! કેમ પધારવું થયું?

(તાપસી) સાંભળો, મહારાજ. આ ચિરંજીવી આયુ જેવો જનમ્યો, તેવો કોઇ કારણ સર ઉર્વશીએ મને સોંપ્યો હતો. એના ક્ષત્રિય કુમારને યોગ્ય જાતકર્મ આદિ સૌ સંસ્કાર ભગવાન ચ્યવને કર્યા છે. એ વિદ્યા ભણી ઊતર્યો છે, ને ધનુર્વેદ પણ શીખ્યો છે.

(રાજા) મોટી ઓથ મળી ને કૃતાર્થ થયો!

(તાપસી) એ આજે ઋષિના બાળકો સાથે ફૂલ અને સમિધ લેવા ગયો હતો. ત્યાં એનું આશ્રમધર્મવિરુદ્ધ આચરણ જોવામાં આવ્યું.

(માણ૦) એણે એવું શું કર્યું તે?

(તાપસી) કહે છે કે માંસનો લોચો લેઈ એક ગીધ ઝાડની ટોચે બેસતું હતું, તેને એણે તીર માર્યું!

(માણ૦ રાજાને આંખનો અણસારો કરે છે.)

(રાજા) પછી?

(*તાપસી) એ વાતની ખબર પડતાં ચ્યવન ભગવાને મને આજ્ઞા કરી, કે સોંપી દેવો આ જેણે આપ્યો હોય તેને. આથી હું ઉર્વશીને મળવા આવી છું.

(રાજા) ત્યારે ભગવતી આસને બેસો.

(તાપસી) વારૂ, આ બેઠી. (પરિજને આણીને મૂકેલા આસને બેસે છે.)

(રાજા) અને, આર્ય લાતવ્ય, તમે ઉર્વશીને બોલાવી લાવો.

(કંચુ૦) આજ્ઞા, મહારાજ. (જાય છે.)

(રાજા) આવ, વત્સ !

[ગાથા.]

રોમે રોમ મનોરમ રમોં રહોં જે ભીંજવે રસે તનને,
તે સ્પર્શે રસ બહુવી ઠાર શશી જેમ શશિમણિને. ૧૧

(તાપસી) વડીલના કોડ પૂરો, ભાઈ.

(આયુ રાજા પાસે જાય છે.)

(રાજા કુમારને બેઠી પાટલી પર બેસાડી) વત્સ ! બ્હીશ નહિ, હો. આ તારા પિતાના પ્રિયમિત્ર છે. એ માણવક મહારાજને નમસ્કાર કર.

(માણ૦) એંહ, બ્હીશે કેમ ? આશ્રમમાં ઘણાં એ માકડાં એણે જોયાં હશે.

(આયુ ઓઠમાં હસતો) તાત ! નમસ્કાર.

(માણ૦) वत्स कल्याणमस्तु !

(એવે કંચુક અને ઉર્વશી પ્રવેશ કરે છે.)

(કંચુ૦) પધારિયે, દેવી.

(ઉર્વ૦ કુમારને જોઈ) સિંહાસન પાસે પાટલી ઉપર આ કોણ બેઠું હશે? એના હાથમાં ધનુષ છે ને માથે કાકપક્ષ છે, જે મહારાજ સ્વહસ્તે ઠીક કરે છે. (તાપસી પર દૃષ્ટિ જતાં) ઓહો, એ તો મારો લાડકો આયુ. જોડે સત્યવતી છે તે જ કહી આપે છે એ. મોટો થયો!

(રાજા ઉર્વ૦ને આવતી જોઈ) વત્સ!

[અનુષ્ટુભ]

આ આવે જનની નેન ભરી નિરખતી તને,
છેડો જેનો ભીંજ્યો છૂટયે પાન્હો પયતણો સ્તને. ૧૨

(તાપસી) બાપુ, તારી માતાને વિનય કર.

(આયુ વિનય ભેર ઉર્વ૦ના સામો જાય છે.)

(ઉર્વ૦) નમસ્કાર ભગવતીને.

(તાપસી) વત્સા, ધણીની માનીતી હજો.

(આયુ) માડી, નમસ્કાર કરું છું.

(ઉર્વ૦ આયુનું મુખ ઊંચું કરી તેને છાતી સરસો ચાંપી) વત્સ, પિતાનું હૃદય ઠારનાર હજે. (રાજા પાસે જતી) જય જય, મહારાજ.

(રાજા) પધારિયે પુત્રવતી! અહીં બિરાજિયે.

(ઉર્વ૦) બિરાજો ભગવતી.

(સર્વે ઘટે તેમ બેસે છે.)

(*તાપસી) વત્સા ! આ કુમાર આયુ. એ વિદ્યા ભણી રહ્યો છે ને કવચ ટોપ પહેરતો થયો છે. તેં મને એ સોંપ્યો હતો, તે હું તને ભર્તા સમક્ષ પાછો સોંપું છું. હવે હું જાઉં, તું મને રજા આપે તો. આશ્રમધર્મમાં અંતરાય થાય છે.

(*ઉર્વ૦) ઘણે ઘણે વર્ષે તમે મળ્યાં છો, તેથી ભગવતીની ઝાંખીથી મન ધરાતું નથી. પણ આશ્રમધર્મમાં અંતરાય થાય તે ઠીક નહિ. માટે સિધાવિયે ભગવતી. વળી કોઇ વાર દર્શન દેશો.

(રાજા) ભગવતી ચ્યવન ભગવાનને મારા નમસ્કાર નિવેદન કરશો.

(તાપસી) બહુ સારું.

(આયુ) માજી સત્યવતી! તમે પાછાં જાઓ છો, તો મને જોડે લેઈ જાઓ ને.

(રાજા) વત્સ! તું પ્રથમ આશ્રમ સેવી ચૂક્યો. હવે બીજો સેવવાનો સમય છે.

(તાપસી) બેટા, જો, પિતાજી શું કહે છે ?

(આયુ) વારું ત્યારે

[ગાથા.]

પસવારી પસવારી ચેન પમાડી હું ઊંઘાડતો જેને,
તે મણિકંઠ કળાધર મોકલજો માજી મુજ જેને. ૧૩

(તાપસી) ઠીક વત્સ, એમ કરીશ, હો. સદ્ સુખી રહો!
(જાય છે.)

(રાજા) કલ્યાણશાળી સુંદરી! પુત્રવંતમાં આજ હું પરમ ધન્ય, કે

[અનુષ્ટુભ.]

પનોઢું તનયે તારા થયું આ પરસ્ત છે,

જેવું શચીતણા પુત્ર જયંતે ઇંદ્રનું પ્રિયે ! ૧૪

(કંઇ યાદ આવ્યાથી ઉર્વશીની આંખોમાંથી આંસુ પડે છે.)

(માણ૦) અરે કેમ આ દેવીનાં નેત્રમાંથી ડળક ડળક આંસુ પડે છે ?

(રાજા અધીરાઈથી)

[વસંતતિલકા.]

આ વંશવૃદ્ધિકર સત્કુલતંતુ પામી
આનંદમાં હું રમું આંતર શલ્ય વામી,
ત્યાં પુષ્ટ ઉચ્ચ કુચ ઉપર એકધારે,
કાં અશ્રુ મોતીસરરૂપ, રસીલી, સારે ? ૧૫

(આંસુ લુહે છે.)

(*ઉર્વ૦) કહું છું, મહારાજ. મહેંદ્રનું નામ તમે લીધું તે સાંભળી મને મારી અવધ યાદ આવી. એ હું ચિરંજીવીને જોઈ હરખમાં ભૂલી ગઈ હતી.

(રાજા) અવધ કેવી ?

(ઉર્વ૦) મહારાજમાં મારું ચિત્ત ચોટેલું જાણી પૂર્વે મહેંદ્રે મને ફરમાવ્યું હતું,

(રાજા) શું વારૂ?

(*ઉર્વ૦) કે 'રાજર્ષિ મારા રણસહાય છે. એમની સાથે, જા, તુ રહે. તારાથી વંશ રાખનાર પુત્ર જનમેસે એ જુએ, ત્યારે અમારી હજુરમાં પાછી આવજે'. આમ હોવાથી મહારાજના વિયોગના ભયે આ જનમ્યો તેવો જ, આપને જાણ થવા દીધા વગર, ભણીગણી હોશિયાર થવા ચ્યવન ભગવાનના આશ્રમમાં ભગવતી સત્યવતીના હાથમાં મેં સોંપ્યો હતો. એ ભણી ઊતરી પિતાનું હૃદય ઠારે એવો થયેલો હોતાં ભગવતી આજે પાછો સોંપી ગયાં. એટલે હવે આ ઘડીથી મહારાજના સમાગમનું સુખ પરવાર્યું.

(સર્વે શોકાતુર થાય છે.)

(રાજા નીસાસો નાંખી) અહો સુખનું શત્રુ દૈવે કેવું ચડસીલું છે!

[વસંતતિલકા].

સંતાનના સુખનું ભાન અનુભવ્યું મેં,
તેવું જ દુર્વિરહ દુઃખ લહ્યું નવું મે!

ગ્રીષ્માંત શાંતિ ઘન નૂતનથી વળી ને
વૃક્ષે પડી કડકડી કૂડી વીજળી એ ! ૧૬

(*માણ૦) આ તો અમ્રતમાં ઝેર ભળ્યું !

(*ઉર્વ૦) મહારાજના મનમાં એમ આવશે કે 'પુત્ર ભણી-ગણી પાર ઊતર્યો એટલે આનો સ્વાર્થ સરી રહ્યાથી, થયું, એ સ્વર્ગને રસ્તે પડે છે'! હું કેવી કમભાગ્ય!

(રાજા) પ્રિયે! એવું મનમાં આવે જ નહિ. તને પ્રભુની આજ્ઞા છે, તે તું બેલાશક પાળ.

[માલિની]

પરવશ પડયું પાનું, મેહનું એ જ બાનું.
તહીં અનુભવવાનું ભાવતું સુખ શાનું?
હું પણ વન મહાને, જ્યાં મૃગો મોજ માણે,
જઉં છું અરપી આને રાજ્ય સૌ આ જ ટાણે. ૧૭

(આયુ) પિતાજી! ધોરીની ધૂંસરીએ અણુપલોટયું આખ-લિયું જોડવું ન ઘટે.

(*રાજા) જો, વત્સ,

[હરિણી.]

ગજ અવરને ગાંજે ન્હાનો ય ગંધગજેંદ્ર જે;
લહરિ વિષની લાવી અલ્પે અહીંદ્ર અસુ હરે;
ધરણિધર તે બાળેરો એ ધરાની ધુરા ધરે.
સહજ નિજના તેજે જે તે સરે ન વયે વળે. ૧૮

(કંચુકી સામું જોઈ) આર્ય લાતવ્ય ! મારા નામથી અમાત્યમંડળને કહો, કે કુમાર આયુના રાજ્યાભિષેકનું સાહિત્ય સજ્જ કરે.'

(કંચુ૦) આજ્ઞા, મહારાજ. (દુ:ખિત હૃદયે જાય છે.)
(એટલે એકાએક પ્રકાશથી સૌ અંજાઈ જાય છે.)

(રાજા ચમકી આકાશ તરફ જોતો) આ શું ? વગરવાદળે વીજળી !

(ઉર્વ૦ ઊંચું જોઈ) અહો ! ભગવાન નારદ.

(રાજા) અરે ! નારદ ભગવાન પધારે છે !

[વસંતતિલકા.]

ગોરોચના સરખી પીળચટી જટાએ,
યજ્ઞોપવીતની શશિકર શી છટાએ,

શાખાથી કાંચનની મોતીની મંજરીએ
દીપંત કલ્પતરુ જંગમ આ દીસે એ. ૧૫

લાવો લાવો એમને માટે અર્ઘ્ય.

(ઉર્વ૦ પ્રભાવથી નીપજાવી) આ મુનીરાજને માટે અર્ઘ્ય.

(એવે નારદ પ્રવેશ કરે છે.)

(નારદ) જય હો મધ્યમલોકપાલને.

(રાજા ઉર્વ૦ના હાથમાંથી સામગ્રી લેઈ નારદના હાથમાં અર્ઘ્ય આપી) નમો નમઃ મુનિરાજ !

(ઉર્વ૦) ભગવાન ! અભિવંદન કરું છું.

(નારદ) જુગલજોડ અખંડ રહો.

(રાજા સ્વગત) પ્રભુ કરે ને એમ જ થાય ! (પ્રગટ આયુ સામું જોઈ) વત્સ ! મુનિરાજને વંદન કર.

(*આયુ) ભગવાન મુનિરાજ ! પુરૂરવાના અને ઉર્વશીના પુત્ર આયુના નમસ્કાર.

(નારદ) વત્સ ! આયુષ્માન્ ભવ !

(રાજા) આસને બિરાજિયે, મુનિરાજ !

(નારદ આણેલા આસને બેસે છે, એટલે સૌ પોતપોતાના ઠામે બેસે છે.)

(નારદ) રાજન્! સાંભળિયે. મહેંદ્રનો સંદેશ છે,

(રાજા) એકાગ્ર છું. ફરમાવિયે.

(નારદ) કે 'ત્રિકાળદર્શી મુનિવરે ભાખ્યું છે જે સુરોને અસુરો સાથે ભારે યુદ્ધ થશે. માટે જોજો મિત્ર શસ્ત્રનો ત્યાગ કરતા. તમે અમારા નિત્યના રણસહાય છો. ઉર્વશી, જાઓ, જીવન પર્યંત રાજર્ષિની સહધર્મચારિણી થઇને રહેશે.'

(ઉર્વ૦ બીજી ગમ મ્હોંથી) હાશ! હૃદયમાંથી જાણે શલ્ય જ નીકળી ગયું.

(રાજા) દેવાધિદેવનો હું વેચાણ બનું છું આ અનુગ્રહે.

(*નારદ) રાજન્! એ તો

[અનુષ્ટુભ.]

તમે ઇંદ્રતણું રૂડું કરો ને તમ તે કરે;
અગ્નિની સૂર્ય ને અગ્નિ સૂર્યની જ્યોતી વિસ્તરે. ૨૦

(આકાશ ભણી દૃષ્ટિ કરી) સાચે, અપ્સરાઓ, મહેંદ્રે પોતે પાઠવેલી કુમાર આયુના યૌવરાજ્યાભિષેકની સામગ્રી.

(અપ્સરાઓ સામગ્રી સાથે ઉતરે છે.)

(**અપ્સ૦**) મુનિરાજ! આ અભિષેકની સામગ્રી.

(***નારદ**) રંભા! આયુષ્માનને ભદ્રાસને બેસાર.

(**રંભા**) આવ, વત્સ! (બેસારે છે.)

(**નારદ** આયુના મસ્તકે મંત્ર સાથે કળસ નામી) થયું. હવે જે આચાર કરવો રહ્યો, તે તું કરાવ.

(**રંભા**) વત્સ! ભગવાન મુનિરાજને અને માતાપિતાને જઈ પગે લાગ.

(આયુ તેમ કરે છે.)

(**નારદ**) **कल्याणमस्तु** !

(**રાજા**) કુળ અજવાળજે.

(**ઉર્વ૦**) પિતાનું હૃદય ઠારજે.

(પડદા પાછળ પહેલો વૈતાલિક) યુવરાજનો જય!

[માલિની.]

અજ સમ જ્યમ અત્રિ, ચંદ્ર દેવર્ષિ તોલે,
બુધ શશી સરખા ને સૌમ્ય શા દેવ બોલે,

તેમ ગુણ ગરવાએ તાત શા થાઓ પોતે!
વરતમ તમ વંશી આશિષો સર્વે સોંતે. ૨૧

(પડદા પાછળ બીજો વૈતાળિક) જય જય!

[માલિની.]

જનક તમ વિરાજે ઉચ્ચમાં ઉચ્ચ રાજ્યે,
-સ્થિતિયુત- યુત ધૈર્યે છો તમે યૌવરાજ્યે;
અધિકતર વિષે એ રાજલક્ષ્મી ઉજાસે,
જ્યમ હિમગિરિ અબ્ધિ સેવી ગંગા પ્રકાશે. ૨૨

(*અપ્સ૦ ઉર્વ૦ પાસે જઈ) અહોભાગ્ય, સખી, અમે બહુ આનંદ પામ્યાં, કે ભર્તાનો સમાગમે જગાવાયો ને કુમારનો યૌવરાજ્યાભિષેક જોવાયો.

(*ઉર્વ૦) મને આનંદ તે તમને આનંદ, સખીઓ, આપણે ક્યાં જુદાં છિયે? (આયુનો હાથ ઝાલી) વત્સ! ચાલ મોટાં બાસાહેબને પગે લાગવા.

(આયુ જવા ઊભો થાય છે.)

(રાજા) રહે, વત્સ, આપણે સાથે જ એમની પાસે જઈયે છિયે.

(નારદ) અહાહા ! મહેંદ્રની પ્રેરણાથી

[અનુષ્ટુભ.]

યુવરાજ પદે પેખી અભિષેક કુમારનો
સ્મરૂં સેનાપતિપદે અભિષેક કુમારનો ! ૨૩

(રાજા) પ્રભુનો હું મહાન અનુગ્રહ અનુભવું છું.

(નારદ) રાજન્ ! મહેંદ્ર તારું શું અધિક પ્રિય કરે ?

(*રાજા) દેવાધિદેવ તુષ્ટમાન છે, તો

[અનુષ્ટુભ.]

સામી પ્રીતથી એકત્ર જે બેનો જોગ દોહ્યલો,
તે શ્રી ને શારદા સંપી રૂડું રૂડાતણું કરો ! ૨૪

(સર્વે જાય છે.)

પૂરવણી.

ક્ષેપકભાગસાથે

અંક ૪.

વિષ્કંભક.

(૧. પડદા પાછળ મુગ્ધા.)

[ગાથા.]

સરવરકેરા પટમાં રવિનાં કિરણે રમ્યાં કમળ ખીલી;
તહીં વિરહે ઝૂરી તટમાં હંસી સહીં શું વહે બહીલી.

(એવે ચિંતાતુર ચિત્રલેખા ને તેની સાથે સહજન્યા પ્રવેશ કરે છે. ચિત્રલેખા બે ડગલાં ભરી શૂન્ય દ્રષ્ટિથી ચારે તરફ જુએ છે.)

(૨. પડદા પાછળ જંબાલિકા.)

[અવલંબક.]

નેહે નમણી બેલડી હંસણીની અલબેલડી
સખીના દુઃખે શોકડી સર ઝૂરે ભરી આંખડી.

(સહ૦) સખી! હું જોઉં છું, કે તારા મનમાં કંઈ ભારે સંતાપ છે. કેમકે તારું મ્હો વ્હીલાયું છે; ને કરમાયલા કમળ જેવું દેખાય છે. એ તારો સંતાપ તું મને કહે, બ્હેન, જેથી હું તારા દુઃખની ભાગિયણ થાઉં.

(*ચિત્ર૦) કંઈ નહિ; એ તો, બ્હેન, અપ્સરાઓની વારી પ્રમાણે સૂર્ય ભગવાનની સેવા કરવા દરમ્યાન મને ઉર્વશી સાંભરી આવી;

(સહ૦) તમારાં સહીપણાં જાણું છું.

(ચિત્ર૦) ને મારા મનમાં એમ થયું, કે જોઉં વારું આજકાલ શા સમાચાર છે? પછી મેં ધ્યાન ધરીને જોયું, તો મહાન અનર્થ દીઠો.

(સહ૦) હેં! શો તે?

(*ચિત્ર૦) અમાત્યોને રાજકાજ સોંપી વિલાસને ઇચ્છતા રાજર્ષિને લેઈ ઉર્વશી ગંધમાદન વને સિધાવી હતી.

(સહ૦) એવી ભૂમિમાં વિહાર, તે તે વિહાર.

(ચિત્ર૦) ત્યાં મંદાકિનીના કોરા રેતાળ પટમાં ઉદયવતી નામે વિદ્યાધરકુમારિકા ખેલ કરતી હતી, તે રાજર્ષિ જોવા

રણા; એટલે ઉર્વશી રીસાઈ.

(સહ૦) એમ જ હોય. 'વ્હાલઘેલું વચ્ચકાય વ્હેલું.

(*ચિત્ર૦) તેને મહારાજે ઘણાં ઘણાં વાનાં કર્યાં, પણ તેણે કંઈ કાને જ ન ધર્યું; ને રોષમાં ને રોષમાં, આપણે તજવા જોગ જે કુમારવન, તેમાં ઝંપ લેઈને પેઠી. ત્યાં સરહદ ઉપર જેવો તેણે પગ મૂક્યો, તેવી જ તે બહલાઈને વેલ બની ગઈ!

(સહ૦) દૈવ સારાને કે નરસાને એકેને મૂકતું નથી. તોબા તોબા! એ નેહ ને આ છેહ! વારૂ, બિચારા રાજર્ષિના શા હાલ છે?

(*ચિત્ર૦) વનમાં એ વ્હાલીને સારો દિવસ શોધ શોધ કરે છે. તેમાં આ મેઘ ચડી આવ્યા છે, એટલે તો એ બિચારાના કેવા એ ભૂંડા હાલ થશે! સુખિયા સંજોગી જીવને પણ મેઘ વ્યાકુળ કરે છે.

(*સહ૦) સખા! એવા ભવ્ય પુરુષો પીડાયા કરવાને નિર્મ્યા નથી. માટે તેમના ફરી મેળાપનો જોગ કોઇ પણ ઘડી રાખ્યો હશે. (પૂર્વ ભણી પ્રકાશથી નજર ખેંચાતાં) ચાલ,

ચાલ, બહેન, સૂર્ય ભગવાનની સેવામાં હાજર થઈયે. એ આ આવ્યા, હો.

(ક. પડદા પાછળ ખંડધારા.)

[સુરપી.]

આમળ કમળમય સરવરિયે ડૂબેલી દુઃખના દરિયે
ખાસી સહીના દરસનની હંસી ભમે વિહ્વળ મનની.

(બંને જાય છે.)

(૪. પડદા પાછળ ફુવા.)

[ગાથા.]

નવ પલ્લવ ને ફૂલના ગુચ્છા લઈ છોગલાં સુહાવી શિરે
વ્હાલીતણા વિજોગે ગજપતિ ઘેલો વને વિચરે.

(એવે ઉન્મત્ત દશામાં રાજા પ્રવેશ કરે છે.)

(રાજા) અરે ઓ લુચ્ચા રાક્ષસ! ઊભો રહે. મારી વ્હાલીને લઈને ક્યાં જાય છે? તું પર્વતના શિખર ઉપરથી ગગને ચડી ધનુષ ખેંચી મારા ઉપર બાણનો વરસાદ વરસાવે છે!

(બે ડગલાં ભરી ચારે દિશામાં જુએ છે.)

(૫. પડદા પાછળ.)

[અવલંબક.]

વિરહે છક્યું ઝૂર્યા કરે; નીર નયન ચરચર ઝરે;
પાંખ તજપતી ફફડે; વિકળ વિહંગમ તરફડે.

(રાજા ફેરાં શરીરે અડતાં) અરે રે! હું તો બળ્યો.

[હરિણી.]

નવલ ઘન આ ગાજે, ન્હોયે નિશાચર પાપ એ;
સુરધનુષ આ ખેંચેલું છે, નથી રિપુચાપ એ;
જળની વરસે ધારા આ તો, ન બાણની પંક્તિ એ;
વીજ કનકની રેખા શી આ, ન જોબનવંતી એ. ૧

(૬. પડદા પાછળ.)

(પંચા.)

મેં જાણ્યું, કોઇ દાનવ વ્હાલીને લઈ જાય;
આ તો વીજ શું વાદળ દોડે છે નભ માંહ.

(રાજા વિચારમાં પડી જઈ) ત્યારે ક્યાં ગઈ હશે એ?

[શાર્દૂલવિક્રીડિત.]

રૂઠી અંતરધ્યાન હોય થઈ એ; ના રોષ તે તો ટકે.
હોયે સ્વર્ગ ગઈ; પરંતુ મુજમાં એનું રમે ચિત્ત છે.
દૈત્યોએ હરી હોય; તેય ન બને ઊભેલ હું આ છતે.
ગોરી ગૂમ થઈ ગઈ કહીંક એ. કેવું કહું કર્મ તે! ૨

(ઊંચે જોઈ નીસાસો મૂકી) અફ્સોસ! ભાગ્યની પડતી, ત્યાં નડતીમાં નડતી!

[માલ્યભારિણી.]

દયિતાથકી આ અચિંતવ્યો ને
સહવો સખ્ત વિયોગ ઉદ્ભવ્યો; ને
નવલી વળી વાદળીથી શીળા
દિન ઉન્માદક આવિયા રસીલા! ૩

(૭. પડદા પાછળ.)

[આભાણક.]

ઘેરી ગગન ઘનઘોર રેલી જળ ઝાપટે
રાખે ઘન! ઉર રોષ, શમવવો તે ઘટે.
ભમી વળી ભૂમંડળ ભામાને મળીશ;
તે પછી તું જે જે ય કરીશ સઉ તે સહીશ.

*શા માટે ત્યારે આ વર્ષાકાળને જ દેશવટો ના દેવો? દુઃખનો વધારો ખમી રહેવાનું કારણ નથી. એ ખરું, પણ દેશવટો તો નહિ દેઉં. આ બધો વર્ષાનો અસબાબ છે, તો મારો રાજવૈભવ બન્યો રહે છે. શી રીતે ? તો કે

[મંદાક્રાંતા.]

*રાજે વીજે ગગન ગરવું ચંદ્રવો હેમનો આ.
ઢાળે ઊભાં નિચુલ તરુઓ મંજરી ચામરો આ.
ગાયે સુરે મધુર મધુરે મોર બંદિજનો આ.
ધારા મોતીસર સમરપે અબ્દ સોદાગરો આ. ૪

(૮. પડદા પાછળ ચર્ચરી.)

[માલી.]

મધુમદ માતા મધુપ મધુર ગાતાં,
કોકિલ મંજુલ મુરલી વળી વાતાં;
કલ્પતરુવર રંગે ઉર રાચી
લ્હેકવી પલ્લવ નવલું રહ્યું નાચી.

(રાજા) જાણું એ વૈભવની ભૂંગળ વગાડ્યે વળ્યું શું? ગુમ થયેલી ગોરીને જ શોધું ને. એ આ વનમાં પેઠી હતી. (જ ઢગમાં ભરી) હહા! મનથી કરેલા ઠરાવમાં જાણે કંઈ ઉત્કેરણી બાકી હોય, તેમ

[ગાથા.]

જળકણભીના અરુણા કદળીના હોડલા રમરાવે આ
આંસુએ ઊભરાતાં રોષે રાતાં નયન એનાં! ૫

(૯. પડદા પાછળ ભિન્નક.)

[તોટક.]

તજી વ્હાલી ગઈ દુઃખ તેનું વળી
તલપે વિરહી ગતિભંગ થઈ;
નિરખી વનનાં તરુ ફૂલી રહ્યાં,
ગજ હા! લથડે ડગલે ડગલે.

(રાજ.) હવે મારે શી રીતે જાણવું, કે અમુક માર્ગે જ વ્હાલી ગઈ હશે? હાં, હાં,

[વસંતતિલકા.]

આ દૃષ્ટિએ રચીપણી વનભૂમિમાં જ્યાં
એ ભામિના ગઈ હશે ડગમાં ભઈ, ત્યાં

પીન નિતંબથી પૂંઠે ઢળતાં એવાં
રાતાં હશે જ અળતે પગમાં પડેલાં[1]. ૬

(આગળ જતાં નજર નાંખી હર્ષ સાથે) આહા! એ આ-
કળા અબળેલીનો પત્તો લાગ્યો. આ દેખાય એનું એંધાણ.

[વંશસ્થ.]

રીસે ભરી સુંદરી વેગમાં જતાં
પડ્યો પછેડો શુક તુલ્ય નીલ આ;
જહીં લઈ ઓઠની લાલી આંસુડાં
રડ્યાથી રેલા પડિયા સ્તનમંડળે. ૭

(*ધારીને જોતાં) અરે રે! એ તો રાતી ગોકુળગાયવાળો
નવી હરિયાળીથી છવાયલો જમીનનો ટુકડો છે! હરિ-
હરિ! આ ઉજ્જડ વનમાં વ્હાલીની ભાળ મેળવવી
પણ ક્યાંથી? (થોડેક છેટે મોરને જોઈ) આહા! એવું
ચોગાનમાં છાટ ઉપર કળા કરી મોર ઊભો છે. એ

૧. ઉત્તરાર્ધના ભારે વર્ણથી પૂંઠનો ભાર અને કોમળ વર્ણથી
વનભૂમિનું નમણાપણું સાથે સાથે સૂચવ્યું છે.

છાટના શિલાજિતની જ વાસ આ વરસાદના છાંટા પડવાથી ફોરે છે. એ મોર કેવો

[ગાથા.]

કરી ડોક ઊંચી ટહુકે ફૂલાવી ગળું વિકાસી લોચન, ને
સનમુખ પવનથી થનથન થાતાં પીંછે જુએ ઘનને[1] । ૮

(૧૦. પડદા પાછળ ખંડક)

[તુરગ.]

જાગી અગન તન મનની, લાગી લગની દરસનની;
ગજવર ગાભરી ગતિએ જાય ઝપટ વનકટીએ.

(રાજા) એને પૂછી જોઉં. (જરા પાસે જઈ)

[અનુષ્ટુભ.]

વનમાં વનિતા ઊંચા કંઠની, નીલકંઠ હે
નૃત્તે શુરા, પૂરી નૃત્તે તે જોવા જેવી જોઈ તે? ૯

---

૧. સર્પાકારે વાંક લેઈ ઊંચી થતી ડોકનું સૂચક વર્ણચિત્ર બીજું જગણાત્મક ચતુષ્કળ છે; વધારે વધારે ફૂલતા સાંકડા ગળાનું વર્ણચિત્ર તે પછી લાગલાગટ ત્રણ ગુરુએ આળેખ્યું છે; અને પીંછાંનો થનથનાટ લઘુવર્ણની વર્ણસગાઈથી જણાવ્યો છે.

(૧૧. પડદા પાછળ ચર્ચરી.)

[વિષ્ણુપદ.].

મધુરા મોરલિયા રે તુજને પૂછું વિનય કરીઃ
વનવગડે રવડે મુજ વ્હાલીડી, તે તેં જોઈ ખરી?
ચાલે હંસની ચાલે વન અજવાળતી મુખશશીએ.
એ ઓળખથી અપટ ઓળખીશ તું મુજ ઉર વસી એ.

(રાજા) વાહવા રે! આ તો ઉત્તર આપવાનું મૂકી નાચવા મંડી ગયો! શાથી એ આટલો બધો હરખાતો હશે? (વિચાર કરી) ઠીક, ઠીક, સમજ્યો.

[માલિની.]

*મયુરિયું મકલાયે ગૂમ ગોરી થયાથી
ઘન નવલ કળાની હોડનું ના રહ્યાથી.
પણ શું કરત એ, જો હોત ફૂલે ભરેલી
યુવતિની રતિરંગે વેણી ઢીલી પડેલી[1]? ૧૦

૧. ક્ષુદ્ર હર્ષ 'મકલા' ક્રિયાપદથી, તિરસ્કાર લઘુતાવાચક પ્રત્યયથી અને તુચ્છતા નાન્યતર જાતિથી દર્શાવેલ છે.

બસ, એ પરદુઃખે સુખિયાનું મ્હો ન જોવું.

(બીજે જાય છે.)

(૧૨. પડદા પાછળ પુરક.)

(અચિત.)

ગગને શિખર અડે એવા ઘન
વિદ્યાધર-વનમાં વર વારણ
ચોધારે જળ ઝરતો લોચન
ભૂલ્યો ભમે શૂન્યમન રનવન

(રાજા જતાં કોયલનો ટહુકો સાંભળી) અહો ! કોયલ. વર્ષા બેસતાં કેવી એ મદે ભરી જાંબૂડાના ડાળે ટહુકે છે ! પંખીઓમાં ચતુર છે એ. માટે એને વીનવું. અહો મીઠી બોલી બોલનારી !

[વસંતતિલકા.]

કામી જનોતણી તું કામની દૂતિ દીઠી.
તું માનમોડણ અમોઘ જ અસ્ત્ર, મીઠી !
તો તે સખું લેઈ જઈ મેળવ વ્હેલી વ્હેલી,
કે તેડી લાવ તતખેવ તું તે હેલી. ૧૧

(૧૩. પડદા પાછળ ચર્ચરી.)

[પાદાકુલક.]

ન્હેની, કોયલ બ્હેનડી મીઠી,
જાંબુડિયાતણી ડાળથી દીઠી
અહીં કહીં અમી સમ મધુર વચનની
હારી વિહારિણી નંદન વનની.

(*રાજા) તું પૂછીશ કે આટલો પ્રેમ છતાં કેમ એ તજી ગઈ? તો હું કહું. સાંભળ.

[સુંદરી.]

નથી કારણ કોપનું કંઈ.
વણુંવાંકે વયકાંઈ એ ગઈ,
ધણિયાણી ધણીની એ ઘણી;
વદવી વાત તહીં શી વાંકની? ૧૨

અરે! આ તો મારી કર્મકથા પડતી મૂકી પોતાને કામે લાગી! અથવા ઠીક જ કહ્યું છે, કે

[માલિની.]

સરવ પરની પીડા તાતી એ શીળી પેખે;
અરજ હું દૂખિયાની કેમકે લે ન લેખે,

અધર જેમ મદાંધા કો પીએ, તેમ હાવાં
મચી પડી મધુરું એ રાયજાંબૂ જ પીવા. ૧૩

* ભલે, એમ છે, તોયે એની બોલી મારી વ્હાલીના જેવી મીઠી છે, તેથી એને મારા કોપનો સ્વાદ ચખાડવો ઘટતો નથી. જોઉં આ માર્ગે.

(૧૪. પડદા પાછળ.)

[પદ.]

(રાગ કકુભ, આદિતાળ)

વદનકમળ વિરહે કરમાયે,
આંખડી આંસુજળે ઊભરાયે,
તન તાપે અણુમાપ તવાયે,
આધિ અગાધે જીવ ઝોબાયે,
વગડે એવો રડવડતો હાથી હીંડે લડથડતો.

(રાજા કંઇક આગળ વધી કાન માંડી) ઓહો ! દક્ષિણમાં ઝાંઝરનો રણકો થાય છે ! વ્હાલીનાં જ પગલાંની એ વધામણી હોવી જોઈયે. જઈ પ્હોચું ત્યાં.

(૧૫. પડદા પાછળ.)

[સુરૂપી.]

વ્હાલી વિરહે રડવડતો, શોકાનળે સબળ જળતો,
નયને અશ્રુજળ ગળતો, વિચરે વારણ લડથડતો.

(રાજા જઈ હંસ જોઈ.) અરે અરે !

[અનુષ્ટુભ.]

ઘનઘોર દિશા દેખી જવા માન સરોવરે
અધીરા રાજહંસોનો સ્વર, ઝાંઝરનો ન એ. ૧૪

*હશે. એ જળાશયમાંથી ઊડી જાય, તે પહેલાં એમની પાસેથી પ્રિયાની ભાળ મેળવી લેઉં. (પાસે જઈ મુખ્ય હંસ પ્રતિ) અહો જળચર પક્ષીઓના રાજા !

[વસંતતિલકા.]

ઊભો રહે પલક, પંથ પછી તું જાજે;
ભાથું મુખેથી મૂક, એ બિસ પૂંઠ લેજે.
દે ભાળ વ્હાલીની વ્યથા હરી લે ઊંડેરી.
છે સ્વાર્થથી અધિક આરત આર્તકેરી. ૧૫

*એ બોલતો નથી, પણ ઊંચું મ્હો કરી જુએ છે; તેથી શું એમ કહેવા માગે છે, કે માનસરોવર જવાના રઘવાટમાં મારા જોવામાં આવી નથી? ઠીક જ તો! પણ અલ્યા! આ સરોવરના

[માલભારિણી.]

તટના પટમાં અટંતી જો એ
હબિતા દિવ્ય ન દીઠી હંસ! હોયે,
મદથી મલપંતી તો તું તેની
હરી લાવ્યો ગતિ ક્યાંથી? ચોર! કહે ની. ૧૫

(૧૬. પડદા પાછળ ચર્ચરી.)

[વહુઆ.]

શાનું છાનું સખ્ખું રહે ખગ!
ચાલ જ તુજ કહીં આપે છે, ઠગ,
ખેચરી છે તે સઘન જઘનની;
નહિ તો ક્યાંથી જ ગતિ મનહરણી?

(ઘણુ બે ડગલાં પાછો જઈ) માટે

[અનુષ્ટુભ.]

દઈ દે દયિતા મારી; ચોરી છે ચારુ ચાલ તેં.
ઝલાતાં માલ, મુદ્દો એ આરોપી આપવો પડે. ૧૭

(મો. ` હસતો) હાહૂહા !

ભાગ્ય. ાગ્યો ચોરને દંડનાર
રાજા જાણી બાવરો ભામટો એ !

(બીજે જાય છે.)

(૧૭. પડદા પાછળ)

[સુરૂપી.]

(કુટિલિકા) ગુંજી મર્મર રવ મધુરાં
(મલ્લઘટી) તરુવર મોરી ફોરી રહ્યાં,
(ચચરી) વન એવે વારણ વિચરે
ઘેલો વ્હાલીના વિરહે.

(રાજા આગળ વધી) કોણ આ સજોડે રહેનાર? ચક્રવાક પૂછું એને.

[અનુષ્ટુભ.]

ચક્ર શી પુંઠવાળીથી વિખૂટો, ચક્રવાક હે,
ચિંતાચક્રે ચડેલો આ ચક્રવર્તી પૂછે તને, ૧૮

(૧૮. પડદા પાછળ ચર્ચરી.)

[શ્રીમતી.]

ભણુ, રે ભાઈ ચકવા, ગોરોચનવરણા
સરવડિયે ઝીલંતી જોઈ મનહરણા ?

*શું ? 'કો ? કો ? કો ? કો ?' એમ પૂછે છે ? ! અરે
તેં મને ન ઓળખ્યો ?–

[અનુષ્ટુભ.]

આજા સૂર્ય અને દાદા ચંદ્ર જેના પ્રસિદ્ધ છે,
જે વળી ઉર્વશીએ ને ઉર્વીએ વરી લીધ છે. ૧૯

કેમ એણે મ્હો બીડી દીધું ? જરા ખખડાવું ત્યારે.

[હરિણી.]

કમળદળના ઓડે બીઠી ન જોઈ સરોવરે
નિકટ ચકવી છેટે ટેવી અધીર ઉરે ઝૂરે,
અલગ પડતાં નેહે વેહે તું એમ ડરી મરે;
વિધુરજન શું મ્હો એ માંડે ન આમ; અલ્યા શું એ ? ૨૦

૧. 'કો કો કો કો' એ ચક્રવાકની સ્વાભાવિક બોલી છે, જેને લીધે એને કોક પણ કહે છે.

અફસોસ ! મારું દુર્દૈવ જ પૂછે છે એ; બીજું શું ? ચાલ, રામ, બીજે જાઉં.

(૧૯. પડદા પાછળ અર્ધ ચતુરસ્રક.)

[અર્ધમાલી.]

વિહ્વળ સબળ ઉછળતા કામરસે,
તલપે તરુણ વિહંગમ તામરસે.

(રાજા ડગલું ભરી એકાએક ઊભો રહી) સબુર, સબુર.

[અનુષ્ટુભ.]

દંતદશે ગગણતું વામાવદન, તે મને
સ્મરાવી અબ્જ રોકે આ ભર્યું ભ્રમરના સ્વને[1]. ૨૧

લાવ, ત્યારે, આ કમળમાં બેઠેલા મધુપને પણ અરજ કરી લેઉં, જેથી અહીંથી ગયા પછી મનમાં વસવસો ન રહે.

---

૧. પૂર્વાર્ધમાં અનુસ્વારના યોગમાં ગળામાંના ધ્વનિનું સૂચન છે. ઉત્તરાર્ધમાં કઠોર જોડાક્ષરથી એકદમ લક્ષ ખેંચાવું અને બહારની વૃત્તિથી ભરપૂરપણું પણ વર્ણચિત્રદ્વારા સૂચવ્યું છે.

[માલિની.]

મધુપ ! મધુરનેની ક્યાં ગઈ એ ? કહે ની.
નથીં થઈ અથવા તો તુજને ઝાંખી એની.
મુખનીં સુમુખીના જો હોય તેં વાસ સેવી,
તવ થવીં લવલેશે પંકજે પ્રીતિ કેવી ? ૨૨

(૨૦. પડદા પાછળ.)

[લીલા.]

મંધુકર ! મુજને કહે, કહે, જુવતી તે તેં જોઈ,
જેના મુખની મ્હેકે મધુકરીં મૂકે તું મોહી ?

(રાજા) હવે બીજે જોઉં. (કેટલાંક ડગલાં જઈ) હાં, પેલો કદંબના થડને અઠેલીને હાથણી સાથે હાથી ઊભો. એ મને પ્રિયાની ભાળ આપે ખરો. (જરા પાસે જઈ ધારીને જોઈ) સબુર, ઊતાવળ કરવા જેવું નથી. શાથી જે એ

[ગાથા.]

*સ્રવતી સુરસ સુરા સમ નવપલ્લવવાળીં ડાળીં વેલતણી
આરોગે છે મુખમાં મૂકેલીં માનીતીં હાથણીંની[1]. ૨૩

---

૧. આરંભની વર્ણસગાઇ સરસર દ્રાવના પડઘારૂપ છે.

(૨૧. પડદા પાછળ)

[અર્ધ અનિલ.]

(કુટિલિકા) ભ્રમર ભમે ભણુભણ્યાં ગંડસ્થળ,
(મલ્લઘટી) ઊભો એવો વ્યાકુળ મેગળ.

(રાજા થોડીવાર રહી) હા, હવે એ પરવાર્યો, માટે પૂછું.
અહો મદ ગળતા ગજરાજ !

[ગાથા.]

ગુંથી જૂઇથી જેની વેણી, તે નિત્યયૌવના મીઠી
તવ કર સરીખી ઊરુની દૂર દૃગે સુંદરી દીઠી[૨]? ૨૪

(૨૨. પડદા પાછળ ચર્ચરી.)

[લહુઆ.]

જેના લલિત પ્રહારે તરુવર
નમી નમી જાયે, એવા ગજવર!
ઇંદુથી અદકી ઊજળી મીઠી,
કહિયે, સહી એ કહીં એ દીઠી ?

---

૨. અક્ષરની ગૂંથણી ફૂલની ગૂંથણીનું ભાન કરાવનારી જણાશે.

(ખુશી થતો) અહા! આ તારા ભર્યા મીઠા સ્વરથી પ્રિયાના સમાગમની આશા આપી તું મને કેવો ધીરજ આપે છે! એ કારણથી, અને વળી તારા મારામાં સમાનતા છે તેથી, તારા પર મારો પ્રેમ ઢળે છે.

[શાર્દૂલવિક્રીડિત.]

તું રાજા ગજરાજનો, અવનિમાં હું ભૂપનો ભૂપ છું;
તું દૈ દાન ઉદાર અર્થી તરપે, તર્પું છું તેવો જ હું.
યૂથે હસ્તિનીમાં તું, ઉરવશીમાં અંતઃપુરે લુબ્ધ હું;
તું હું તુલ્યઃ—અરે વ્યથા વિરહની હું શી ન વેઠીશ તું. ૨૫
*સદા સુખી રહે તું! ચાલ, રામ.

(૨૩. પડદા પાછળ ખંડિકા.)

[પંચા.]

ધરતી તીણી ખરીએ ખણતો મહાવરાહ
વિહ્વળ વ્હાલીની લ્હેમાં ભમે ભૂલો વન માંહ્ય.

(રાજા જતાં પડખે નજર નાંખી) અરે હા! પેલો પર્વત જણાય, તે તો સુરભિકંદર. એ બહુ રમણીય હોઈ અપ્સરાઓને પ્રિય છે. ઉર્વશી એના ઉપલાણમાં તો ન હોય? (જતાં જતાં) ક્યાં કર્મની વાત? વીજળી પણ

ઝબકતી બંધ પડી ગઈ! ગમે તેમ હોય, પણ આ ગિરિરાજને પૂછ્યા વિના તો ન જ જવાય. (સામો ઊભો રહી) અરે ઓ બહોળા ઢોળાવવાળા ગિરિરાજ!

[દ્રુતવિલંબિત.]

કટિતટે તવ કાનન દિવ્ય છે.
ભુવન ભૂપ મનોજનું ભવ્ય જે.
તહીં વડા કુચભારથી કોઈ તેં
લચી લચી જુવતી જતી જોઈ કે? ૨૯

(૧૪. પડદા પાછળ ચર્ચરી.)

[અનિલ.]

ચરણે ખેલે નિર્મળ નિર્ઝર,
મધ્યે કિંનર ગાય મનોહર,
શિર સોહવે ફૂલતોરા તરુવર;
દીઠી કહીં તેં મીઠી મહીધર!

(રાજા) કેમ બોલતો નથી? છેટું બહુ છે, તેથી એનાથી સંભળાતું નહિ હોય. હશે, પાસે જઈ ફરી પૂછું. (આગળ વધી)

[ગાથા.]

*ભૂપરના ભૂધરના ભૂપતિ હે ! ભમતી ભવ્ય વન માંહી
સર્વે અંગે સુંદર રામા મેં ખોઈ તેં જોઈ? ૨૭

(કાન માંડી હર્ષ સાથે) વાહ ! તું પણ અક્ષરે અક્ષર મારા જ બોલોમાં 'જોઈ' કહે છે ! તો હવે સાંભળ બીજો પ્રશ્ન.

[અનુષ્ટુભ.]

એ મારી માનિની ક્યાં છે ?–

(એના એ શબ્દો પડઘામાં સાંભળી) અરેરે ! આ તો ડુંગરની બખોલમાંથી મારા જ બોલનો પડઘો સંભળાય છે ! (છેક નંખાઈ જઈ) ઓ રે ! પગ પાકા ગૂમડા જેવા થઈ ગયા છે. થોડી વાર આ પહાડી નદીના તીરે બેસું, એટલે પાણી ઉપર થઈને પવનની લહેરો આવે છે તેથી થાક ઊતરી જશે. (બેસીને) નવું પાણી આવ્યું છે ને વહેણ ડોળાયું છે, તે છતાં એ આ નદીને જોઈ મારું મન રીઝે છે.

[શિખરિણી.]

*તરંગો ભ્રૂ શા છે; કટિની રસના, કાં ખગ, રસે;
પ્રકોપે વીંખાતું પટ જ પથરાતું ફીણુ દીસે;
અરે આ તો વાંકે કંઇંક મમ વંકાતી અતિશે
નદીરૂપે ચંડી અપટ પલટાઈ ગઈ હશે[1]. ૨૮

ત્યારે આ મારી વ્હાલીને હું વીનવું. (હાથ જોડી)

[દ્રુતવિલંબિત.]

વચનથી, મનથી, ત્યમ કર્મથી
રહું રટી, લટી, રીઝવવા મથી.
તદપિ દોષ જુએ મુજ શો પ્રિયે !
પરહરી તુજ દાસ જ જાય કે ? ૨૯

(૨૫. પડદા પાછળ કુટિલિકા.)

[એણક.]

અયિ દિવ્ય નદી ઉરવસી માનની !
ખગરવમય ક્ષોભ કશો માન ની!

---

૧. સાદૃશ્ય, તુલ્યકોટિક સંશય, અધ્યારોપ અને નિશ્ચય રાજાના મનનું રૂપાંતર જણાવે છે.

તજ આંતર આંટી તુજ માનની,
રતોઁ આરતિ લહોઁ આ રતિમાનની.

(રાજા વિચારી જોઈ) ના ના, આ તો સાચે સાચી નદી જ છે. ઉર્વશી કોઇ કાળે પુરૂરવાને છોડીને સમુદ્રને સેવે નહિ. ખેર, હવે પાછો, જ્યાં તે સુદર્શના અદશ્ય થઈ, ત્યાં એકવાર જાઉં. એ તો

જે નિરાશ ન થઈ મચ્યો રહે,
તે જ ઇષ્ટ સુખની ઘડી જુએ.

(૨૬. પડદા પાછળ ચર્ચરી.)

[મૃગાંક.]

પૂરવ પવને ઉન્નત તરંગ હાથ હલાવી
ચઢતા ભરતી પૂરે તીરે તાળ લગાવી
સાગર ઘન સમ રંગે અંગે સુંદર શ્યામ
નર્તે દશ દિશ રૂંધી વાધંતો અભિરામ.

(રાજા પાછો વળી રાતું કદંબ છેટેથી જોઈ) હાં, હવે તો પત્તો લાગ્યો જ.

[ગાથા.]

રાતું કદંબ એ તે, આછા રેસાનું જેનું અર્ધ ઊઘડ્યું
વર્ષાસૂચક સુહવ્યું એણે અંબોડલે ફૂલડું. ૩૦

(૨૭. પડદા પાછળ.)

[ઐરાવણ.]

નવલાં ફૂલ રહે લચી લચકે સુરતરુવરે,
ટૌકી ટૌકી મદે મચી કોયલ હૈયું હરે,
એવા નંદન વનમાં જળતો વિરહાનળે
ઉન્માદે તનમનના ઐરાવત વલવલે.

(રાજા) એના પડખે કાળિયાર છે. વાહ રે વાહ!

[અનુષ્ટુભ.]

કાળિયાર ઊભો એ, તે વર્ષાશોભા વિલોકતે
વનદેવીતણો માનું દર્યો મૂર્ત કટાક્ષ છે! ૩૧

એને હું વ્હાલીની ભાળ આપવા વીનવું. અરે કેમ એ મારી અવગણના કરતો હોય તેમ મ્હો ફેરવે છે? (ધારીને જોઈ) હાં, હાં, સમજ્યો.

[ગથા.]

મૃગલી આવર્તી વચમાં અચકી પય મૃગલિયું પીવા વળગ્યે;
મૃગ ડોક વાંકી વાળી આ એને જોય એકટશે[1]. ૩૨

(અધીરાઈથી) અરે ઓ હરણના ટોળાના સરદાર !

[મંજુભાષિણી.]

વનિતા વિલોકી કહીં એ વને ઘને ?
તું કહી શકીશ લહી આ જ લક્ષણે :
તવ વ્હાલીડી મૃગલી શાં વિશાળ ને
અતિ એહનાં નયનિયાં રસાળ છે[2]. ૩૩

(૨૮. પડદા પાછળ ચર્ચરી.)

[આક્ષાણક.]

નિરખી મૃગ ! તેં મૃગનયની ભમતી વને,

---

૧. નરના મુકાબલામાં માદાનું નાજુકપણું 'મૃગ' 'મૃગલી'ના [illegible]ગથી અને બચ્ચાનું પ્રિયપણું 'મૃગલિયું'ના પ્રયોગથી દર્શાવ્યું છે. દૂધ પીવા બચ્ચું માથું મારે છે તે પૂર્વાર્ધના જગણથી અને મૃગ વાંકી ડોક કરી જુએ છે તે ઉત્તરાર્ધના જગણથી નિરૂપિત છે.

૨. 'રસાળ' વિશેષણે ઉપલક્ષિત નયનગત કોમળપણું 'નયનિયાં'ના પ્રયોગથી બતાવ્યું છે.

હંસ શીં હીડંતીં લચકાઈ જઘને ઘને?
ઉન્નત પીન કઠિન કુચ છે ધ્રુવ યૌવને.
વિરહવિપદના દરિયે ડૂબું, બચાવ ને.

(રાજા) ફટ રે ભૂંડા! મારું કહેવું કાન તળે કાઢી જાય છે હરિણી ભણી! એમ જ હોય.

અવદશા અપમાન ખમવાને જ છે.

ચાલ, રામ. (આગળ જતાં કંઈક ચળકતું જોઈ) અહો! પેલું પથરા ભેગું શું દેખાય છે?

[શિખરિણી.]

ઝગે, તેથી સિંહે હત ન ગજનો માંસલવ એ;
પડે દૃષ્ટિ, તેથી કણ અનલકેરો ય નવ એ;
હવાં, આ તો જાસૂ સમ અરુણ મોંઘો મણિ જ છે,
લઈ લેવા જેને નિજ કર વધારે રવિ શકે! ૩૪

શો મનોહર છે! લેઉં, લેઉં. ના ના, નહિ લેઉં. શું કરવો છે?

[ઇંદ્રવજ્રા.]

આ અર્પવો જેહની વેણી માંહી
મંદારની મ્હેકથી મોહદાયી,
તે તો પ્રિયા દુર્મિળ છે જ હાવે;
કાં એ કરું દૂષિત આંસુડાંએ? ૩૫

(પડદા પાછળથી) લેઈ લે, વત્સ, લેઈ લે એ.

[ગાથા.]

પરમેશ્વરીના પગનો જાવક ઝર્યો જામ્યો જેહ ઉપજેલો,
સંગમનીય મણિ જ એ; વ્હાલાંને મેળવે વ્હેલો. ૩૬

(*રાજા કાન દેઈ) અરે કોણ મને આ ચેતાવે છે?
(પડદા તરફ જોઈ) અહો! ગજચર્મધારી શંકર ભગવાન પોતે જ છે. મહારાજ! મોટા અનુગ્રહ કર્યો કે આપે મને ચેતાવ્યો. (મણિ લઈને) અહો સંગમનીય!

[વંશસ્થ.]

મહેશ જેવો શશીને શિરે ધરે
તને હું તેવો ધરું શીશ આદરે,

મૃગેંદ્ર જેવી કટિવાળી જો ફરી
તું મેળવે દુર્મિળ દિવ્ય સુંદરી. ૩૭

(૨૯. પડદા પાછળ.)

[અવલંબક.]

મીઠી મિલનની આશમાં હાર્યો પ્રીતિના પાશમાં
વન વદને ન્હીલાયલે દૃગ્જળ ગળતો દડવડે.

(રાજા આગળ જતાં એક વેલ જોઈ) અહા, આ વેલને એક પણ ફૂલ નથી, તોપણ મને એ કેમ પ્રિય લાગતી હશે? હાં હાં, જાણ્યું. એમાં મારું મન રમે એ યોગ્ય જ છે.

[શાર્દૂલવિક્રીડિત.]

ટીશી આ જળબાની, શું અધર એ ધોવાયલો આંસુએ?
હૂલી ફૂલ ગયે સૅની શી, અડવી આભૂષણોએ શું એ?
વાગ્યે ભૃંગની ગુંજ શાંત દીસતી, ચિંતાથી શું મૌન એ,
ઝાંખી પાંખી શી તર્જી વર્જી મુજને ચંડી લહું ખિન્ન એ[1]. ૩૮

૧. છેલ્લા ચરણની કઠોરતા તર્જન વર્જનમાં રહેતી કઠોરતાના પ્રતિધ્વનિરૂપ છે.

આ મારી પ્રિયાની નકલ કરનારી વેલને ભેટવાને મારું મન આકર્ષાય છે.

(રાજા આલિંગન દે છે. તે જ ક્ષણે વેલ બદલાઈ ઉર્વશી બની જાય છે.)

(**રાજા** મીંચેલાં નેત્રે સ્પર્શસુખ અનુભવતો) અહાહા, કેવી ટાઢક વળે છે! મારું શરીર જાણે ઉર્વશીનાં જ ગાત્રનો સ્પર્શ અનુભવે છે, પણ મારું અવિશ્વાસિયું મન માનવા ના પાડે છે. ખરે જ

[વંશસ્થ.]

પ્રિયા વિશે પૂર્વ કરું વિતર્ક જે,
ખચીત ખોટો નીવડે ક્ષણે બીજે;
ન તો ઉઘાડું સહસા હું લોચનો.
સજું ભજું આમ જ સ્પર્શ એહનો. ૩૯

પડદા પાછળ ચર્ચરી.)

[લહુઆ.]

ઉમગે મન મમ વેલડી પરસી,
ભુજ ભરીં જ્યમ ઉરવશીં ઉર સરસી.

તો તજી સુરરામાની સમોવડી
શાને મરું ફરી રાને રડવડી?

(રાજા રહેતે રહેતે આંખો ઉઘાડી) સાચે જ આ તો પ્રિયતમા છે!

(ઉર્વ૦ પોતાનાં આંસુ લુછી નાંખી) જય જય, મહારાજ.

(રાજા) અહા

[અનુષ્ટુભ.]

ડૂબી તિમિરમાં તન્વી! વિજોગે ઘડી ધન્ય, કે
ધબી ઝોબે લહે શુદ્ધિ, પામિયો તેમ હું તને! ૪૦

(૩૧. પડદા પાછળ ચર્ચરી.)

[લહુઆ.]

મયૂર, કોયલ, હંસ, રથાંગે,
મધુકર, ગજ, ગિરિ, સરિત, કુરંગે
વીનવીં વળ્યો વિગતે રવડી વન,
નયને જળ ઝરતો તુજ કારણ.

(*ઉર્વ૦) માફ કરજો, મહારાજ, હું કોપને વશ થઈ ને તેને લીધે આપના આવા હાલ થયા. એનો રોસ

ઊતરી જાય અને મહારાજનું મન પ્રસન્ન થાય, એમ હું ઇચ્છું છું.

(*રાજા) પ્રિયે ! તારા દર્શનથી જ મારાં ઇંદ્રિયો અંતઃકરણ અને અંતરાત્મા સૌ પ્રસન્ન થયાં છે. પણ કહે વારું, તું મારા વિના આટલો બધો વખત શું કરતી 'તી ?

(*ઉર્વ૦) સાંભળો, મહારાજ. પૂર્વે કુમાર ભગવાન જાથુનું કુમારવ્રત ધારણ કરી ગંધમાદન વનના આ પવિત્ર ભાગમાં આવીને રહ્યા હતા. તે સમયે તેમણે મર્યાદા બાંધી હતી,

(રાજા) શી ?

(*ઉર્વ૦) કે ' આ ભાગમાં જે સ્ત્રી પગ મૂકશે, તે બદલાઈને વેલ બની જશે; ને તે માજીના પગના અળતાના બનેલા સંગમનીય મણિ વિના એ સ્થિતિમાંથી છૂટવા પામશે નહિ.' એ દૈવી મર્યાદા વીસરી જઈ આ કુમારવનમાં પેસતાં જ હું તો બદલાઈને વાસંતી વેલ બની ગઈ હતી.

(રાજા) બરાબર, બરાબર. બાકી તો

[ગાથા.]

રતિરમઝટના શ્રમમાં નયન ઢળી જતાં જ સોડમાં ય લહે
સો ગાઉ દૂર મુજને, તે તું શે દીર્ઘ વિરહ સહે? ૪૧

પ્રિયે ! તેં જે ફરી મેળાપનું નિમિત્ત કર્યું તે આ મણિ. (બતાવે છે.) એનો પ્રતાપ અબઘડી જોયો.

(*ઉર્વ૦) હાં, હાં, મહારાજે આલિંગન દીધું ને હું હતી તેવી થઈ તે એમાં. (મણિ લેઈ માથે ચઢાવે છે.)

(રાજા) એક ક્ષણભર, સુંદરી, એ મણિ માથે ધરી રાખ.

[ગાથા.]

મુખ તવ નિલવટ પરના મણિના અરુણા પ્રકાશથી છવાયું
ઊગતા રવિના કિરણે રાતા કમળથી લહું સવાયું. ૪૨

(ઉર્વ૦ મણિ પાછો સમર્પતી) મારા મધુર વચનના નાથ! આપણે હવે પાછાં વળિયે. પ્રતિષ્ઠાન છોડયે આપણને બહુ કાળ થયો છે. હું પ્રજાની આંખમાં આવીશ.

(રાજા) જેવી દિવ્ય વ્હાલીની આજ્ઞા.

(ઉર્વ૦) મહારાજ શી રીતે પધારવા માગો છો ?

(રાજા) સુંદરી !

[મંજુભાષિણી.]

ચપળાની ચારુ ફરુકે ધજા અને
સુરચાપનું નવલું તોરણે બને;
વિધ એ વિચિત્ર ઘનના વિમાનમાં
નિજ રાજધાની જ સિધાવિયે હવાં. ૪૩

(૩૨. પડદા પાછળ ચર્ચરી.)

[અવલંબક.]

રોમ રોમ ભર રંગમાં ફરી હંસણીના સંગમાં
મનવેગે ઊડી માનસે હંસ તરુણ વિહરે રસે.

(બંને મેઘના વિમાનમાં સિધાવે છે.)

શબ્દસંગ્રહ.

અગોપ	ગુપ્ત, ન દેખાય તેમ.
અંક	ખોળો.
અંગના	સ્ત્રી.
અંગારક	૧ અંગારો; ૨ મંગળનો ગ્રહ.
અચિંતિત	ઓચિંતું, એકદમ.
અજ	બ્રહ્મા.
અટંતી	ભટકતી.
અડારી (અડાળી)	રકેબી.
અધર	નીચલો હોઠ.
અધિકતર	બહુ વધારે.
અનળ	અગ્નિ.
અનુગ્રહ	મહેરબાની.
અનુમતિ	હા, રજા.
અનુસાર	પ્રમાણે.
અનેરું	ન્યારનું, અસાધારણ, તરેહવાર.
અંતરધાન	અદૃશ્ય થવું તે.
અન્યથા	નહિ તો, બાકી.
અન્યોન્ય	પરસ્પર.

અપરાજિતા	જેના પ્રતાપથી કોઇ પરાજય ન કરી શકે તે.
અપૂર્વ	અસાધારણ.
અબ્જ	(પાણીમાં થનાર) કમળ.
અબ્દ	(વરસતું) વાદળ.
અબ્ધિ	દરિયો.
અભિરામ	સુંદર.
અભિવંદન	નમસ્કાર.
અભિસારિકા	વ્હાલાને સામી મળવા જતી સ્ત્રી.
અભ્યાસ	રટન.
અભ્ર	વાદળ.
અમળ	સ્વચ્છ.
અમોઘ	નિષ્ફળ ન જતું, સફળ બનતું.
અંબુજ	(પાણીમાં થનાર) કમળ.
અરુણ	રાતું.
અરુણું	રાતું.
અર્ઘ્ય	ચંદન, પુષ્પ, અક્ષત આદિ મેળવી સત્કાર માટે આપેલી જળની અંજળી.
અર્ધનારાચ	અર્ધું લ્હોડાનું બનાવેલું તીર.

અલકેશ	(અલકાનગરીના ધણી) કુબેર.
અશોક	આસોપાલવનો ગુચ્છો.
અશ્રુ	આંસુ.
અશ્વ	ઘોડો.
અસબાબ	સાહિત્ય, સામગ્રી.
અસાધ્ય	ફેર પડવાની આશા વગરનો.
અસુ	પ્રાણ.
અસ્તુ	એમ હો, ભલે.
અસ્ત્ર	દેવતાઈ શક્તિનું હથિયાર.
અહીંદ્ર	નાગરાજ.
અહોભાગ્ય	અજબ જેવું સારું ભાગ્ય.
આક્રંદ	કલપાંત.
આચર (ક્રિ.)	કરવું.
આંતર	અંતરનું, મનનું.
આયુષ્માન	'ઘણું જીવો' એવી આશિષને પાત્ર.
આરત	ગરજુપણાની અરજ.
આરતિ	પીડા.
આશાવ (ક્રિ.)	મજરો કરવો.
આર્ત	દૂખિયારો.

આર્યપુત્ર	સસરાનો પુત્ર, સ્વામી.
આલિંગ (ક્રિ.)	ભેટવું.
આશ્રમધર્મવિરુદ્ધ	આશ્રમના અહિંસા ધર્મથી ઊલટું.
ઇંદુ	ચંદ્ર.
ઇષ્ટ	મનગમતું, હિત.
ઉદ્ભવ (ક્રિ.)	નીપજવુ, આવી પડવું.
ઉન્નત	ઉંચું.
ઉન્મત્ત	ઘેલછાવાળું, ઘેલું.
ઉન્માદ	મસ્તપણું, ઘેલછા.
ઉન્માદક	મસ્ત બનાવતું, ગાંડા બનાવતું.
ઉપદ્રવ	ત્રાસ, જુલમી હુમલો.
ઉપમાન	જેની બીજાને ઉપમા અપાય તે.
ઉભય	બે.
ઉર્વી	પૃથ્વી.
ઊરુ	સાથળ.
ઋતુદર્શન	ઋતુપ્રાપ્તિ, માસિક આભડછેટ.
એકછત્ર	એકને જ માથે છત્રપતિપણાનું છત્ર ધરાય છે એવું, સાર્વભૌમ.
એકપુરુષ	પરમપુરુષ, પરમાત્મા.

ઐલ	ઇલાનો પુત્ર, પુરૂરવા.
ઔરસ	પોતાની પરણેલી સ્ત્રીથી જ જન્મેલું.
કટિતટ	મધ્ય ભાગ.
કદળી	કેળ.
कल्याणमस्तु	કલ્યાણ થાઓ.
કવચ	બખ્તર.
કવન	કવિતામાં લખાણ.
કળાધર	(કળાનાં પીછાંવાળો) મોર.
કાકપક્ષ	કાન આગળ અને તાલકા ઉપરના વાળના ગુચ્છા, કાનશિયા.
કાંચન	સોનું.
કાનન	વન.
કામરસ	કામ–પ્રીતિનો આવેશ.
કામી	કામસૂત્રમાં પ્રવીણ, કામકળામાં કુશળ, વિલાસી.
કારંડવ	જળકૂકડો.
કાલિંદી	યમુના.
કિશોર વય	બચપણ.
કુક્ષિ	કૂખ, પોલાણ.

કુમાર	૧ બાળક, ૨ રાજકુમાર, ૩ કાર્તિકેય.
કુમારવ્રત	કુંવારા રહેવાનું, બ્રહ્મચર્યનું વ્રત.
કુરંગ	હરણ.
કુરવક	રાતા કાંટાશળિયાનું ફૂલ.
કૃતાર્થ	જેના સર્વ મનોરથ પૂર્ણ થયા છે એવું, પરમ સુખી.
કૃતિ	રચના, ગ્રંથ.
ક્રમ	પ્રકાર, રીત.
ક્ષોભ	ચિત્તનો આવેશભર્યો ખળભળાટ.
ખંડ	કડકો.
ખગ	પક્ષી.
ગજચર્મધારી	ગજાસુરનું ચામડું ધારણ કરનાર મહાદેવ.
ગંડસ્થળ	લમણો.
ગતિભંગ	ક્યાં જવું તેની સૂઝ વગરનું, દિઙ્મૂઢ.
ગજેન્દ્ર	જેના કુંભસ્થળમાંથી જવાનીનો મદ ઝરે છે એવો ગજરાજ.
ગહ્‌વર	ગુફા, પોલ.
ગિરિ	ડુંગર.
ગોરોચન	ગોરચંદન.

ગોરોચના	ગોરૂંચંદન.
ગ્રહ (ક્રિ.)	ઝાલવું.
ગ્રીષ્માંત	ગરમીની મોસમનો છેડો, બેસતી વરસાદની મોસમ.
ઘન	૧ વાદળ; ૨ ઘટ્ટ.
ચંડી	ક્રોપને વશ સ્ત્રી.
ચપળા	વીજળી.
ચળવિચળ	ચંચળ, ચલાયમાન, આતુર.
ચાપ	કામઠું.
ચારુ	સુંદર.
ચિત્ર	રંગબેરંગી.
ચિત્રિતતુલ્ય	ચિતર્યા સરખું.
ચિંતાચક્ર	ફિકરનો ચાક, ફિકરનો ચગડોળ.
ચિરકાળ	લાંબો વખત.
चिरं जीव	ઘણું જીવજે.
ચૂડામણિ	મુગટનો મણિ.
ચેટકી	ભૂંડી ચેટી, ભૂંડી દાસી.
છટા	શોભા.
છેહ	છેડો, છેવટ.

જઘન	પૂંઠ.
જડ	કશાનું ભાન જેને નથી એવો.
જથારથ	બરાબર લાગુ.
જળાશય	સરોવર.
જાતકર્મ	બાળકના જન્મને લગતો સંસ્કાર.
જાવક	અળતો, પોથીનો રંગ.
જુગ્મ	બે.
ટેઢી	આડી અવળી.
ટેવ (ક્રિ.)	અટકળ કરવો, ધારવું.
તટ	કિનારો, તેડ.
તતખેવ	તરત, ઝડપથી.
તનય	પુત્ર.
તપ્ત	તપાવેલું, તપેલું.
તરુ	ઝાડ.
તરુવર	મોટું ઝાડ.
તર્જ (ક્રિ.)	તિરસ્કાર કરવો.
તાતું	ગરમ ગરમ કરી દેતું, તપ્ત બનાવનારું.
તામરસ	કમળ.
તિમિર	૧ અંધારું; ૨ બેશુદ્ધી.

દક્ષિણ	૧ જમણું; ૨ મીઠાશવાળું; ૩ વિવેકી; ૪ દક્ષિણ દિશાનું.
દંડાગ્ર	દાંડાની ટોચ.
દધી	દરિયો.
દયિતા	વ્હાલી.
દાક્ષિણ્ય	વિવેકભરી મીઠાશ.
દાન	૧ સખાવત; ૧ હાથીના કુંભસ્થળનો મદ.
દારુણ	ભયંકર.
દિનેશ	(દિવસનો સ્વામી) સૂર્ય.
દીર્ઘ	લાંબું.
દુર્વિરહ	ભૂંડો વિજોગ.
દૂર્વામય	ધ્રોનું.
દૂષિત	મેલું, ઝાંખું.
દગ	આંખ.
દગ્જળ	આંસુ.
દેવ	મહારાજ.
દેવર્ષિ	સ્વર્ગના ઋષિ.
દેવી	મહારાણી.
દૈવી	દેવતાઈ.

ધરણિધર	રાજા.
ધરા	પૃથ્વી.
ધર્મ	લક્ષણ, ખાસિયત.
ધર્માસન	ઇનસાફની ગાદી.
ધુરા	ધૂંસરી.
ધૂપશુદ્ધ	ધૂપ દેઈ શુદ્ધ કરેલું.
ધ્રુવ	અચળ, કાયમ.
નક્ષત્રનાથ	ચંદ્ર.
નગ	ડુંગર.
નડતી	પીડા, નડતર.
નભ	આકાશ.
નમો નમઃ	વારંવાર નમસ્કાર.
નમો નમસ્ત.	તને ફરી ફરી નમસ્કાર.
નલિની	કમળનો છોડ.
નાટચ	હાવભાવ ભજવવાની કળા.
નાણ (ક્રિ.)	મનથી સમજવું, નિર્ધારવું.
નારાચ	લ્હોડાનું બાણ.
નાલ	કમળનો દાંડો.
નિઃશ્વાસ	નીસાસો.

નિકટ	પાસે.
નિતંબ	પૂંઠ.
નિર્ઝર	ઝરણું.
નિર્મુખ	જેણે મ્હો આડું ફેરવ્યું છે એવો.
નિલવટ	કપાળ.
નિવેદન	જણાવવું તે.
નિશા	રાત.
નિશાચર	રાક્ષસ.
નીલ	ઘેરું લીલું.
નીલકંઠ	(ભૂરા રંગની ડોકવાળો) મોર.
નૃત્ત	નાચ.
નેવર	પગનું એક ઘરેણું, નેપૂર.
નૈશી	રાતની, રાતના પહોરની.
પંકજ	(કાદવમાં થનાર) કમળ.
પય	દૂધ.
પરમેશ્વરી	પાર્વતી.
પરાગ	ફૂલની અંદરની ખુશબોદાર ભૂકી.
પાકશાળા	રસોડું.
પાઠ્ય	બોલવાનું.

પારિપાર્શ્વિક	વડો નટ.
પાશ	ફાંસો, બંધન.
પિતામહ	બાપનો બાપ.
પીન	જાડું.
પુણ્ય	પવિત્ર.
પુત્રવતી	દીકરાની મા.
પુરાણ	જૂનું ખંખ.
પુરુષ	૧ માણુસ, ૨ મરદ, ૩ આત્મા.
પુષ્ટ.	જાડું.
પુષ્પસંતાન	૧ ફૂલનો ફાલ; ૨ ફૂલ જેવાં બાળબચ્ચાં.
પુષ્પો પ્રસવંત માસ	વસંતઋતુ.
પૂરવ વય	જવાની.
પૌત્ર	દીકરાનો દીકરો.
પ્રકોપ	ભારે ગુસ્સો.
પ્રણિપત	પગે પડવું તે.
પ્રતિશબ્દ	પડઘો.
પ્રભાવ	દેવતાઈ શક્તિ.
પ્રભુ	સ્વામી, રાજા.
પ્રભુતા	પ્રતાપ.

પ્રમદવન	રણુવાસને લગતો બાગ.
પ્રયોગ	ખેલ.
પ્રવૃત્તિ	કામકાજ.
પ્રસવંત	નીપજાવતો.
પ્રિયપ્રસાદન	વ્હાલાને રીઝવવો તે.
પ્રૌઢી	મોટી, ગંજાવર, જંગી.
બહુવ (ક્રિ.)	વહેવરાવવું.
બિસ	કમળનો દાંડો.
બીચ	વચ્ચે.
ભગવતી	પવિત્ર, પૂજવા લાયક સ્ત્રી.
ભગવાન	પુણ્યશાળી, પૂજવા લાયક પુરૂષ.
ભદ્રાસન	સિંહાસન.
ભર્તા	વર, સ્વામી.
ભવન	ઘર.
ભવ્ય	ભાગ્યશાળી.
ભાગીરથી	ગંગા.
ભામા	સ્ત્રી.
ભાવી	ભવિષ્ય.
ભીતિ	ભય.

ભીરુ	બ્હીકણું.
ભુવન	દુનિયાં.
ભૂ	પૃથ્વી.
ભૂધર	૧ ડુંગર; ૨ રાજા.
ભૃંગ	ભમરો.
ભેદ (ક્રિ.)	છીંડું પાડવું.
ભ્રમણ	ચકર ચકર ફરવું તે.
ભ્રૂ	ભંમર.
મઘવા	ઇંદ્ર.
મંજુલ	સુંદર, રૂડું.
મદન	કામદેવ.
મદાંધા	મદથી આંધળી.
મધુ	વસંત.
મધુકર	ભમરો.
મધુકરી	૧ ભમરી; ૨ ભમરાની વૃત્તિ, માધુગરી.
મધુપ	(ફૂલનું મધ પીનાર) ભમરો.
મધુલક્ષ્મી	વસંતની શોભા.
મધુશ્રી	વસંતની શોભા.
મધ્યમલોકપાલ	પૃથ્વીનો રાજા.

મનથી માન્યું	૧ વ્હાલું; ૨ કલ્પનામય.
મનમથ	કામદેવ.
મનસ્વિની	તેજ મિજાજની ટેકીલી સ્ત્રી.
મનોજ	(મનમાં જેનો જન્મ છે એવો) કામદેવ.
મનોરમ	મનને આનંદ ઉપજાવનાર.
મંદાર	એક દેવવૃક્ષ.
મર્ત્યલોક	મનુષ્યલોક, પૃથ્વી.
મર્યાદા	નિયમ, ઠરાવ.
મલયજ	ચંદન.
મહર્ષિ	મહાન ઋષિ.
મહિલા	સ્ત્રી.
મહી	પૃથ્વી.
મહીપ	રાજા.
મહીવિમાન	પૃથ્વી ઉપર છતાં આકાશમાં ઉંચો વધ્યો હોવાથી વિમાન જેવો દેખાતો.
મહેન્દ્ર	મહાન ઇંદ્ર.
મહેશ	મહાદેવ.
માઘી	(માઘ મહિનાની) કુંદની વેલ.
માધવી	(ચૈત્ર મહિનાની) મોગરાની વેલ.

માનસ	માન સરોવર.
માનિની	રીસાયલી સ્ત્રી.
માર	(મોહ લગાડી પ્રાણ લેનાર) કામદેવ.
માસ	મોસમ, ઋતુ.
મિષ	બ્હાનું.
મુખ	આગળ પડતો ભાગ.
મુમુક્ષુ	મોક્ષ મેળવવા ઇચ્છનાર.
મૂર્ત	સ્થૂળ દેહ ધારણ કરતું.
મૃદુ	મધુર, સુકુમાર.
મોદ	આનંદ.
મૌલિમણિ	મુગટનું રત્ન, ચૂડામણિ.
યજ્ઞોપવીત	જનોઈ.
યાગ	દર્શપૌર્ણમાસાદિ ઇષ્ટિ.
યામિની	રાત.
ફેર યુત	યુક્ત, સહિત.
યુવતિ	જવાન સ્ત્રી.
યથ	(હાથણીનું) ટોળું.
યૌવરાજ્ય	યુવરાજની પદવી.
રજ	ફૂલની અંદરની સુગંધદાર ભૂકી, પરાગ.

રજનિ રજની	રાત.
રણુસહાય	યુદ્ધમાં મદદગાર.
રતિ	૧ સ્હે લાગવી તે, પ્રીતિ; ૨ રંગ.
રતિમાન	પ્રેમી.
રતિરંગ	પ્રીતિના વિલાસ.
રથક્ષોભ	રથનો હેલો.
રથાંગ	ચકવો.
રમણી	સુંદર સ્ત્રી.
રવ	ઝીણો અવાજ.
રસ (ક્રિ.)	અવાજ કરવો.
રસના	કંદોરો.
રાગ	પ્રેમની લગની.
રાગાંકુર	પ્રેમના ફણગો.
રાગી.	રસિયો.
રાજર્ષિ	ઋષિ જેવો માનપાત્ર રાજા.
રિપુ	દુશ્મન.
રેણુ	રાત.
રોમાંકુર	રૂવાં ઊભાં થવાં તે.

લક્ષ્મી	શોભા.
લતા	વેલ.
લવ	કડકો..
લવલીદલ	લવલીનું પાંદડું.
લુબ્ધ	જેનું ચિત્ત લોભાયલું છે એવો.
વંશવૃદ્ધિકર	વંશ લંબાવનાર.
વજ્રી	(વજ્રધારી) ઇંદ્ર.
વણુરસ	[1]ખરા ભાવ વગર, [2]પાણી–તેજ વગર.
વધ્ય	મોતની સજાને લાયક.
વનકટી	વનની ઝાડી.
વનિતા	સ્ત્રી.
વંદના	નમસ્કાર.
વરતમ	ઉત્તમ.
વરાહ	ડુક્કર, સૂવર.
વર્જે (ક્રિ.)	તજી દેવું.
વર્તુલ	કૂંડાળું.
વર્ષાસૂચક	વરસાદની મોસમ બેઠાની ખબર આપતું.
વાતાસ્ત્ર	વાયુના મંત્રનું અસ્ત્ર.
વાત્સલ્ય	પુત્ર પ્રત્યે માબાપનું હેત.

વામ (ક્રિ.)	૧ નાંખી દેવું, ૨ખોઈ નાંખવું.
વામા	સ્ત્રી.
વારણુ	હાથી.
વાસંતી	મોગરાની વેલ.
વિકળ	બાવરું.
વિક્રમ	પરાક્રમ, શૂરાતન.
વિચર (ક્રિ.)	ફરવું, જવું.
વિજ્ઞાપના	વિનંતી, અરજ.
વિતર્ક	કલ્પના.
વિદ્યાધર	દેવ ને મનુષ્યના વચલા ગાળાની સૃષ્ટિ.
વિદ્યુત	વિજળી.
વિધુર	દૂખિયારું.
વિપદ	આફત.
વિરમ (ક્રિ.)	બંધ પડવું.
વિલોક (ક્રિ.)	જોવું.
વિષમ	વસમું, એકીવાળું.
વિષમશર	કામદેવ.
વિષય	રૂપ, રસ, શબ્દ, સ્પર્શ ને ગંધ.

વિહંગમ	પક્ષી.
વિહર (ક્રિ.)	વિહાર કરવો.
વિહારિણી	વિહાર કરનારી.
વિહ્વળ	વ્યાકુળ.
વીંખાતું	અવ્યવસ્થિત પથરાતું.
વૃંદ.	ટોળું, જથ્થો.
વેગાનિલ	(રથની) ગતિને લીધે પ્રગટેલો પવન.
વેદના અભ્યાસે જડ	વેદના રટનમાં એવો તો એકાગ્ર કે બીજા કશાનું ભાન ન રહે.
વેદાંત	ઉપનિષદ.
વેલ	હાથીને બહુ ભાવતી એક વનસ્પતિ, શલકી.
વૈજયંતી	પંચરંગી ઢીંચણ સુધીની માળા.
વૈતાલિક	દરબારી સ્તુતિપાઠક.
વેહ / વ્હે	વિજોગ.
શચી	ઇંદ્રાણી.
શતગુરૂ	સોગણું.

શતધા	સો પ્રકારે, સોગણું.
શંભુ	૧ કલ્યાણકારી; ૨ મહાદેવ.
શર	તીર.
શલ્ય	૧ બાણોકું; ૨ સાલ, દુઃખ.
શશિમણિ	ચંદ્રકાન્ત.
શાસન	સજા કરવી તે.
શિખરિણી	દહીં, દૂધ, ખાંડ, ફળાં વગેરેની એક-જાતની બનાવટ.
શીળું	૧ ટાઢું; ૨ બાળે નહિ એવું.
શુકન	૧ થનાર વાતની આગમચથી ચેતવણી; ૨ બોલ.
શૈત્ય	ટાઢક, શીતળતા.
શ્યામ	ઘેરું લીલું, લીલુંછમ.
શ્રમ	થાક.
શ્રી	૧ લક્ષ્મી; ૨ શોભા.
સંહર (ક્રિ.)	પૂરેપૂરો નાશ કરવો, મૂળમાંથી મટાડવું.
સઘન	ભરાવવાળું, ભારે.
સંગીત	ગાવું બજાવવું ને નાચવું.

સંજ્ઞા.	નામ.
સત્કુલતંતુ	સત્પુત્ર.
સંતાન	પુત્ર પુત્રી.
સંનિધાન	હાજરી.
સબળ	મજબૂત, અત્યંત.
સમાનતા	સરખાપણું.
સમિધ	અગ્નિમાં હોમવા લાયક વનસ્પતિના કકડા.
સમેત	સહિત, સાથે.
સહજ	જન્મસિદ્ધ, સ્વાભાવિક.
સહધર્મચારિણી	પત્ની, ધર્મપત્ની.
સાહજિક	જાતુની, સ્વાભાવિક.
સિતાંબર	ધોળું વસ્ત્ર.
સુકુમાર	નાજુક.
સુદર્શના	રૂપાળી સ્ત્રી.
સુમન	ફૂલ.
સુર.	દેવ.
સુરધનુષ	મેઘધનુષ.

સુરરાજ	(દેવોનો રાજા) ઇંદ્ર.
સુરા	દારૂ.
સુરાપરાધી	દેવનો ગુન્હેગાર.
સુરારિ	(દેવનો શત્રુ) અસુર.
સુવૃત્તિ	રૂડી સાત્ત્વિક વૃત્તિ.
સેવ્ય	માલિક, ધણી.
સોંત (ક્રિ.)	સમાપ્ત થવું, સમાવું.
સ્કંધ	ખંભો.
સ્થિતિ	૧ લોકસંગ્રહ, સંરક્ષણ; ૨ સુનીતિ, સારી રીતભાત; ૩ સ્થિરતા, અચળપણું; ૪ ભરતીની મર્યાદા.
સૌમ્ય	બુધ.
સ્ફુર (ક્રિ.)	ફોરવું, પ્રગટાવવું.
સ્મરાવ. (ક્રિ.)	યાદ દેવરાવવું.
સ્રવ (ક્રિ.)	ઝરવું, ટપકવું.
સ્વગત	મનમાં.
સ્વન	શબ્દ.
સ્વર્ગસુંદરી	અપ્સરા.

સ્વસ્તિવાચન	વ્રત પૂજનને અંગે બ્રાહ્મણને જે સિદ્ધ કે પક્વ અન્ન દાનમાં આપે છે તે.
સ્વાધિકાર	પોતાનું કામ.
સ્હેજ	લગાર.
હત	હણેલું, મારેલું.
હરચૂડામણિ	મહાદેવના માથાના મણિરૂપ ચંદ્ર.
હરિ	૧ ઇંદ્ર, ૨ સિંહ.
હરિચંદન	પાંચ દેવવૃક્ષમાંનું એક.
	મનોહર, સુંદર.
હૃદયનું શલ્ય	અંતરમાં સાલતું દુઃખ

Works by K. H. Dhruva, B. A.

Mudrarakshasa.

(Gujarati Translation.)

2nd Edition, 1901.

Price Re. 1.

The work is embellished with an introductory preface, which is a study in comparative history itself. The data on which he (i.e. Mr. Dhruva) bases the period during which the Natak was composed as being the latter part (third quarter) of the sixth century, after ransacking and collecting the verious ancient works Buddhists, Sanskrit, Chinese, works on Numismatics and Epigraphy, furnish a treat in themselves, and compel admiration for an Eastern scholar who

has thoroughly assimilated the lines of research work followed by Western savants.........We would strongly recommend all Indian scholars to procure a copy and go through it, as *they would find there much that is new, much that would delight their literary conscience.*

Modern Review IV. 1, July, 1908.

Amarusataka.

(Sanskrit Text and Gujarati translation)

3rd Edition, 1910

Price Re. 1.

This is a *Samasloki* translation of the famous *Shatak* of Amaru into Gujarati The preface and the illustrative notes ......are the best portions of the book; the former shews that the writer is bubbling over with an intimate know-

ledge of ancient history.........and the latter shew what a master of *Alankar Shastra* he makes himself out to be The words in which he sums up the characteristics of a commentary called the *Rasika—Samjivani* on the original...... are in every way applicable to him, *viz.* "*that the commentary is sufficient to show the wide extent, the depth and the accuracy of the knowledge (scholarship) of its author*".

Modern Review IX. 3, March, 1911.

VIKRAMORVASIYA.

(Gujarati Translation.)

2nd Edition, 1912.

Price As. 8.

It is a little brochure, this translation. *The attempt is worthy of praise.*

Modern Review I. 2, February, 1907

કેશવલાલ હર્ષદરાય ધ્રુવે પ્રસિદ્ધ કરેલાં
પુસ્તકો.

श्रीमद्-विशाखदत्त-विरचित

मुद्राराक्षस नाटक.

સંસ્કૃત મૂળ ઇંગ્રેજી ટીકા સાથે.

પ્રથમ આવૃત્તિ, ઈ.સ.૧૯૦૦

મૂલ્ય રૂ. ૩॥

ग्रंथ आह्मीं समग्र वाचून पाहिला आहे. आणि तो वाचीत असतां आह्मांस रा. केशवलाल यांच्या नोट्स पाहून बराच अत्यानंद ही झाला. संस्कृत वाङ्मयाचा इतिहास अद्याप पाहिजे तसा कोणी आमच्याकडे लिहिलेला दिसत नाहीं. तथापि कै. ना. न्या. तेलंग, रा रा डा. भांडारकर, कै. प्रि. आपटे इत्यादि गृहस्थांनी या कामीं बराच प्रयत्न केलेला आहे. त्यांतच रा. केशवलाल यांची प्रस्तावना लेखनाचा समावेश करण्यास हरकत दिसत नाहीं. प्रस्तावनेंत कविचरित्र, कविकाल, नाटकस्वरूप, नाटकान्तर्गत पात्रें व

त्यांचे स्वभाव, प्रस्तुत आवृत्तींत योजण्यांत आलेलीं कांहीं वाक्यें, इतर नाट्यग्रंथांत दिसलेले दोष इत्यादिक भाग आला आहे. नोट्सची रचना फारच अवर्णनीय उतरली आहे. अलीकडील विद्यार्थ्यांच्या खऱ्या अडचणी लक्षांत घेऊन ज्या ठिकाणीं काठिण्य आहे असें विद्यार्थ्यांस वाटते त्या त्या भागावर भरपूर टिप्पणी जोडण्यांत आली आहे. बहुतक सर्व श्लोकांचे इंग्रजींत भाषांतर देण्यांत आलें असून, प्रत्येक श्लोकांत असलेले अलंकार, वृत्तें इत्यादि सर्व गोष्टी जेथच्या तेथें नमूद करण्यांत आल्या आहेत. कित्येक ठिकाणीं शब्दावर ही टीपा योजण्यात आल्या आहेत त्या योग्य आहेत. काव्य व नाट्य रहस्य हीं कित्येक ठिकाणीं उत्तम रीतीनें व्यक्त करण्यांत आले आहे. निरनिराळ्या आवृत्ति शोधून निरनिराळीं आढळलेलीं अन्य वाक्यें, पाठांतर वगैरे खालीं जोडण्यांत आलीं आहेत.

ता. ४, ऑक्टोबर, १९०० मुंबई. } इंदुप्रकाश.

'મી. ધ્રુવે...મુદ્રારાક્ષસ ઉપર જે ટીકા કરેલી છે, તે પ્રથમ પંક્તિની ટીકા હોઈને તેઓ એક ઉત્તમ ટીકાકારના માનને પાત્ર થાય છે.' 'તેથી રાજકીય નાટકનું પુનરુજ્જીવન અથવા તો ગૌરવ વધારનાર તરીકે મિ. ધ્રુવને ગણીએ તો તે અતિશયોક્તિ ગણાય નહિ.

'મિ. ધ્રુવે આરંભમાં એક વિદ્વત્તાભરેલી પ્રસ્તાવના લખેલી છે, તેમાં ગ્રંથકર્તાએ કવિનો કાળનિર્ણય કરતાં સાહિત્યગ્રંથોનાં આંતર પ્રમાણો આપીને પ્રાચીન ઇતિહાસને બહુ જ અજવાળામાં આણ્યો છે. તે પછી નાટકના વસ્તુ સંબંધે વિવેચન કરતાં તેમાં રહેલો પ્રધાનરસ, ભાવ તથા પાત્રસંકલના સંબંધે વિવેચન કર્યું છે. પાત્રો વિશે કરેલું વિવેચન વિદ્યાર્થીઓને બહુ જ મનનીય છે. તે પછી બ્રાહ્મણપાત્ર ચાણક્યના સંબંધમાં વિવેચન કરેલું છે, જેમાં ચાણક્યના લખેલા બીજા ગ્રંથોને પણ મિ. ધ્રુવે અજવાળામાં આણ્યા છે. આ રીતે બહુ જ વિદ્વત્તાવાળી પ્રસ્તાવના પૂર્ણ થાય છે.[૫] 'ત્યારપછી મુદ્રારાક્ષસની આવૃત્તિમાં આપેલાં પ્રમાણો માટે મિ. ધ્રુવે જે જે ગ્રંથો જોયા છે તેમનાં નામની એક મોટી યાદી આપેલી છે. તે ગ્રંથો તરફ અને ટીકામાં આપેલાં તે તે ગ્રંથોનાં વચનો તરફ જોતાં મિ. ધ્રુવનો

પરિશ્રમ ખરેખર પ્રશંસાપાત્ર છે. જેમ સંસ્કૃત પદોની સિદ્ધિ પાણિનિનાં સૂત્રોથી કરવામાં આવી છે, તેમ જ પ્રાકૃત પદોની સિદ્ધિ પ્રાકૃત વ્યાકરણનાં સૂત્રોથી તથા પ્રાકૃત ગ્રંથોનાં પ્રમાણોથી આપી છે. ગ્રંથને અંતે નાટ્યના ત્રિવર્ગ, પ્રકૃતિપંચક, કાર્યાવસ્થાપંચક, સંધિપંચક, અને નાટ્યનાં ચોસઠ અંગોનું વિવેચન કરતાં તે તે વિષયો છે અને તેનો આરંભ કયા કયા સ્થળેથી થાય છે તે પણ સ્થળના નિર્દેશપૂર્વક દેખાડ્યું છે, જે વિદ્યાર્થીઓને જ નહીં પરંતુ વિદ્વાનોને પણ મનન કરવા જેવું છે;

જાનેવારી, સન ૧૯૦૧ }
મુંબઈ. } સમાલોચક.

મુદ્રારાક્ષસ નાટક.

નવી આવૃત્તિ, ઈ. સ. ૧૯૦૮

મૂલ્ય રૂ. ૧.

અનુવાદમાં પ્રૌઢતા સાથે અર્થની સુગમતા બહુ સારી જળવાઈ છે . ...સમશ્લોકી રચનામાં સર્વ અર્થ ...લેવ-વવાનું કાર્ય કઠણ હોવા છતાં રા. કેશવલાલે તે કુશળતાથી સિદ્ધ કર્યું છે..........ગદ્ય શૈલી પણ ગૌરવ સાથે સરળતાવાળી છે. પ્રસ્તાવના....વિદ્વત્તાથી પૂર્ણ છે.

સર્વાંશે આ અનુવાદથી જેમ મૂળ નાટકની બહુ સારી પિછાન મળે છે, તેમ જ સ્વતંત્ર પુસ્તક તરીકે પણ તે ઊંચી રસવત્તા અને શિષ્ટતાવાળું છે.

માર્ચ, ઇ. સ. ૧૯૧૧ }
અમદાવાદ. } જ્ઞાનસુધા પુ. ૨૫. અં. ૩.

અમરૂશતક.

સંસ્કૃત મૂળ સહિત.

ત્રીજી આવૃત્તિ, ઇ.સ. ૧૯૧૦.

મૂલ્ય રૂ. ૧.

'રા. કેશવલાલે સાભિપ્રાય ભાષાંતરની પદ્ધતિને અનુસરી આ ભાષાંતર રચ્યું છે...તેમણે શોધક બુદ્ધિથી જે જે સ્થાને (મૂળ સંસ્કૃત પાઠમાં) સુધારા શોધી લીધા છે, કે પોતેોની રસિકતાને આધારે યોજ્યા છે, તે સર્વથા ઔચિત્યાનુસાર છે.. ભાષાંતરકારની ઉચ્ચ રસજ્ઞતા એવી છે, કે તેમના હૃદયના સંસ્કારથી ઘણેક ઠેકાણે મૂળમાં નહિ એવી ખુબીઓ પણ આવી ગઈ છે...**ભાષાંતર બહુ ઉત્તમ છે.**

ભાષા શુદ્ધ સંસ્કારવાળી છે...ભાષાંતરકારે... અતિ ઉત્તમ ટીકા પદ્યો સાથે જોડી છે, તે બહુ બોધદાયક અને રસિક છે.

ફેબ્રુઆરી, ઇ. સ. ૧૮૭૩. } સુદર્શન; પુ. ૮, અં. ૫
નડિયાદ.

ગીતગોવિંદ.

આવૃત્તિ ત્રીજી, ઇ.સ. ૧૯૧૨.

મૂલ્ય રૂ. ૧.

'રા. કેશવલાલના ભાષાંતરની સવિસ્તર સ્તુતિ ન કરતાં અત્રે એટલું જ કહેવું બસ થશે, કે આવું રસિક અને યથાર્થ ભાષાંતર અન્ય વિદ્વાનથી થઈ શકત નહિ.' 'એમણે રચેલાં સર્વ ભાષાંતરો ઉત્તમ છે, અને તે ઉપર યોજેલી એમની ટીકા પણ વિદ્વત્તા ભરેલી અને કાવ્યનું મર્મ સમજાવવામાં અતિ ઉપયોગી છે, એમાં કંઈ સંશય જેવું નથી.'

મે, સન ૧૮૯૬, } સુદર્શન પુ. ૧૧, અં. ૮.
નડિયાદ.

ગીત ગોવિંદનું ભાષાંતર તે ભાષાંતર નહિ પણ ગુજરાતીમાં

લખાયલું ગીતગોવિંદ છે રા. કેશવલાલના અનુવાદમાં દોષ કાઢવા એ દૂધમાંથી પોરા શોધવા જેવું છે. વાણી મધુર અને પ્રાચીન કાવ્યોના અભ્યાસે પ્રાચીન કવિઓના જેવી છે. રાગ...માં ઉતારેલું પદ્ય વધારે માધુર્ય ઉત્પન્ન કરે છે રા. કેશવલાલનું ગીતગોવિંદ કાવ્ય ગુજરાતી ભાષામાં થયેલા ભાષાંતરોમાં સર્વથી શ્રેષ્ઠ પદે વિરાજે છે.'

જુલાઈ, સન ૧૮૯૭, } સમાલોચક.
મુંબઈ. }

ગીતગોવિન્દનો રસાસ્વાદ ગુજરાતી ભાષામાં આપવાનો કર્તાનો યત્ન અસાધારણ રીતે સફળ છે.'' 'સંસ્કૃતના આરૂઢ અભ્યાસીને પણ મૂળ **ગીતગોવિન્દ** જેટલું સરળ ન લાગે તેટલું રા. કેશવલાલે ગુજરાતીમાં પાડેલું તે ગ્રંથનું પ્રતિબિંબ મનોરમ અને રસપ્રદ છે.' 'બીજી આવૃત્તિમાં કરેલા ફેરફાર ઉપર વિવેચન બુદ્ધિથી નજર નાંખતાં રા [illegible]વલાલની કાવ્યપરીક્ષાની શક્તિને માટે......આપણો વિચાર ઉંચા કોટિએ પહોંચે છે. સંસ્કૃત " કવિતા " ના ગુજરાતી " કવિતા " માં ભાષાંતરની સફળતા એ સંસ્કૃતનું પરિપૂર્ણ જ્ઞાન, ગુજરાતી ઉપર પૂર્ણ અમલ, અને કાવ્યપરીક્ષાના ઘણા ઝીણા પ્રશ્નોનું મનોહારી સમાધાન કરવાની

શક્તિની પરિસીમા સૂચવે છે; અને રા. કેશવલાલની પરિસીમાએ પહોચેલી અનેકવિધ શક્તિ જ તેમના ભાષાંતરને ગુજરાતીમાં શ્રેષ્ઠ ભાષાંતરની પદવી અપાવે છે.' 'મૂળ **ગીતગોવિન્દ**ની રમણીયતા આવર્તને આવર્તને રા. કેશવલાલ જેવા સહૃદય અને પરીક્ષક કવિભક્તના મનમાં નવી નવી નવીનતા ધારણ કરે એ કેવળ સ્વાભાવિક છે. સર્વ ફેરફારો સાર્થક અને રસની નિષ્પત્તિમાં ઉમેરો કરનાર જ લાગે છે અને લાગશે; મૂળની રમણીયતાની અખૂટ ગંભીરતા આગળ અને છાયાની પણ તેવી જ રમણીયતા અને તેની પાછળ રહેલી નાનાવિધ અચિંત્ય શક્તિ આગળ વિવેચનકારની દોષબુદ્ધિ કુંઠિત થાય છે અને થશે રા. કેશવલાલ જેવા રસપરીક્ષક અને સંગીન વિદ્વાનને હાથે વખણાયલાં પ્રતિબંબોની અમે આ ઉત્તમ સફળતા ગણિયે છિયે, અને તે મહાશયને ભાષાંતરકાર તરીકે સર્વથા કૃતકૃત્ય માનિયે છિયે.'

જાન્યુઆરી–માર્ચ, ઈ. સ. ૧૯૦૪, મુંબઈ. } સમાલોચક; પુ. ૯, અં. ૧